સદેવન્ત સાવળીંગા.



પ્રેમ વિજય પ્રેસ. અમદાવાદ

અસલ મોટી

સદેવંત સાવળીંગા

ની આઠ ભવની વાર્તા.

છપાવી [illegible] દ્ધ કરનાર,

[illegible] ુકસે [illegible] મંગળ [illegible] સ જોઈતારામ શાહ

રી [illegible] રોડ—અમદાવાદ.

પ્રત [illegible]૦૦૦ — આવૃત્તિ ૧૨ મી.

સને ૧૯૨૮ — સંવત ૧૯૮૪

ધી આનંદ પ્રીન્ટીંગ પ્રેસ [illegible] ચીમનલાલ જીવરામે છાપ્યું.
ઘીકાંટા સીવીલહૉ [illegible] લ પાસે—અમદાવાદ.

કીંમત આઠ આના


સહેવંત સાવળીંગાની વાર્તા

॥ શ્રી ગણેશાય નમઃ ॥ શ્રી શારદાએ નમઃ ॥ શ્રી ગુરૂભ્યો નમ

દોહરો—સમરૂ દેવી શારદાને, વળી ગણપત લાગુ પાય અવી ચળ વાણી આપજોરે મારી જીભલડીએ જશ થાય ૧ ગુરૂ નામસેં ગોવીંદ મીલે, ગુરૂ ચરણકી આશ; ગુરૂ નામકો સ્મરણ કરૂ. હોવે રોગકો નાશ ૨ ગુરુ નામસે ગોવીંદ મીલે હોવે કારજ સીધ ગુરૂ નામકા સ્મરણ કરૂ; મળે સીધ નવનીધ, ૩ ગુરૂ નામસે ગોવીંદ મીલે, જુલે કરમ સંજોગ; ગુરૂ નામકો સમરણ કરૂ, મળે સુંદર સુખ ભોગ. ૪ ગુરૂ નામસે ગોવિંદ મીલે, મીલે વૈકુંઠકો ધામ; ગુરૂ નામકો સમરણ કરૂ હોવે મહાબળ કામ. ૫

દોહરો—એક સમે શીવ પારવતી, કઇલાસ વનમાં જાય અસંખ્ય જુગતી જોઇ વાવડીને વળી તેની જોને માંય. ૬.

એક દીવસને સમે મહાદેવ અને પારવતી કૈલાસને વિશે બેઠા છે તે સમે પારવતીએ શીવને કહ્યું કે હે ભોળાનાથ તમે મને પુર્વ, પશ્ચિમ, ઉત્તર, દક્ષિણ ભણીના સર્વ દેશો ને તમામ વનની પ્રદક્ષિણા કરાવી છે. પણ આ ઇશાન ખુણાના પર્વત તથા વન જે ધોળાગર કહેવાય છે, તે નથી દેખાડયાં માટે તે મને દેખાડો ને તે જોવાની મારી ઘણી ઇચ્છા છે તે સાંભળી શીવ કહે છે હે પારવતી એ વનમાં શું જોવું છે વનમા તો પાણી ને પીશાણ વિના બીજું કાઇ નથી, માટે હું તો તપ મુકીને નહી આવું. પારવતીએ કહ્યું જો તમે ના કહેશો તો હું અલોપ થઇ જાઇશ ત્યારે શીવે કહ્યું જો તું વનમા આવીને ત્યા





















નાના પ્રકારનાં ઝાડ, ફુલ, ને જનાવરમાં ચમત્કાર જોઇ હઠ કરીશ તો? પારવતીએ કહ્યું કે મહારાજ વગડામાં તે શું જોઇ હઠ કરીશ. માટે ચાલો મારે તો કાંઇ હઠ કરવી નથી એમ કહી મહાદેવ અને પારવતી એ વન વિષે ચાલ્યાં જાય છે જ્યાં મધ્ય ભાગે ગયાં એટલે નાના પ્રકારની ફુલની વાડીઓ ને પરથમથી ઝરણ પ્રવાહ ખળખળ વહે જાય છે અનેક પ્રકારનાં પક્ષીઓ ઝીણે સ્વરે ગાયન કરે છે અને ત્યાં સુગંધીદાર જે પવન તે પણ મંદમંદ વાય છે તેવું રમણીક વન જોઇ પારવતી અંતર વિષે આનંદ પામી શીવને કહે છે કે મહારાજ આ જગા ઘણી અલૌકીક દેખાય છે, પણ જ્યાંથી આ પવન ઘણો ઠંડો આવે છે ત્યાં પાણી હશે ખરૂં નહી તો આવી ઠંડી લેહેર આવે નહી તે સાંભળી શીવ કહે છે કે અહીં અસંખ્ય જુગની નાળીએરી વાવ છે ને તે વાવ્યને ત્રણસેં ને સાઠ તો પગથીઆં છે એવી મહા મોટી વાવ્ય છે, તેનું પાણી કોઇ ગંગાના નિર્મળ નીર જેવું છે ત્યારે પારવતી કહે કે મહારાજ મને તે વાવ્ય દેખાડો કે તેની માહે ઠંડકમાં આપણે જઈ બે ઘડી બેસીએ તે સાંભળી મહાદેવ પારવતીને લઇ તે વાવ્ય ભણી ચાલ્યા, અને વાવ્ય આવી એટલે કહે છે કે જો વાવ્ય આવી તે વાવ્ય જોઈ પારવતી ઘણી ખુશી થઇ તે વાવ્યમાં જઈ બેઠાં અને શીવને કહે છે, કે હે મહારાજ આ વાવ્યમાં જઇને તેમાંથી પાણી ભરી લાવી મને પાઓ ત્યારે શીવે કહ્યું કે, હે પારવતી આપણે જળપાત્ર આસન ઉપર ભુલીને આવ્યાં છીએ, માટે તને પાણી શેમાં લાવીને આપું? પારવતી કહે, ગમે તેમ કરી મને પાણી લાવી આપો પછી શીવે ત્યાં સાગનાં વૃક્ષનાં પત્ર લઇ તેનો પડીઓ કરીને વાવ્યમાં પાણી ભરવા ગયા, ને ભરી લાવી પારવતીના હાથમાં આપ્યું.

દોહરો—પાત્ર અડધ ભરી લાવીઆને, વળી આપ્યું પારવતીને

હાથ, પોતે ટુવે જેમ પુમડેરે, તેતો ભોળો રે શંભુનાથ. જેમ માતા પોતાના બાળકને તરસ્યું જાણી પુરા પ્રેમથી પુમડે પાણી ટુવે તેવીજ રીતે મહાદેવે ઘણા હેતથી પારવતીને તે પડીઓ આપ્યો. પાણીનો પડીઓ હાથમાં લઇ જેવું પારવતી પીવા જાય છે તેટલામાં ઉંચેથી તે પાણીમાં જનાવરનું પ્રતીબીંબ પડયું તેથી પાણી પીવું બંધ રાખી પારવતી ઉંચે વૃક્ષ ઉપર જનાવરને જુવે છે, એટલે શીવે કહ્યું કે હે પારવતી ! તું જળ પીતી નથી ને જળમાં એવું શું દીઠું કે તું ઉંચું જોઈ રહી છે ? માટે નીચું જોઇ ઝટ પાણી પી લે, એટલે આપણે આસન ઉપર જઇએ તે સાંભળી પારવતી કહે છે મહારાજ, આ જનાવર કેવાં શાંત થઇને બેઠાં છે શીવ કહે એવાં જનાવર તેં નથી જોયાં શું ? એવાં તો વાંદરાં ઘણાં ફરે છે. પારવતી કહે મહારાજ, વાદરાંનાં ટોળે ટોળાં ફરે છે પણ આવાં શાંત થઇને બે જણાં બેઠાં છે તેથી મને લાગે છે કે એ કોઇ ઘણાં સમજુ છે ને તે હાલ શોચનામાં ઉદાસ થઇ બેઠેલાં દેખાય છે તેનું કારણ શું હશે તે મને કહો. ત્યારે મહાદેવ કહે કે હે સ્ત્રી, જો હું તને એની બધી યથારથીત કહું તો છ માસ વીતી જાય ને આપણે તો આસન ઉપર જવું માટે વાર થાય છે તેથી તું ઝટ કર એટલે આપણે જઇએ તે સાંભળી પારવતીને કરોધ ચડયો એટલે પાત્ર હતું તે ફેંકી દઇ માંખનું સ્વરૂપ લઇને પોતે શીવની જટામાં ભરાઈ ગયાં શીવે પારવતીને અલોપ થએલાં જોઇને પોતે ગાંડાતુર જેવા થઇને પોતાની ચોરાશી જોજનની જટા ફેલાવી એક ભુવાની માફક ધુણુવા લાગ્યા, ને પારવતીને ખોળવા મચ્યા, જેમ જેમ પારવતી નથી દેખાતાં, તેમ તેમ વધારે ભમતા ફરે છે.

દોહરો—પાત્ર અડધ ભરી ફેંકીયુંને વળી વળખાં મોરેરે જુગદીશ; પારવતીને કારણેરે, કંઈ ભોળો ધુણાવે શીશ. ૮ પછી છેવટ

હારીને પારવતીને કાલાવાલા કરવા લાગ્યા કે હે તું જે કહીશ તે બધું કરીશ અને તારાથી હું થાક્યો માટે તું મને તારૂં સ્વરૂપ બતાવ એ સાંભળી પારવતી મહાદેવની જટામાંથી નીકળી પાછું પોતાનું સ્વરૂપ લઈ આવી સામાં ઉભા રહ્યાં (શક્તિનું પરીબળ એટલું વધારે કે, જ્યારે સંતાઈ જાય ત્યારે શીવથી પણ જડે નહી) એટલે શીવે કહ્યું કે તું ક્યાં ગઇ હતી આજે હું તને ખોળી ખોળીને થાક્યો ત્યારે પારવતી કહે, હું તો તમારી પાસેને પાસેજ હતી પણ હવે મને એની વાત કહો. શીવ કહે આવી રીતે એના તો છ અવતાર થયા છે. ને હવે સાતમો અવતાર થવાનો છે. પારવતી કહે મને તેના સાતે અવતાર કહો, પછી શીવ સાત અવતાર કહી બતાવે છે.

દોહરો:—કહે ઇશ્વર સુણ પારવતીને, હું અવતારનો સાર; પ્રથમ વિપ્રને બ્રાહ્મણી ને બીજે હરણો હરણી અવતાર. ॥ ૯ ॥

ચોપાઇ:—બીજે થયો અવતાર, ત્રીજે ચકવે ચકવી જાણવી, મોર સુડોને કપીલ. હવે થાશે માનવી ॥ ૧૦ ॥

દોહરો:—છએ અવતાર એમના વિજોગે ગયા, અને હવે સંજોગનું છે કામ; કહે ઇશ્વર સુણ પારવતીને, એમનું અમર રેહેશે જોને નામ. ॥ ૧૧ ॥

એવી રીતે સદાશીવ પારવતીને અવતાર ગણાવીને કહે છે કે મહારાજ આ તમે તો એના છ અવતારનાં નામ કહી બતાવ્યાં પણ તેના અવતાર શી રીતે થયા ને વળી તમે કહો છો કે એમના છ અવતાર વિયોગે ગયા છે તે શાથી વિયોગે ગયા હશે તે વાત બધી કહી બતાવો નહીતો પાછી સંતાઇ જઇશ, શીવ કહે તું સંતાઇ જઇશ નહી, એક વખત સંતાઇને તો આખા વનમાં ધુણી મૂઓ, ને પાછો ક્યાં ધુણતો ફરૂં. માટે તને તેડી લાવ્યો છું તેડવા માટે તું કહીશ તેટલું કરીશ, એમ કહી

શીવ સાતે અવતારની વાત કહી બતાવે છે, ને પારવતી સાંભળે છે. શીવ કહે એ પ્રથમ બ્રાહ્મણ થયો, શરમા જોશીની દીકરી સાથે સગાઇ કરી ને જ્યારે તે બ્રાહ્મણ સાત વરસનો થયો, એટલે કાશીએ ભણવા ગયો. ત્યાં ભણી મહા વિદ્વાન થઇ દ્રવ્ય કમાઇ પાછો પોતાના ઘર ભણી આવવાને ત્યાંથી નીકળ્યો આવતાં આવતાં તેના સસરાના ગામ ઉપર આવ્યો ત્યાં તેની સગાઇ કરેલી કન્યા તે ગામથી અર્ધ ગાઉ વગડામાં વડના વૃક્ષ નીચે છાણ્યું થાપે છે ને પોતાને પીવા સારૂ તુંબડીમાં પાણી ભરી લાવી છે ને પીતાં પીતાં પાશેર પાણી તુંબડીમાં બાકી રહ્યું છે એટલામાં પેલો બ્રાહ્મણ ત્યાં આવી ગોવાળીઆને પુછેછે, કે અહીં કયાંય પાણી મળશે ? ત્યારે ગોવાળીઆએ કહ્યું કે અહીંથી અર્ધ ગાઉ ઉપર ગામ છે ત્યાં તમને પાણી મળશે. નહિ તો પેલા વૃક્ષ નીચે શરમા જોશીની દીકરી છાણ્યા થાપે છે, તે પીવાનું પાણી લાવી હોય ને તેની પાસે પીતાં બાકી રહ્યું હોય તો જુવો. બ્રાહ્મણ તે સાંભળી મનમાં વીચાર કરવા લાગ્યો કે એતો મારો સસરો થાય છે, ને તે પણ મારી સ્ત્રી હશે તેથી જો હું તેને ઓળખાણ આપીશ તો શરમાઇ જશે ને પછી મારી સાથે વાતચીત કરશે નહી, માટે અજાણો થઇ પાણી માગું એમ ધારી પોતે તે સ્ત્રીની પાસે આવી ઉભો. તે સ્ત્રીનું રૂપ જોઇને મહા મોહિત થયો. ને સ્ત્રી પણ તેનું રૂપ જોઈ મોહીત થઇ. પછી બ્રાહ્મણે તેને કહ્યું કે હે સ્ત્રી જો તારી પાસે પાણી હોય તો મને પા, ત્યારે સ્ત્રી કહે કે મહારાજ પાણી હતું પણ મેં પીધું તેથી થોડું રહ્યું છે અને મને પણ તરસ લાગી છે, ને તમને તેથી તમેજ પીઓ એમ અરસપરસ વાત કરતાં તે બંન્નેનાં મન મોહીત થઇ ગયાં છે. ને કોઇથી એ પાણી પીવાતું નથી ને બંન્ને જણ એકએકના ગળામાં હાથ નાખી એક વૃક્ષની નીચે બેઠા એટલામાં પાણી પીધા વીના બંનેના પ્રાણ નીકળી ગયા એવામાં હીરા સેન નામનો રાજા પોતાના મનોરંજન નામના પ્રધાનને લઇ મૃગયા

રમવા નીકળ્યો છે તેમને પાણીની તરસ લાગી છે તે જળ ખોળતા ખોળતા તેજ વડના વૃક્ષ નીચે આવ્યા ને પેલાં બંને જણને જ્યાં અંરસપરસ ગળામાં હાથ નાંખી રાજાએ બેઠેલાં જોઈ પ્રધાનને કહ્યું કે હે પ્રધાન આ બંને જણ કેવાં નીર્લજ છે કે આપણી જરા પણ શરમ રાખતાં નથી, પ્રધાને કહ્યું કે મહારાજ શરમ તે જીવતાને કે મરેલાને એતો બંને મરી ગયાં છે. તે સાંભળી રાજા પ્રધાનને કહે કે તું મહા ચતુર છે તો મને કહે કે એમના પ્રાણ શો રીતે ગયા હશે.

દોહરો—સાંભળ મારા મનરંજનરે, વળી તું છે ચતુર સુજાણ; અહીંઆં પડયાં બે માનવીરે, એમના કેની રીતે ગયા પ્રાણ. ૧૦

ત્યારે પ્રધાને તેઓની પાસે પાણીની તુંબડી પડેલી જોઇ તે ઉપરથી અટકળ બાંધી રાજાને કહે છે;

દોહરો—નીર થોડાં ને રાજા હેત ઘણાં ને વળી પ્રીતોનાં વાગ્યાં જોને બાણ; તું પીરે તું પી કરતાંરે રાજા બેઉના ઉડી ગયા પ્રાણ, ૧૩

હે રાજા પાણી વગર એમના જીવ ગયા છે રાજા તે સાંભળી ઘણો ખુશી થઇ પ્રધાનને સાબાસી આપી અને બંને ગામ ભણી ચાલ્યા પછી એવે સમે મહાદેવ અને પારવતી ત્યાં આવી ચડયાં, એવી વાત મહાદેવ પારવતીને કહે છે એટલામાં પારવતી બોલ્યાં કે મહારાજ આપણે કયારે ગયાં હતાં? મને તો કાંઇ ખબર નથી. મહાદેવ કહે તને શી ખબર હોય, તારા તો કેટલાક અવતાર તો થઇ ગયા છે ને ન માનતી હોય તો જો આ મારી કોટમાં રૂંદમાળ છે એમાં જેટલાં મસ્તક છે એટલા તારા અવતાર થયા, પાર્વતી કહે ઠીક, પણ શું થયું? મહાદેવ કહે તે દહાડે પણ તેં તેમને જાઇ એવી હઠ કરી કે મહારાજ આને તમે સજીવન કરો ત્યારે મેં તને કહ્યું કે તું સજીવન કરાવે છે પણ તેજ આપણને પાછા નડશે ત્યારે તેં કહ્યું મહારાજ

જેને આપણે ગુણ કરીયે તે ... આપણો અવગુણ કરે નહી માટે સજીવન કરો. પછી મેં જટા... કં હતો તેમાંથી અમૃતનું બુંદ લઇ છાંટયું એટલે સજીવન થય... જે તુંબરી ખાલી હતી તે અખંડ જળથી ભરાઇ ગઇ એટલે આપણે અલોપ થઈ ગયાં પછી તે બંને જણે એક એક પ્યાલો પાણી પીધું. પછી ઘણી માયા થઇ એટલે તેમને વિષય થયો તેથી બ્રાહ્મણે તે સ્ત્રીને કહ્યું કે જો આપણે અહીં જંગલમાં રહીયે અને અંધારૂં થાય તો જનાવર આવી મારી નાંખે, માટે કંઇ ઓઠે જઇએ એમ ધારી ગામની ભાગોળે શીવનું દેહેરૂં હતું તેમાં બંને પેઠાં ત્યાં પુજારી પુજા કરી સાંજરે ઘેર ગયો એટલે દેહેરામાં કોઇની વસ્તી રહી નહી, પણ દેરૂં સાંકડું ને વચ્ચે મારી મુર્તિ તેથી તેઓને બેસવાની પણ પુરી જગ્યા નહોતી તો સુઇ શી રીતે રહે પછી શીવલીંગ વચ્ચે હતું તે કામીએ અંધ થઇ ઉખેડી નાંખવા ધર્યું

છપ્પો—કામીને નવ રહે ભાન, કે હું પાપ કરૂં છું; કામીને નવ રહે ભાન, જે હું વણ મોતે મરૂં છું; કામીનું સરે જો કામ, તો પાપને પુન્યજ સુજે; કામીને વાપે કામ તો, દીવસની રાતજ સુજે. તેમ કામી કામે અંધ થઇ, ન મુકે ગરની કે પારકી, મેતી કહે કામને વશ થયો પછી ન જુવે માત બેન કે બાળકી. ॥૧૪॥

તેવીજ રીતે બ્રાહ્મણે કામને વશ થઈ શિવલીંગને હાથેવતે ઉખેડી ફેકી દીધું પછી શીવે પારવતીને કહ્યું જો તું કહેતી હતી કે તે આપણને નહી નડે પણ નડયા ખરા, અને એમણે તો મારી મુર્તી ઉખેડી ફેકી દીધી, ત્યારે પારવતીને રીસ ચડી તેથી કહે કે તમે તમારૂં રૂપ બદલી ધમકાવો પછી મહાદેવે જોગીનો વેશ લીધો ને ઝોળી ઝંડો લઇ દેહેરામાં આવી તેઓને વિષયની તૈયારી હતી તેવામાં જઇ કહે છે કે અરે હરામખોર તમે દેરામાંથી નીકળો નહી તો શ્રાપ દઇશ તે સાંભળી

ગોરા કહે છે કે અહ્યા લંગોટા તારૂ અહીં શું થાકે છે ? તારે સારૂ આ જગ્યા બાંધીને સજ કરી રાખી હશે. એવી રીતે કામમાં અંધળાં થઈ બંને જણાં શીવને મારવા મંડયાં એટલે શીવને મહા ક્રોધ ચડયો અને શ્રાપ દીધો કે તમારા સાત અવતાર વીયોગે જશે અને વીયોગની વાત સાંભળતાંજ બંને જણાં ગાંડાતુર જેવાં થઇ ગયાં. તે ત્યાંથી નાઠાં તે વનમાં ગયાં ને જતાં નદી તીરે એક ગામ આવ્યું એટલે બંને જણ નદી તીરે બેઠાં ને કહે છે કે આપણે કાશીએ જઇ કરવત મુકાવીએ તો આપણો શ્રાપ નીવારણ થાય એવો વીચાર કરે છે એટલે પ્રભાતનો પહોર થયો પછી પેલી સ્ત્રી કહે છે કે મહારાજ તમે ગામમાં જઇ કંઈ લાવો તો ખાઇએ, પછી બ્રાહ્મણ ધરયો ધરયો ગામમાં ગયો ને સ્ત્રી નદીને તીરે બેઠી છે તેવામાં ત્યાં તેજ ગામનો રાજા તેમને વૃક્ષ નીચે સુવેલાં હતા તેજ હીરાસેન ને તેમનો પ્રધાન મનરંજન બંને જણ શીકાર રમવા નીકળ્યા છે તેવામાં પેલી સ્ત્રીને નદી તીરે જોઇ અને તેને દેખી રાજા ઘણો મોહીત થઈ ગયો અને પાસે જઇ સ્ત્રીને કહે છે કે તમે અમારા રાજ્ય દરબારને યોગ્ય છો તમે મારે ઘેર ચાલ્યો જો તમે આવશો તો સારૂ નહી તો જુલમથી પકડી જઇશ સ્ત્રીએ વીચાર કર્યો કે જો હું નહી જાઉં તો જોરાવરથી લઇ જશે, તો મારી મેળેજ જાઉંની પછી રાજાને કહે મહરાજ મારે છ માસનું વરત છે માટે છ માસ પછી તમને વરીશ રાજાએ કહ્યું સારૂ. પછી રાજા પોતે રાણીને લઈ નોખા મહેલમાં રાખીને પોતે શીકાર રમવા ગયા એટલે પેલો બ્રામણ સીધું લઇ નદીએ આવી જુએ તો સ્ત્રીને દીઠી નહી તેથી શોકાતુર થઇ ત્યાં ઘોડાનાં તથા માણસનાં રમઠાં જોતો પગલે રાજદરબારમાં ગયો તો તે રાણી પોતે ઝરૂખામાં બેઠી છે તે જોઇ બ્રામણ સ્ત્રીને કહે છે

દોહરો:—શોધું વસ્તીમાં હલ ડુંગરેને, વળી ભમે નદીઓને તીર, હવેરે મળવું કઠણ થયું ભુંડી પાડ્યો પડયો જંજીર. ૧૬

તે સાંભળી સ્ત્રી બહુ આદરથી કહે છે.

દોહરો:—પ્રીતમ પ્રીત લગાડીને, ઓ વાલા દુર દેશ મત જાવ, રહો અમારા નગરમાંને, વળી અમે આપીએ તે તમે ખાવ, ૧૬

હે પ્રાણનાથ તમે મને મુકી હવે કંઇ જશો નહી હું તમને સીધું પહોંચાડીશ તે તમે ખાઇ મહાદેવની પુજા કરજો પછી રહેતાં રહેતાં લાગ આવેથી આપણે નાસી જઇશું એમ કહી બ્રાહ્મણને ત્યાં રાખ્યો છે હવે બ્રાહ્મણ ત્યાં શીવની પુજા કરે છે ને તેના મેળાપને સારૂ રોજ આશીરવાદને બહાને મહેલ નીચે જાય છે એક દીવસ રાજાએ બ્રાહ્મણ ને જોઇ રાણીને પુછ્યું કે પેલો બ્રાહ્મણ કેમ ફેરો ખાવ છે ત્યારે ઓએ કહ્યુ કે મહારાજ તે આપણે અહીથી સીધું લઇ જાય છે માટે આશીરવાદ દેવા આવે છે પછી રાજા એક દીવસ વાઘના શીકારે જતાં રાણીને કહેતો ગયો કે જો મને આજ વાર લાગે ને હું મોડો આવું તો મારા પછાડી આપણી સ્વારી મોકલજો એમ કહી રાજા શીકારે ગયો ને વાઘના શીકારે ચઢયો તેથી રાત પડી ગઇ એટલે રાણીએ તમામ સ્વારોને હુકમ કરયો કે રાજા હજુ સુધી આવ્યા નથી માટે તમે સૌ રાજાના સામા જાઓ તે સાંભળી તમામ સીપાઇ ઘોડેસ્વાર થઇ રાજાના સામા ગયા ને ગામમાં કોઇ સીપાઈ ન રહ્યા પેલો બ્રાહ્મણ આવ્યો એટલે રાણીએ સાન કરી કહ્યું કે પેલો અફીણી સ્વાર ઘોડે સામાન માંડીને ઉંઘી ગયો તે લઇ અહીં આવ એટલે આપણે જતાં રહીએ આજ કોઇ દરબારમાં નથી પછી પેલો બ્રાહ્મણ ઘોડો લેઇ આવે છે એટલામાં તે દિશાએ જવાનો થયો તેથી પોતે પેલા રાવતને કહ્યું કે ભાઇ આ પેલો અફીણી અફીણના જુસ્સામાં પોતે પોતાનો ઘોડો ઓળખ્યો નહિ તેથી ત્યાં અંધારામાં ઘોડો ઝાલી ઉભો રહ્યો છે એટલામાં તે રાણી ઉતરી નીચે આવી ઘોડાની પાસે જઇ પોતાના બ્રાહ્મણને બદલે અંધારામાં રાવતને

લઈ ચાલી નીકળી તે ।તની રાતમાં પોતે વીસ ગાઉ ગઇ ત્યાં પ્ર-ભાતનો પહોર થયો ને જુવે છે તો રાવત દીઠો પાતે વીચાર કરવા લાગી કે હવે પેલો બ્રાહ્મણ કયાં જશે પણ એને મેં કાશીએ જવાનો વાયદો કર્યો છે માટે ત્યાં જશે ખરો, પણ આને સમજાવું તો કામ થાય એમ ધારી પેલા રાવતને કહે છે કે તમે આવ્યા તે ઠીક થયું હવે આપણે શોખ કરીશું. એવું સાંભળી રાવત મનમાં ખુશી થયો કે, આવી સ્ત્રી મળી અને પછી રાવતને સ્ત્રીએ કહ્યું કે આપણે ભુખ્યા છીએ માટે તમે ગામમાં જઇ સીધું લાવો એટલે આપણે રસોઈ ક-રીએ, એમ કહી રાવતને ગામમાં સીધું લેવા મોકલ્યા પછી તે સ્ત્રી રાવતને મુકી પોતે ઘોડો લઇ ચાલતી થઇ ને પેલો બ્રાહ્મણ પણ દીશાએ જઈ આવી જુવે છે તો ત્યાં રાવત ઘોડો કે રાણી એમાંનું કાંઇએ દીઠું નહિ પછી પોતે વીચાર કર્યો કે રાવતને કાંઇ પત કરે એમ નથી, જો રાજાને મુક્યો તો રાવતનો શો આશરો છે તેથી તેને પણ મુકી દેશે ને મેં વાયદો કાશીનો કર્યો છે માટે તે કાશીએ આવશે માટે ચાલ હુંએ પણ કાશીએ જાઉં એમ ધારી તે કાશીએ ગયો ને ત્યાં જઇ કરવતવાળાને કહ્યું કે ભાઇ મને સદાશીવે શ્રાપ દીધો છે કે તારા સાત અવતાર વિયોગે જશે. માટે દેહ મુકી શ્રાપ નીરવાણ કર્યો છે, કરવતવાળો કહે કે ભાઇ સદાસીવનો શ્રાપ છે માટે સાત અવતાર તો મીથ્યા નહી થાય પણ એક અવતારનું ફલ તું દેહ મુકે છે તેથી મળશે એમ કહી તેણે કરવત મુક્યું. એટલામાં પછવાડેથી સ્ત્રી આવીને ત્યા આગળ પોતાના ધણીની ખબર પુછી ત્યારે તે કરવતવાળાએ બધી હકીકત કહી બતાવી. એટલે તેણે પણ તેની પાસેનો ઘોડો તથા બીજો સામાન જે હતો તે બધો પુન્ય કરી દઇ કરવત મુકાવ્યું. પછી તેઓ ત્રીજે અવતારે ચકવો ચકવી થયાં ને એક ઝાડની ઘટામાં બેઠાં છે એવામાં દવ બળતો આવ્યો ત્યાં ઝાડનાં

પાંદડાં બળીને ભોંય પડવા માંડયાં તે પાતે પોતાના સોબતીને કહે છે.

દોહરો—પત્ર વછુટયાં ડાળથીને, વળી તે કહે સુણો વનરાય; અબ કે પીછેરે કબરે મીલેંગે, ને દુર દુર પડગેરે જાય. ૧૭

હે ભાઈ હવે આપણે છુટાં પડયાં તે ક્યારે મળીશું ત્યારે વૃક્ષ કહે છે કે આપણે તો બચીશું કયાંથી કારણ કે આપણો ઉપાય કાંઇ ચાલે એવું નથી કે અહીંથી બચીને જઇએ પણ આપણા ઉપર આ પક્ષીઓ બેઠાંછે તેમને કહીએ કે કંઇ કરતાં ઉડી જાય તો બચે.

દોહરો—દવ બળતું જોઇનેરે, કહે તરૂવર વનરાય, અમે તે બળીએ પાંખ વીનારે, ભુંડા પંખીયુ ઉડી કયું ન જાય. ૧૮

હે પંખી તમે પાંખવાળા થઇ કેમ ઉડતાં નથી અમારે પાંખો નથી માટે બળીએ છીએ તે સાંભળી પેલા પંખી તે વૃક્ષને કહે છે.

દોહરો—ફળ ખાધાંને પાન બગાડીઆંને વળી ઘેરી તમારીરે ડાળ, તમે બળો અમે ઉડીએ, તે વળી જીવીએ કેટલા કાળ. ૧૯

હે તરૂવર ભેગા બેઠાં ને તમારી મહોબત કરી એટલે તમે બળો ને અમે જીવીએ તે અમારાં લક્ષણ નહી; ભાઇ અમે તો આવી તરેહની મીત્રાઇ કરીએ છીએ.

હરો—હળદી તો જરદી તજેને, વળી ચુનો તે તજેરે સફેત, દોનુંરે મીલે કંકુ ભયાને, બલીહારી ઉનકારે હેત. ૨૦

હે ભાઇ જેમ હલદર પોતાનામાંથી પીળાશ કહેતાં જરદી તે મુકી દે છે ને ચુનો પોતાનામાંથી સફેતાઇ મુકી દે છે. ને એ બે એકઠા મળીને કંકુ જેવો રાતો પદાર્થ બનેછે, ભાઇ તેના હેતને ધન્ય છે. વળી જેમકે દુધને પાણીની મીત્રાઇ થાય છે ત્યારે દુધ પાણીને પોતાના ભેગું ભળેલુ જોઇ પોતે તેને પણ પોતાના જેવું દુધ કરી દે છે પણ જુદુ નથી પડતું. તેનો દાખલો એ કે જો કોઇ માણસ દુધ લઇ પોતે પાણીને બાળવા તાવડામાં નાંખી તળે તાપ કરીને

ઉકાળે છે એટલે દુધમાં પાણીનો ભાગ હતો તે બળવા માંડે છે એટલે દુધ વિચાર કરે છે કે મારો સોબતી જે પાણી બળે છે તો મારે જીવીને શું કરવું છે એમ જાણીને પોતે પણ ઉભરો ચઢી દેવતામાં પડવા જાય છે એટલે ઉકાળનાર માણસ ઉભરો જોઇ તેમાં પાછું પાણી છાંટે છે એટલે દુધ ઉભરાતું રહી જાય છે. તેનું કારણ એજ કે દુધે જાણ્યું કે મારો સોબતી જે પાણી તે પાછો મારા ભેગો આવ્યો એવી રીતે તેઓ અરસપરસ પ્રીત રાખે છે માટે અમે પણ એવી પ્રીત રાખનારાં છીએ તે કેમ ઉડી જઇએ. એમ કહી પોતે પણ બંને જણ તે દવમાં બળી મુઆં પછી ચોથો અવતાર સુડા સુડીનો થયો ને તેમની મા તેમને માળામાં મુકી ચારો લેવા લઇ એટલામાં વાસુકીનાગ આવી તેમને ગળી ગયો તેથી ણ પામ્યાં.

ચોપાઈ—આવ્યો વાસુકીનાગ, પંખીને ગળી ગયો, મોર મોરડીનો વિયોગ, છઠે કપીબજ થયો. ૨૧

દોહરો—છએ અવતાર એમના વીયોગે ગયાને, હવે સંજોગનોરે અવતાર. કહે ઇશ્વર સુણુ પારવતીરે, અમર નામ કર્યા કીરતાર.

ચોથો અવતાર સુડાસુડીનો થયો, ને પાંચમો અવતાર મોર મોરડીનો થયો, છઠો અવતાર એમનો વાંદરા વાંદરીનો થયો. ત્યાર પછી સાતમે અવતાર એમને સંજોગ થશે ને પરમેશ્વરની કૃપાથી તેમનાં નામ અખંડ રહેશે. એમ કહી પારવતીને શીવે છ અવતારની વાત સંભળાવી એ વાત સાંભળી પારવતી મન વીશે ઘણાંક ખુશી થયા. શીવને વીનતી કરી કે મહારાજ હવે તમે એમને સુખ સંજોગ કરો. ત્યારે મહાદેવ કહે છે તું ધીરજ રાખ.

દોહરો- ધીરા ધીરા રાવતાને. વળી ધીરે સબ હોય, માળી સીંચે સો ગણા, પણ રત આવે ફળ હોય.

હે પારવતી ઉતાવળથી કંઇ કામ થતું નથી. પણ ધીરજથી થાય કેમકે માળી પોતે વગર રતે ફૂળ વાવે ને તે વૃક્ષને ઘણું ઘણું પાણી પાય પણ રત આવે ત્યારેજ ફળ થાય છે માટે જ્યારે એમને મનુષ્યાદેહ આવશે એટલે તેમનો સંજોગ થશે ત્યારે પારવતી કહે મહારાજ એમને મનુષ્યાદેહ આપો હવે એટલું મારૂં કહ્યું માનો. પારવતીનું કહ્યું માની શીવ પછી કહે છે આ વખત અમૃત ચોઘડીયું છે, ને જો આ દેવતાઇ વાવમાં બે જણ હાલ પડશે તો તેમને મનુષ દેહ મળશે એમ કહી શીવ પેલા જનાવરને કહે છે.

દોહરો—ઉંચા તારા ટગમગેને, વળી નીચેરી મહાજળ વાર;
એમાં પડે દો જનાવરાં તો, વળી સરજે નરને નાર. ૧૪

ચોપાઈ—સરજે નર નારે, વળી ઇશ્વર તો એમ કહે, એ નાળીએરી વાવ અવતારનો અમર રહે, રૂપ આપ્યું સીંહાસન કોય. રાજ દીધું ચક્રવે, અનેક જુગ જાય, અવતાર તો અમર રહે. ૨૬

એવી રીતે શીવે કહી પારવતીને લઇ ત્યાંથી નીકળ્યા, હવે શીવે કહેલું પેલી વાંદરીએ સાંભળ્યું. ને વાંદરાના સાંભળવામાં આવ્યું નહી તેથી વાંદરી વાંદરાને કહે છે.

દોહરો—સાંભળ ભુંડા વાંદરાને, તારૂં કહ્યું રાખ નીરધાર,
પડીએ અમરત વાવમાં તો વળી આવે મનુષ્ય અવતાર. ૨૭

હે વાંદરા આપણને શીવે કહ્યું માટે પડીએ તો મનુષ્ય થઇએ ત્યારે વાંદરો કહે છે.

દોહરો:—દેહી પોતાની બાળા કરીને, બાવો ચોળે જોને રાખ,
વાંદરી બજાણો ઇશ્વરારે, એવા લંગોટા ફરે જોને લાખ. ૨૮

હે સ્ત્રી એમને ઇશ્વર કેમ કહેવાય એવાતો રાખ ચોળી જટા વધારી લંગોટી વાળા ઘણાએ બાવા રખડે છે, માટે હું તો નહી પડું જો એવાનું કહ્યું કરીએ તો જીવ ખોઈ બેસીએ, પછી વાંદરીએ

ઘણું કહી સમજાવ્યો પણ વાંદરાએ માન્યું નહી એટલે છેવટે પોતે તે વાવમાં શ્રીરામ કહી પડતું મુકયું. પડતાંજ સોળ વરસની ઇંદ્રના ઘરના જેવી અપ્સરા થઇ રહી તેમાં પોતે નગ્ન શરીરે ઉભી છે. પછી વાંદરો સ્ત્રી જોઇ મહા મોહીત થઇ ગયો ને પોતે તેની પાછળ વાવ્યમાં પડવા માંડયું એટલે સ્ત્રી બોલી.

દોહરો—સુણ ભુંડા વાંદરાને, વળી હવે માં ભરતોરે ફાળ, અમરત ચોઘડીયું વહી ગયું ને હવે સામો ઉગતો કાળ. ૨૯

હે ભુંડા વાંદરા હવે તું પડીશ તો મરી જઇશ કારણ કે એ પળ ગઇ જો તું મારી સાથે પડયો હોત તો તારૂ કામ થાત એવું સાંભળી વાંદરો મનમાં પસ્તાઇ શોક કરવા લાગ્યો ને સ્ત્રીને કહે છે.

દોહરો—અમે તે વન કેરાં વાંદરાંને, અમે ફરીએ તે જોને ડાળોડાળ; તુંરે વાંદરની સુંદરીરે, તુંને લેઇ જાશે કોઇ ભુપાળ. ૩૦

હે ભુંડી ત્યારે હવે મારા શા હાલ થશે ને તને આવી રૂપવંતી જોઇ કોઇ રાજા લેઇ જશે ને મારે તો ડાળે ડાળે ભટકવું પડશે. ત્યારે સ્ત્રી બોલી કે ભુંડા શીદને ચીંતા કરે છે તને મુકી હું કંઇ જવાની નથી ને તું પહેલેથી તક ચુકયો ને હવે વીમાસે શું વળે માટે તું વનમાં જઇને વનફળ લઇ આવે તો આપણે ખાઇએ. પછી વાંદરો વનમાં વનફળ લેવા ગયો. એવામાં હીરાસેન નામે રાજા મનરંજન પ્રધાન ને એક ધાંયજો ત્રણે જણ શીકાર રમી પાછા ઘેર જતા હતા તેઓ વાવ્ય ઉપર આવ્યા અને વાવ્યની પાસે એક વૃક્ષ હતું ત્યાં જઇ બેઠા ને રૂપાની ઝારી ધાંયજાને આપી કહ્યું કે વાવ્યમાં જઇ પાણી ભરી લાવ. પછી ધાંયજો ઝારી લઇ ગયો. વાવ્યમાં બે ને ત્રણ પગથીઆ ઉતર્યો એટલે પેલી સ્ત્રીએ તેનો અવાજ સાંભળ્યો કે કોઇ પુરૂષ આવે છે ને હું તો નગ્ન છું. તેથી પોતે માંહીથી ધાંટો પાડી

કહયું કે ખબરદાર કોણ આવે છે ? જ્યાં ધાંયજાએ એકાએક ઓચિંતો વાવ્યમાંથી ભયંકર અવાજ સાંભળ્યો એટલે બીન્યો ને હાથમાંથી ઝારી પડી ગઈ.

સોહલો—ખડખડ ઝારી હાથથી પડી, ગઈ માથેથી પાઘડી;
જોડા વીસાર્યો તે ત્યાં રહ્યો, બુમ પાડી રાજા આગળ ગયો.

ધાંયજો થર થર ધ્રુજતો ઉઘાડે માથે નાઠો નાઠો રાજા પાસે આવ્યો રાજાએ પુછયું પાણી લાવ્યો ? ધાંયજો કહે મહારાજ બળ્યું તમારૂ પાણી હું તો કંઈ મારા છોકરાના નશીબે માંહીથી જીવતો આવ્યો છું. હું માંહી ઉતર્યો ને એકાએક મોટો ભયંકર અવાજ થયો ને સાંભળીને બીન્યો ને ઝારી હાથમાંથી વાવમાં પડી ગઇ. ને પાઘડી પણ માથેથી પડી ગઇ ને મારા જોડા મુકીને નાઠો છું. તે હજુ સમોએ વળ્યો નથી તે સાંભળી રાજા ઢાલ તરવાર લેઈ વાવ્ય ઉપર આવ્યો, ને વાવમાં જ્યાં એક પગથીયું ને બીજે પગથીએ ઉતર્યો કે માંહીથી ગણગણાટ કરતો અવાજ થયો તે સાંભળી ત્યાં રાજા ખમચાઇને ઉભા રહ્યા, પછી સ્ત્રી માંહીથી બોલી કે કોણ આવે છે ? હું નગ્ન છું, રાજાએ કહ્યું કે ડાકણ છે કે ચુડેલ છે. ત્યારે સ્ત્રીએ કહયું કે દુઃખની મારી સ્ત્રી છું ને તમે છો તેથી તમને ના કહું છું. પછી રાજાએ પોતાને ખભે દોશાલો હતો તે વાવ્યમાં નાંખ્યો. એટલે સ્ત્રી તે લેઇ પહેરી ઉભી રહી પછી તે રાજા ધીરે ધીરે હિમત ચલાવી વાવ્યમાં ઉતર્યો ને જુએ છે તો મહા રૂપવંતી ઈંદ્રની અપ્છરા જેવી ને સુરજના જેવું તેજ મારતું મુખારવિંદ એવી સ્ત્રી દીઠી તેને જોઇ રાજા અંજાઇ ગયો પછી રાજાએ સ્ત્રીને કહયું કે તું આવી જગોમાં કેમ રહે છે તું મારી સાથે ચાલ હું રાજા છું તને જે જોઇશે તે મળશે ને તું મહા સુખ ભોગવીશ પછી સ્ત્રી કહે કે મહારાજ હું તો કુંવારી છું_રાજા કહે હું તારી સાથે લગ્ન કરીશ ત્યારે સ્ત્રીએ કહયું તમે

મને વચન આપો કે હુ કહું તે કરવું પછી રાજાએ તેને વચન આપ્યું પછી સ્ત્રીએ કહ્યું એક તે મારી સાથે વાદરો છે તો મારા જીવનપ્રાણ છે તેને સાથે રાખવા ને બીજું કે હું તમારી સાથે છ માસ પછી લગ્ન કરીશ રાજાએ કહ્યું કે એમ કરજે રાજાએ પોતે વાવમાંથી બહાર આવી ધાંયજાને કહ્યું કે તું ગામમાં જાઇ એક રથ ને પાંચ સાત સિપાઈ લેઇ આવ્યો એટલે રાજા સ્ત્રીનેકહે છે આ રથ મંગાવ્યો છે તેમાં બેસો હવે પેલો વાંદરો વનમાં ગયો છે તે નથી આવ્યો માટે સ્ત્રીને કહે છે કે જો તે આવે તો હું તેને સાથે તેડી જાઉ ને રાજા ઉતાવળ કરે તે પછી સ્ત્રી હાથ જોડી વાવને અરજ કરે છે કે હવે હું તારા દરશન ક્યારે કરીશ એમ કહી વાવને કહે છે.

દોહરોઃ—છેડા સંગી વાવડીને વળી રહી ગઇ ઠીક ઠામ તારાંરે જળ હવે નહી પીઉને જો હોત અમારેરે ગામ ૩૧ છેલ સંગના વાવડીને વળી જુગતે બંધાવીરે જોય સોને જડાવું તારાં પરથીઆને વળી નગર અમારેરે હોય ૩૨ હે વાવ માતા તું મારે નગર આવતી હોય તો તારા પગથીઆ સોને જડાવું પણ તું તો અહીને અહીં રહી જાય છે હવે તારૂ પાણી હું નહી પીઉં એટલામાં રાજાએ હાક મારી પણ પેલો વાદરો ન આવ્યો એટલે પોતે બહાર નીકળી રથમાં બેઠી સિપાઇઓએ પડદા નાંખી દીધા ને રાજા ગોડે સ્વાર થઈ સ્ત્રીને લઇ પોતાના ગામ ભણી ચાલ્યા એવામાં પેલો વાદરો ફળ લઇને આવ્યો ને વાવમાં જઇ જુવે છે તો રથ દીઠો નહી એટલે શોકાતુર થઇ ફળ બળ ફેકી દીધા ને કુદકો મારી ઝાડની ટોચ ઉપર ચઢી લાબી નજરે જુવે છે તો રથ જતો દીઠો તેથી જાણ્યું કે મારી સ્ત્રી જાય છે પછી હેઠે ઉતરી રીસ ચઢાવી પુછડું ઉંચુ કરી હુકાહુક કરતો ને દાંત કચકતો ભેકડો મારતો ચાલ્યો ને જયાં રથ પાસે આવ્યો ને ક્રોધ કરી રથ ઉપર જાય છે એટલે સિપાઇએ તેને હાંકવો મંડયો તો વાંધારીરીસ

કરી સિપાઇ ઉપર દાંત કચડતો સામો ધસવા લાગ્યો એવામા સ્ત્રીએ અવાજ સાંભળ્યો કે વાદરો આવ્યો એટલે રાજાને કહ્યું કે મહરાજ તમારૂ વચન તે આવુંજ રાજાએ સિપાઇને વાર્યો કે તમે એને મારશો નહી સિપાઇ કહે કે કયા સાલા રથ ઉપર થેકતા હે એવામાં સ્ત્રીએ પડદો ઉઘાડી બહાર મોં કહાડી જોયું એટલે પેલો વાંદરો થેકડો મારી રથમાં પેસી ગયો ને રાણી પાસે જઇને બેઠા પછી રાજાને રાણી ગામમાં આવ્યા ત્યા રાજાએ રાણીને એકદંડ મહેલમાં ઉતારો આપી તેમાં રાખી નેં તેની હજુરમા નોકર ચાકર તથા દાસીઓ સોપી પોતાના વાદરાને સોનાની સાકળ પોતાના પલગે બાધી રાખે છે રાજા કોઇ વખત રાણી પાસે જાય તો સામી ખુરશી નાખીને બેસે પણ રાણીની પાસે જઇ બેસાય નહી જો રાણીના ચડમા જવા જાય તો વાંદરો ડોળા કહાડી સામો દંતઇઆ કરી કરડવા જાય પણ રાજાને રાણી પાસે આવવ દે નહી પછી રાજાએ વીચાર કર્યો કે આ વાંદરો રાણી પાસેથી જાય તો નીરાંતે વાત થાય નહી તો એ આપણને જંપવા દેશે નહી એવું પોતાની માનીતી રાણી પાસે આવ્યાને કહ્યું કે જો તમો આ સ્ત્રીની પાસેથી વાંદરો આઘો કડાવો તો ઠીક કેમકે મેં તો એને વચન આપ્યું છે તેથી મારાથી કહેવાય નહી ને તમે તો બે વાતો સમજાવીને કહો ત્યારે માનીતી રાણી કહે અમાં તે શું જઇને એક ઘડીમાં કડાવું છું એમ કહી લુગડાં પહેરી તે રાણીને મહોલ ગઇ ત્યાં રાણીએ માનીતી રાણીને માન આપી પોતાની પાસે બેસાડી પછી માનીતી રાણી કહે આ જનાવરને આપણા દરબારના પાંજરામાં મોકલો ત્યા ત્રણી જાતનાં જનાવર પળાય છે ભેગો રહેશે તમે તેને પાસેને પાશે રાખી મુકો છે કોઇ જુએ તોએ કે રાણીને બીજા કોઇ જનાવર ગમતાં નહિ હોય તે આ વાદળો પાળે છે એના વગર દરબારમાથી મેના પોપટ એવી

તરેહનાં જાનવર લાવીને પાંજરામાં રાખો ત્યારે રાણીએ કહ્યું કે એ તો મારો જીવન પ્રાણ છે એને એક ઘડી પણ મારાથી અળગો નહી કરૂં ત્યારે માનીતીને રીસ ચઢી; ને લાંબા હાથ કરી કહ્યું કે બળ્યા તમારા ઢંગ કે વળી શું આવુ કદરૂપુ જનાવર પાળતા હશું. તેવું વાંદરાએ સાંભળ્યું તેથી રીસ ચઢાવી પેલી માનીતી રાણી ઉપર છલંગ મારીને તેનું નાક કરડી ખાધું એટલે માનીતી રાણી તો લોહીઆણી જીવ લઇને નાઠી, ને રાજા પાસે આવીને કહ્યું કે, મારૂં નાક ગયું રાજા મહા કોપાયમાન થયો કે કોઇ દીવસ આપણો પણ એ ઘાટ થશે, મદારી રમત રમવા આવ્યો રાજાએ મદારીને કહ્યું કે તુ રાણીને ખુશ ખુશી કર કે તને રાજી થઇ કઇ વચન આપે તો વચન લેઇ તુ રાણી પાસે જે વાંદરો છે તે માગી લે એમ કહી રાજાએ મદારીને પચાસ રૂપીઆ આપ્યા તે લઇ મદારીએ રાણીના મહેલ સામે આવી રમત કરવા માંડી એટલે મદારી કહે કે આ વાંદરો છે તે મને આપો રાણીએ વિચાર્યું કે ના કહું તો વચન જાય તેથી વાંદરો આપ્યો ને કહ્યું કે આજથી છ મહિને આ વાંદરાને બરાબર શીખવીને પહેલ વહેલો મારી પાસે આવજે હું તને કંઇ ઇનામ આપીશ હવે મદારી વાંદરો લઇને જાય છે જતાં જતાં વાંદરો રાણીને કહે છે.

દોહરો—ખાઓ પીઓ ધન વાવરોને, વળી કાપડ પહેરોને સાર;
તમ માટે અમે વેચાયારે, ભુંડી મદારીને દરબાર.

હે સ્ત્રી તું ખા પી ને મજા કર હું તો હવે જાઉ છું વાંદરાની આંખમાંથી આંસુ ચાલ્યાં જાય છે તે જોઇ સ્ત્રી કહે છે.

દોહરો—વચન ચુકયો વાંદરાને, ભુંડા બોલી લજાવે તુ તો વેણ;
તુજ ઘટ આંસુ સાલે મોરી પ્રીતડીને, વળી મુજ ઘટ સાલે તારાં નેણ.

હે વાંદરા તું ફાળ ચુકયો ને હવે બોલે શું થવાનુ તને મારી

સાલે છે ને મને તું રૂવે છે ને તારાં નેણું સાલે છે પછી મદારી વાંદરાને લઈ ઘેર ગયો છ મહીના થયા એટલે રાજાએ પરણુવાની તઇયારી કરી હમેના બે ત્રણુ દીવસ બાકી રહ્યા છે એટલામાં પેલો મદારી આવ્યો રાણીએ પોતાના સોનેરી ચોકમાં રમવા બોલાવ્યો રાજા પણુ પ્રધાનને સાથે લેઇ આવ્યો, ને મદારીએ રમત ચાલતી કરી એણે વાંદરાને ખુબ રમાડયો તેથી રાજી થઈ રાણી અને રાજાએ શીરપાવ આપ્યો :પછી મદારીએ વાંદરાને કહ્યું કે તું રાજાને સલામ કર એટલે વાંદરાએ રાજાને સલામ કરી ને રાણીને સલામ કરવાનું કહ્યું એટલે પુંઠ ફેરવી બેઠો તેથી મદારીને રીસ ચડી એટલે વાંદરાને પાંચ સાત લાકડી ઝાપટી દીધી તેથી વાંદરાની આંખમાથી આંસુ આવ્યાં તે જોઇ રાણી કહે છે.

દોહરો—સુણુ સુલક્ષણા વાંદરાને તુંતો ભરી ન શકયો ફાળ; તારે શરીરે પડે જેને લાકડી, તે તો મારે શરીરે ઉઠે ઝાળ.

હે વાંદરા તારાથી ફાળ ન ભરાઈ તેથી તને દુઃખ પડે છે ને તારાં આંસુ જોઇ મારા શરીરે ઝાળ ઉઠ છે પછી રાણીએ પોતાનો નવલાખનો હાર હતો તે તોડી નાખ્યો એટલે મદારી વાંદરાને મારતો છુટો મુકી મોતી વીણુવા લાગ્યો વાંદરો છુટો થયો એટલે વીચાર્યું કે રાંડ પોતે સુખ ભોગવે છે ને મને માર ખવરાવે છે માટે લાવ લાગ આવ્યો છે તેથી કુદી રાંડનું ડોકુ મરડી નાખુ એમ ધારીને ઠેકડો માર્યો ને એક ધાબુ ઝાલ્યુ પણ ધાબુ તુટી પડયું એટલે તે નીચે પડયો ને તરતજ પ્રાણુ નીકળી ગયો તે જોઇ રાણીએ મદારીને કહયું.

ચોપાઈ—તોડુરે નવસર હાર, ભુંડા મોતી વીણુવા રહ્યો; હમણાં હતો કરમાંથ. મદારી વાંદર કયાં ગયો.

મદારી જુવે છે. તે મરી ગયેલા દીઠો પછી રાણી વાંદરાને મરા કરે છે.

દોહરો—ઉઠ હઇયા કર પાંખડીને, હવે જીવીને શું રે કરીશ;
જેશુ બંધાણી મારી પ્રીતડીને હુંતો તેના ભેગી મરીશ.

રાણીએ ધાર્યું કે મારો જે જન્મ ધણી તે મરી ગયો તો હવે તેની પાછળ મરવું એમ કહી પડવા જાય છે એટલે રાજા તેને ઝાલવા ઉઠયા પછી તેની સાથે પ્રધાન પણ ઉઠયો રાણી પડી એટલે રાજા પડયા ને પ્રધાન રાજાને ઝાલવા ગયો તે પણ પડયો એવો બનાવ જોઇ મદારી ગભરાયો કે હવે મારી શી વલે થશે માટે હું પણ એકદમ અહીંથી જાઉં એવી રીતે ત્યાં આપળ પાંચે મરી ગયાં.

હવે વાંદરો મરીને રાજા શાલીવાહનને પેટ અવતર્યો તેનું નામ સદેવંત પાડયું ને રાણી તેજ ગામના નગરશેઠ પદમશાને ઘેર અવતરી તેનું નામ સાવળીંગા પાડયું અને જે હીરાસેન રાજા હતો તેનું મન તો પરણવામાં અને મરણવામાં રહી ગયું તેથી તે પારા નગરમાં માણેકચંદ શેઠને ઘેર અવતર્યો તેનું નામ રૂપાશા પાડયું ને પ્રધાન જે મનરંજણો ચતુર હતો તે લાલાબારોટ થયો ને જે મદારી હતો તે રાણીનું રૂપ જોઇ મોહીત થઇ ગયો હતો તે રાંડીરાંડને ઘેર તેને પેટ છોકરો થઇને અવતર્યો પણ રાંડીરાંડની ફજેતી થાય તે માટે તે છોકરાને જઇ વગડામાં મુકી આવી તે બાવા ધુંધળીમલની નજરે પડયો. એટલે પોતે પોતાના મઠ (આશ્રમ)માં લાવી મોટો કર્યો તેનું નામ ગોરખો પાડયું હવે સદેવંત જ્યાં બાર વરસનો થયો એટલે તેનું રૂપ અને જોબન કામરૂપ જેવું થઇ રહયું પોતે રોજ સાંજ પડે કે પોતાના રેવંત ઉપર જવાહીરનું રત્ન જડીત પલાણ માંડી પોતે સ્વાર થઇ હવાખાવા નીકળે સાવળીંગા પણ એવી મહા તેજસ્વી ઇંદ્રના ઘરની અપસરા જેવી ભણીગણી ચતુર થઇ છે તે પોતે દરરોજ નીશાળે છે ને પોતાના મેહેલે તેના પીતાએ સદાવ્રત કોઇ અભ્યાગત માગવા

આવે તો તેને આપે પણ પાછો ન કહાડે. સાવળીંગા ઘણા શોભીતા શણગાર પેહેરીને પોતાની સોલસેં સાહેલીઓને લેઈ રોજ સાંજની વખત નવરેરીએ ગરબા ગાવા જાય છે એવામાં એક દિવસ બાવા ધુંધળીમલના ચેલા ગોરખે કહયુ કે મહારાજ તમે તમારી જટા કેમ ચોળાતા નથી? ત્યારે ગુરૂએ કહયું કે બચ્ચા બસ્તીમે મંગનેકુ જાના પડતા હે સો ફુરસદ નહી મીલતી ત્યારે ગોરખે કહયું કે મેં મંગનેકુ જાઉં? બચ્ચા. જાવતો સહી પીર લાલાબારોટકી પોળમાં મત જાના ગોરખો કહે ઠીક મહારાજ પછી ગોરખો માથાના કેશ છુટા મેલી અખંડ ભભુત લગાવી અંચળો, ઝોળી, ઝંડો, પાત્રપાવડી, ચમક, ચીપીઓ, શેલીસીંગી અને કપાળે સીંદુર આરચા કરી હાથમાં દંડો લઇ કછો બીડી જોગી બની વસ્તીમાં ચાલ્યો એક શેરી અને બીજી શેરી ને ત્રીજી શેરીમાં અલક જગાવ્રતો જાય છે કે એક બાઇ બોલી મહારાજ તમે લાલાબારોટની પોળમાં જાઓ કે ત્યાં પદમશા શેઠની છોડી સાવળીંગા તમને મુખ માગ્યું આપશે એવું સુણી ગોરખે ગુરૂનું વચન ન માનતા લાલબારોટની પોળમાં ગયો કમરે ઘુઘરા કશી દીધા હતા તે સાંભળી કુતરાં ભસવા લાગ્યાં એવા ડોળથી પદમશા શેઠની હવેલીમાં સોનેરી ચોકમાં આવી અલેક જગાવીઓ.

ચોપાઈ—સતકા બાંધ્યા સદાવ્રત, ને કુડા બાંધ્યા કામની;
સતકી સુરત ધરમ, ભીક્ષા દોને ભામની.

બાવાએ કહયું જે સદાવ્રત સતના બાંધ્યા હોય તો ભીક્ષા આપ્ય અને જો કપટ કરયાં હોય તો અમે જઇએ એમ કહી મહેલ નીચે જઇ ઉભો પછી સાવળીંગા કહે છે.

મારા મોહોલુ, હેઠ અલેખ જગાવીયા;
નવરા નોતા મારા હાથ, બાવાજી પાછા ચાલીયા.

સાવળીંગા કહે કે મને વાર લાગી તેથી બાવાજી પાછા ગયા.

એવું સાંભળી બાવો સનમુખ આવી કહે છે.

દેવું હોય તો દે, શબ્દ પાળો શામની,
અતીત ઉભો છે તારે દ્વાર, ભીક્ષા દોને ભામની.

બાવાને સનમુખ ઉભો જોઇ શાવળીંગા કહે છે.

ઉભા રહોને બાવાજી આજ, ભીક્ષા તમો લીજીએ,
તમ આવે લીલા લ્હેર, આશીષ અમને દીજીએ.

એમ કહી શાવળીંગા પોતે સોનાનો થાળ ભરી બાવાને લોટ આપવા આવી તે જોઈ બાવો કહે છે,

નાખ્યાં નજર ફેરાં બાણુ, આટો કેમ લીજીએ,
બાવો માગે જોબન કેરાં દાન અતીતકુ દીજીએ.

તે સાંભળી શાવળીંગા બોલી.

તમે પુજ્યા દેવ, કે તમે પુજી દેવીયો,
તમે થયા જોગીરાજ, તમારે નારી કેવીઓ,

હે બાવા તમે સંસાર મુકી જોગી થયા ને તમારે નારીનો ખપ છે? ત્યારે બાવો કહે છે.

નથી પુજ્યા મેં દેવ, નથી પુજી દેવીઓ,
ગુરૂએ આપ્યા છે મંત્ર, નાખું છું નીત ફેરીઓ.

બાવે કહયું હુંતો દેવદેવીઓને ઓળખતો નથી પણ ગુરૂના વચને કરી અહીં ફેરા ખાઉં છું સાવળીંગા તેના બોલ સાંભળી તેનું રૂપ જોઈ ઘણી મોહીત થઇ ચેલાને કહે છે.

કામની રૂપ સ્વરૂપ રૂદેમાં જાણીએ,
શહેર સમુળા મરજાય, મન ગમતાં માણીએ

શાવળીંગા કહે શહેર બધું ઉંધું વસ્યું છે કે કોઇ નારી નથી માટે નગરમાં જઈ કોઇ સારી જોઇ પરણો તે સાંભળી ચેલો કહે છે.

તુમ રૂપ સ્વરૂપ, હાજર રહો તમ ખડી,
દેને જોબન કેરા દાન, લગ્ન કરને અબઘડી.

ચેલાએ કહયું તારા જેવી રૂપવાળી બીજી કોણ છે એવું સાંભળી શાવળીંગાને રીસ ચઢી ને ચેલાને કહયું.

દોહરો—બાવારે મારા બાવલીઆને, વળી નજરો રાખ્ય તારી ઠીક;
ફોડીરે નાખીશ તારાં તુંમડાં તો વળી શેમાંરે માગીશ ભીખ
એવું સાંભળી બાવો કહે છે.

દોહરો—સુનબે ચંચલ નારીયાંને, વળી બોલનકું જરા શીખ,
વાડેથી લાવું બીજાં તુમડાંને વળી તુંમાંરે માગીશ ભીખ.

હે શાવળીંગા વીચાર કરી બોલ તુમડાં ફોડીશ તો વાડે ઘણાં નીપજે છે તે સાંભળી સાવળીંગા કહે છે.

ચોપાઇ—વાંકાં કરીને નેણુ, બાવાજી તમને મારશું;
ઝોળી પડશે ઉભી બજાર, તુમડાં ફુટશે હાથશું.

એ સાંભળી ચેલો કહે છે કે તું એવી કામણગારી છું કે નજર કરી મારીશ, એમ કહી કહે છે.

સુનબે ચંચલ નાર, કલ ઉઠ મર જાએંગે,
દેને જોબન કેરાં દાન. કુત્તા દેકે જાએંગે.

હે શાવળીંગા તું ગુમાન કરે છે તે શું ! કેટલા કાળ જીવવાની છે ત્યારે શાવળીંગા કહે છે.

જાતનો છે અતીત. કોણ છે તમારી માતડી;
આવવા દે પીતા મુજ આજ, પછે છે તારી વાતડી.

શાવળીંગા કહે મુઆ અતીત થઇને આવી હઠ કરે છે, મારા બાપને કહી વલે કરાવીશ. ચેલો કહે છે.

બડા પીતા તારો શેઠ, લુંટાવે ફુલવાડીયાં;
તેરે સરખી કલીકા કયા ભાર, કાયકુ મેણાં મારીયાં.

હે સ્ત્રી તારો બાપ તો મોટો ઉમરાવ છે તેતો ફુલની વાડીઓ લુંટાવી દે છે, ને તું તો એક ફુલની કળી જેવી છે. તેમાં આટલો

ગુમાન કરી મેણાં મારે છે તેવાં વચન સાંભળી સાવળીંગાને ક્રોધ ચડયો અને આંખો કહાડી બાવાની સામું જોયું.

બાવો માગે લોટ કે, શેહેર જાણે આપણે;
સોંપ્યાં નેણ કેરાં બાણ, બાવો પડયો બાપણે.

જ્યાં સાવળીંગાએ બાવાના સામે નજર કરી કે બાવો તેનું તેજ જોઈ ભોંયપર પડયો તે પડતાં સાવળીંગાની ભોજાઈ બારીએ આવી તો આરણ્યા આગળ બાવાને પડેલો દીઠો તે જોઇ વીચાર કરે છે નણંદ નાનાં છે પણ કામણગારાં નીકળ્યાં, બાપડા બાવાને જોત જોતામાં ભોય ઉપર પાડયો એમ વીચારી કહે છે.

નણદલ નાનેરાં બાળ, કામણ ક્યાંથી શીખીયાં.
જોગી માર્યો અબધુત, ઘેરો ઘર ભીખીયાં,

હે નણંદ આ બાપડા ભીખ માગનારને તમે શું કરવા માર્યો તે સાંભળી સાવળીંગા પોતાની ભોજાઇને કહે છે.

દોહરો—મેં રે માર્યો હોત તો હું રે મરૂ, નહીતર મરજો ભાભી તારો વીર; કાળી આંખને ફરૂકડે, ને વળી ફાડી પડયો રે ફકીર,

સાવળીંગા કહે છે મેં માર્યો હશે તો હું મરીશ ને તું જુઠું કહેતી હશે તો તારો ભાઇ મરશે. મારી તો આંખ જોઇને મુવો છે. એવામાં ચેલાનો ગુરૂ બાવો ધુંધળીમલ તે જગોએ આવ્યો ને જુએ છે તો ચેલો તો ભોંય ઉપર ઉંધે મોહોડે પડયો છે ને મહોંમાં ધુળ પેશી ગઇ છે ઝોળી ઓળી ફેંકી દીધી છે. હવે ગુરૂને આવ્યો જોઇ ભોજાઇ સાવળીંગાને કહે છે.

એક માર્યોને બીજો મારશો તો વળી, નગરમાં થાશે જાણે વાત;
જોગી માર્યો જટાધારીઓ, બાઇ જેવો ગોરખનાથ.

હે બાઇ આ એક માર્યો ને બીજાને મારશો તો ઘેર ઘેર વાત થશે. હવે ગુરૂ ચેલાને કહે છે.

ચોપાઈ—ચેલારે તુટયો જોને આભ, તુટીરે જાણે આભલી; ચંદ્રવદની નાર, કામણગારી કોણ મળી.

હે ચેલા તને શું થયું તારે માથે આભ તુટયો કે તને કોઇએ કામણ કર્યાં તે સાંભળી ચેલો કહે છે.

નથીરે તુટ્યો ગુરૂ આભ, નથીરે તુટી આભલી,
કામણગારી નારી સાવળીંગા મુજને મળી.

હે ગુરૂ મને સાવલીંગા કામણગારી મળી છે. બીજુ કોઇ થયું નથી તે સાંભળી ગુરૂ કહે છે,

સુણ બે ચંચલ નાર, લડકેકું કયુ લડી;
શીર લેઉગા ઉતાર, અદાસે કયું ખડી.

હે રાંડ તેં મારા ચેલાને કેમ માર્યો ? તને શ્રાપ દેઇ બાળી ભસ્મ કરી નાંખીશ નહીતો સાચે સાચું કહે. તે સાંભળી સાવળીંગા નરમ થઇ બાવાને નમી પડી કહે છે.

દીઠી જોબનવંતી નાર, જીવડા ચાલ્યો છળીરે;
એમાં શો અમારો વાંક; શું આવ્યા ચેલાની વારે ચઢીનેજી.

હે મહારાજ મારૂં જોબન ને રૂપ જોઇ તમારા ચેલાનો જીવ છળી ગયો તેમાં હું શું કરૂં ત્યાં ગુરૂ કહે કે તું એને ઉઠાડ પછી સાવળીંગા ચેલા પાસે આવી કહે છે.

ચેલાજી બેઠા થાઓ, આંજુ તમારી આંખડી, પહેરવા આપુ પીતાંબર લાલ, ચડવા આપુ ચાખડી.

હે મહારાજ હવે તો ઉઠો, પણ ચેલો ઉઠતો નથી તે વારે સાવળીંગા પોતે ચેલા સામું હસીને લલચાવે છે.

ઉઠીને મહારાજ, આપણે કરીએ ગોઠડી.
રંધાવું બત્રીસ રસોઇ, જમાડુ રસ રોટલી.

હે મહારાજ. તમારે જે જમવાની ઇચ્છા હશે તે તમને જમાડીશ

ને તમે છો તે સાંભળી ચેલો કહે છે.

બળ્યા તમારાં પકવાન, બળીરે રસ રોટલી,
સલામત મારા મેહેલ્લા કેરા લોટ, બળીરે તારી ગોડડી.

હે સ્ત્રી મારે તો તારૂં કાંઇ જોઈતું નથી પછી ગુરૂએ ચેલા ઉપર હાથ ફેરવી ઉઠાડી ચેલાને કહે છે,

ચેલા નાસવું હોય તો નાશ, કે શહેર નહી આપણું;
મળશે માહાજન કેરા લોક, કોઇ કહે બાપડુ.

હે ચેલા હવે તું ઉતાવળો ચાલ નહી તો તેનાં સગાં વહાલાં જાણશે તો આપણને મારશે, એવામાં આડોશી પાડોશી એકઠાં થયાં ને ઘણાક લોક ભરાઇ ગયા ને ચાલવાની જગ્યા રહી નહી, પછી ગુરૂ સરવેના ઉપર રોષ કરી કહે છે.

મળી જે વરણ અઢાર, દુનીયા સરવે દુદળી;
શહેર કરી દઉં હળાહળ, ધમુકયો બાવો ધુંધળી.

બાવો રીસ કરી લોકને કહે છે તમ સબ લોક ઉધરસે ચલે જાઓ નહીતો સારા શહેર હળાહળ કર ડાલુંગા પણ લોકો માનતા નથી એવામાં સદેવંત કુંવર ઘાડે બેસી ફરવા નીકળ્યા હતા તે આવ્યા ને પોતાની પાસે ચાબકો હતો તે લોકોને ઝાપટવા માંડયો. એટલે માણસો દોડાદોડ કરવા લાગ્યા. પછી બાવો પોતાના આશ્રમ ઉપર ગયો, ગોરખાને કુંવરે બોલાવી પુછયું કે ત્યાં શું હતું કે લોકો ભરાયા હતા ત્યારે ગોરખો કહે છેકે મહાકાજ તમારા નગરમાં જીવતી ડાકણ છે તે મને વળગી હતી પણ મારા ગુરૂ સમર્થ હતા તે મને જીવતો ઉઠાડયો ને અહીં લાવ્યા, નહી તો ઉગરત નહી ત્યારે કુંવરે કહ્યું કે ડાકણ બાકણની વાત જવા દો સાચે સાચું કહો ત્યારે ચેલો કહે તમારા નગરમાં મેં સ્ત્રી દેખી ને તેના તેજે કરી મુર્છા ખાઇ પડયો હતો એમ કહી કહે છે.

ભરતખંડ રાજા હુંય ફર્યો. ને ભમી આવ્યો સરવે જોઇ;
એ બદન એ અંબીકારે. રાજા ન દીઠી બીજી કોઇ
એસી નહી દેવળમાં પુતળી, ને નહી રાણી રાજદરબાર;
સાચુ માનો કુંવર સુલક્ષણારે, એતો અપ્સરાની અણુસાર.

ચોપાઈ—અપ્સરાની અણુસાર, શેઠ પદમશાની કુંવરી,
મૃત્યુલોકની માંય, અપ્સરા એ ઉતરી.
છેદીંગ ચળ અચળ અલબેલ, ચપળાશી ચમકે બદનમેં;
એ મોહીનીકી આંખ, જયું ચઉદા રત્ન ઝલકે નેનમેં.

હે રાજા કે જેની આંખની ઉપમા કેવી કે જેના મોટા વદનને વિશે ચપળા કહેતાં વીજળીનો ચમકારા થઈ રહે છે એવા ઝમકારા મારે છે એ સાંભળી સદેવંતને મોહ થયો, ને કહે કે તું મને તેનું નામ ઠામ બતાવ તે સાંભળી ચેલો કહે છે.

દોહરા—ઉંચા નાળીએરીનાં ઝાડવાંરે, સામી સરઇયાની ઓળ
અત્તર કસ્તુરી મ્હેકે ઘણીરે, એરે સાવળીંગાની પોળ.

ચોપાઈ—એરે સાવલીંગાની પોળ, સામા જાઓ શેરીએ;
બારીએ ઝરૂખાં ચાર, ઝુકી રહયાં છે મેડીએ;
બાદલ મોહોલ રંગ મોહોલ, ખડક મોહોલ ઝુકી રહ્યા,
એમાં સાવલીંગા નાર, મારાં મન મોહી ગયાં;

એટલે સદેવંત પોતે લાલાબારોટની પોળમાં આવી જુએ છે તો એક ઘણી ઉંચી હવેલી દીઠી, આમા સાવળીંગાની હવેલી કઇ હશે એવો વીચાર પોતે કરેછે એટલામાં રાજસભામાંથી લાલાબારોટ ઘેર આવ્યા અને સદેવંત કુંવરને શેરી વચ્ચે ઉભેલો જોયો. પછી બોલાવી કહે છે.

દોહરો—શેરી વચ્ચે સદેવંત આવીને, વળી ઉભા રહ્યારે મહારાજ;
સાચુ બોલોને કુંવર સુલક્ષારે, તમે આવ્યા છો કોને કાજ.

હે સદેવંત તમે અહીયાં શેરી વચ્ચે કોને સારૂ આવી ઉભા છો ? ત્યારે સદેવંત બારોટને કહે છે.

લાલાબારોટ મારે મન વસ્યો, ને વળી તમથી વાલેરૂ નથી કોય
તમારી શેરીમાં એક નારી રહે, તેનો મેળાવો કરી દોને કોય

ચોપાઈ—મેળાવો કરી દોને કોય, આલુ કડાં કંઠી ચોકડાં,
લુંટાવી દઉ ધન માલ, રૂપીઆ આપું રોકડા.
આલુ પારખીઓ ને સુખપાલ, આલુ હાથી ઘોડલા;
અડધું આલુ રાજપાટ, આલુ રથ જોડલા.

સદેવંતે કહ્યુ કે હું તમને કહો તે આપું પણ મને એ નારીનો મેળાપ કરાવો, બારોટ કહે એનું કંઈ નામઠામ હશે કે બાધે ભારે નારીજ. એવી નારીઓ તો મારી પોળમાં સો છે જો તેનું નામઠામ કહો. વળી બતાવું ત્યારે સદેવંત કહે કે પદમશાની દીકરી સાવળીંગા તેતો મેળાપ કરી આપો તે સાંભળી બારોટ કહે છે.

એતો દામ નથી હરામનાને. એ રાજા લોભે તે નહી જાય
ઘેર ઘેર મારા મા ને પીતારે, રાજા મુખથી તે કેમ કહેવાય.

બારોટ કહે છે રાજા એ લોભથી નહી લલચાય એને ઘેર કંઇ કમી નથી કે તમારી સાથે પઇસા સારૂ પ્રીત કરે તે મારાથી એને મોંઢે જઇ ન કહેવાય. મારા મહેલ્લામાં તો બધે મારે માતપીતા જેવું છે હું એને કહું ને એ જઇને એના બાપને કહે તો મારી ઇજત જતી રહે તે સાંભળી સદેવંત કહે છે કે હે બારોટ તમે જો મને ન મેળવો તો તમારૂ વચન જાય ને મારે તો એના પછવાડે જીવ કહાડવો, પણ એનો મેળાપ કરવો. બારોટ કહે એનું તમારે શું કામ છે ત્યારે સદેવંત કહે છે કે બારોટ મને બાવાએ કહ્યું કે મેં નવખંડ સાત દીપ જોયા પણ એવી નારી કોઇ ઠેકાણે દીઠી નથી. ને માને પણ સાંભળી નથી, ઇંદના ઘેર પણ એવી અપ્સરા નહી હોય એવું

એનું રૂપછે. બારોટ કહે એનો મેળાપ થવો મહા દોયલો છે. સદેવંત કહે જો તમે નહી મેળાપ કરાવો તો પછી બીજાથી થવાનો નથી ને મારે પણ પ્રાણ ગુમાવ્યા વિના છુટકો નથી. ત્યારે લાલાબારોટે કહ્યું કે ભાઇ હમણાં તું ઘેર જા ને સાંજના ચાર વાગતાં પાછો આંહી આવજે એટલે એ નિમાળેથી આવતી હશે તે તને બતાવીશ, એમ કહી બારોટ ઘેર ગયા ને સદેવંત કુંવર પણ પોતાને ઘેર ગયો હવે ઘરમાં સદેવંતને કાંઇ સુઝતું નથી તે સાવળીંગાની મનમાં ઝંખના લાગેલી છે તેથી કાંઈ ચેન પડતું નથી. ને વિચાર કરતાં ત્રણ ચાર વાગવા આવ્યા એટલે સદેવંત કુંવર પોતાનો શણગાર પહેરીને જવાની તઇયારી કરે છે.

દોહરો—હીરા માણેક મુગટ જડયો, વળી કુંડળ લટકે કાન; મોતીયાની માળા પહેરીને, તે ઝળકે સુરજ સમાન, કલગી તોરા ફરફરે, ને જરકશી જામો જોને સારા શાલા દોશાલા ઓઢીયા, માંહે ઝાઝા ઝળકે તારા શેલુ કશીરે કમર બાંધીયું, ને વળી ભરગચીનો સુરવાળ, તીર તરકસને કામઠી, વળી શીરોઇની તરવાર.

ચોપાઇ—શીરોઈની તરવાર, ભાલા જોને ઝળહસે, એવા સજી શણગાર, રાજા મહેલમાંથી નીસરે.

આવી તરેહનાં શણગાર સજી પોતે મહા કામરૂપ બની ઘોડેસ્વાર થઇ લાલાબારોટને ઘેર ચાલ્યો, લાલાબારોટ સુતા છે તેમને જગાડયા ને કહે કે ચાર વાગ્યાની વખત થઇ હવે મને એ સ્ત્રી દેખાડો બારોટ અફીણી હતો અને અમલ પાણી ઉતરી ગયેલાં એટલે બીજાજ ઠેકાણે ન હોવાથી કુંવરને કહે છે કે તમે તો મારા માથાના મુગટ છો પણ જો બીજો હોત ને મને આવી કાચી ઉંઘમાંથી જગાડયો હોત તો હું એને મારી નાંખ્યા વગર મુકું નહી. પણ તમને શું કરૂં હવે મને કસુંબો પીવા દો પછી હું તમને બતાવું. બારોટ કસુંબો

પીવાને હોકો ભરી બેઠા એટલે કુંવર કહે મને બતાવો ત્યારે બારોટ કહે ભાઈ હજુ ચાર વાગ્યા નથી કુંવર કહે મને બાવાએ કહ્યું તે વાત ખરી છે કે ખોટી. એનું રૂપ એવું છે કે નહી ત્યારે બારોટ સદેવંતને કહે છે.

જેણે પુરવ જન્મ કરોડો પુન્ય કર્યાં હોય તેનેજ એ નારી મળે નહી તો મળનાર નહી જેનુ નાક સુડા કહેતાં પોપટની ચાંચના જેવું છે દાંત દાડમની કળીઓ ને જેની ઝંઘા કહેતાં સાથળ કેળના થંભ જેવી છે ને પગ કોમળ વનની કદળી જેવા છે. આંગળીઓ તો જાણે મગની ફળીઓ ને આંખોમાં તો જાણે સરવ જગત મોહી રહ્યું છે એવી સ્ત્રી પુરવ જન્મનો સંસ્કાર વીના મળે નહી એવું સાંભળતાં સદેવંત કુંવર મહા મોહીત થઇ ગયો ને કહે છે કે વળી એનું બીજું લક્ષણુ બતાવો ત્યારે બારોટ કહે છે.

કવીતા- મુખ બન્યો મેહેતાબ સરીખો, દાંત જડે સબ સોનેરી; પુરવ પાનસો પેટ કહી જે છાતી બની કાચી કેરી. કંઠ કોકીલ જેસા, મદન કેફ્ને તુજ ઘેરી, ચાલ ઘણે ગજરાજ સરખી, સો ડોઇ આ-કરતે ઠેરી, છુટે પસીના ભમર બાસ છે, લંબે બાલા નાગન કાલી; પુરવ પુન્ય કીયે જેને કોડીક સો પાવે એસી નારી. મીઠી જુબાસેં જગ ભરમાયા, નેનમેં મોહની મારે; લંપટ બનાકે લુંટ લીએ જ્યું ચમક રહે ગગને તારે. જેસી આકાશ પર દોડાવે, ને ઘડી પલકમાં ઘર મારે, ઉસ માયાસે કોઇ બચ્યા નહી, લંપટ રહે જગ સંસારે. હંસ મોર કીર કપોત કહીએ, જ્યું કોકીલસે કીલકારી, પુરવ પુન્ય કીયે જેને કોટીક, સો પાવે એસી નારી.

હે રાજા તેની મીઠી જીભે કરી આખી દુનીયા મોહી રહી છે. અને તેની આંખમાં તો જાણે વશીકરણ વીદ્યા ભરી છે અને તેના ઉપર નજર કરે તેને પાડયોજ છે તેની શીશોટી કોયલના જેવી છે

હે રાજા પુરવં જન્મના સંસ્કાર વીનાએ સ્ત્રી મળે નહી તેમ તેમ રાજા માહા ગાંડો ને ઘેલે થઇ જાય છે અને બારોટને કહે છે કે બારોટ વળી એનું વરણુન કરો એટલે બારોટ કહે છે

સોળે શણગાર બત્રીસ અલંકાર, ચોરાશી આસન જાણે. બત્રીસ કળા લક્ષણુમાં પુરી, ચીત પદમનીમાં નીશાને કવીજન જોગ જુગતસેં કીનો, સમજેગો કોઇ તન સાને, રામ કૃપા હરી ઇચ્છા બીન મીલે ન એસી દીલજાને શામ પગેમગીર કહે સંભામે, સુવ સુંદરપર બલીહારી; પુરવ પુન્ય જેને કાંયે કોટીક, સો પાવ એસી નારી.

હે રાજા હરિની ઇચ્છા વિના કે હરી વીના બીજા કોઇને મળવી કઠણુ છે તારા નશીબમાં હોય તો મળે એવું રૂપ સાંભળતાં સદેવંત રાજા મુરછા ખાઇ ભોંયપર પડયો બારોટ આસનાવાસના કરી બેઠો કરીને કહે છે કે હે રાજા અત્યારથી તમે આમ ભોંયમાં પડો છો! તો નજરે જોશો ત્યારે તો શુ એ થશે રાજા કહે હું એને નજરે જોઇશ ત્યારે મારો જીવ ઠેકાણે આવશે માટે બારોટ મને બતાવો એવામાં ચાર વાગવા આવ્યા એટલે બારોટ અને રાજા અગાશી ઉપર ચડયા સાવળીંગા નિશાળમાં ચાર વાગ્યા એટલે પોતાની સોલસેં સાહેલીઓ લેઇ પોતે હંસની ચાલ ચાલતી આવે છે અને તેનું મુખારવીંદ સુર્યના જેવું પ્રકાશ મારી રહ્યું છે તેથી તેને આવતી જોઇ બારોટ કહે છે.

દોહરોઃ—સાવળીંગા ચાલી નિશાળથીને. વળી ઘર ભણીરે આવંત મજરો કરેરે લાલ કવીરે એનો ગુણુ રાગે ગાવંત

સોરઠોઃ—ગુણુ રાગે લાલ ગાવંત સમજી લો મનને સંજનઃ ગલીયુમે આવે ઓ નારી લુંટી જાશે નગરી સારી,

બારોટ કહે હે કુંવર તમે ઉતાવળો જઇ ગાંધી શેરીએ ઉભા રહો ત્યાં તમને તે મળશે સદેવંતે વેગળેથી આવતી જોઇ હતી

એટલે મનમાં ઘણો મોહીત થઇ રઘવાયો રઘવાયો ઘોડે બેશી ગાંધી શેરીએ ગયો.

ચોપાઇ—રૂડે થકી કામની લાગ્યા નેનમેં, મુજરા ચલે હંસકી ચાલ; ગલેમેં ફુલનકા ગજરા, સાવળીંગા રૂપ સ્વરૂપ ધર દીસાએ ચાલીયાં જેમ માન સરોવર મંહી હંસગતિ હાલીયાં.

સદેવંત રસ્તો રોકી ઉભો છે એટલામાં સાવળીંગા સોલસેં સાહેલીયો સાથે ચાલી આવે છે અને જે સાહેલીનાં ઘર રસ્તામાં આવે છે તે ઘેર જઇ નવ નવ ડેરીએ ગરબા ગાવાને જવા સારૂ શોભીતા શણગાર પેરવા જાય છે એમ કરતાં સાવળીંગા પોતે એકલી ઘર ભણી ચાલી આવે છે તે સદેવતનો ઘોડો ઉભેલો જોઇ અચકાઇને વીચાર કરવા લાગી કે રાજાનો કુંવર ઉભો છે તેથી સામા જવું નહી કારણે કે એ મહા તોફાની છે માટે કાંઇ આડો રસ્તો કાઢી ઘેર ચાલી જાઉ એમ ધારી ગાંધી ઉપર દુહો કહયો.

દોહરો—ગાંધી કસ્તુરી જોઇને આપજેને, વળી ખોરી નહીરે ખવાય; કોક માણસ આડું ઉભું રહ્યુંરે, તેના આડુ તે કેમ ઉતરાય.

એવું સાંભળી સદેવંતના મનમાં એવું આવ્યું કે ગાંધીને ઘેરથી કસ્તુરી લઇને આવે છે પણ સાવળીંગાની કહેવાની મતલબ હતી કે રાજા તું કસ્તુરી ખોળવા આવ્યો છું તે તને રસ્તામાં નહી મળે એતો કોઇ એકાંત જગોએ મળે એમ કહી આડે રસ્તે થઇ પોતાના મેહેલ ભણી ચાલી નીકળી ઘેર જઈ સોળે શણગાર ધારણ કરી વાળે વાળે મોતી પરોવી મહા મૂલ્યવાન વસ્ત્ર પહેરી કોઈ રંભાની માફક બણીઠણી નવ ડેરીએ ગરબા ગાવાને ચાલી. સદેવંત ગાંધી શેરીએ ઉભો છે ને લાલબારોટ અગાશીમાં ઉભા ઉભા જુએ છે કે રાજા મુરખ જેવો છે તેતો નવ ડેરીએ ગઇ અને રાજા તેની વાટ જોઇ ત્યાં ઉભો છે. તેને પાછો બોલાવું એમ કહી બારોટ અગાશીમાં રહી રાજાને કહે છે.

ચોપાઇ—સદેવંત ઘોડીલો ખેલાવ, કે આવ મારી શેરીએ સોલસેં સાહેલીઓનો સાથ, રમે છે નવ ડેરીએ.

હે રાજા શું ઉભો રહયો છે પાછો આવ એતો નવ ડેરીએ ગઇ ત્યાંથી રાજા બારેટના ઘર આગળ આવ્યો અને સાવળીંગા નવડેરીએ ગઇ એવી વાત સાંભળી ઘોડાં છુટા મુકી ધસ્યો ધસ્યો નવડેરીએ જઇ ઉભો અને જુવે છે તો એક એકથી ચડીઆતી સોલસેં સાહેલીઓ દીઠી તેમાં સાવળીંગા કઈ તે ઓળખાતી નથી તેથી પાછો નિરાશ થઇ બારેટની પાગે આવી કહે છે.

દોહરો—જેને સોળસો સાહેલીઓ સાથ, બારેટ કેમ જાણીએ;
કેઇ સાવળીંગા નાર, અમને તે ઓળખાવીએ.

હે બારેટ સોલસેં સાહેલીઓ એક રૂપ ત્યાં તો થઈ રહી જે તેમાં સાવળીંગા કેઇ તે મને ઓળખાવો ત્યારે બારેટ કહે કે હે રાજા તારા જેવો મુરખ કોણ કે પુછ્યા ગાછ્યા વગર ઘોડે છુટો મુકી નાઠો તે મારા ઘોડાની સાથે લડયો ને દોરડાં તોડી નાખ્યા આવો તું બાઘા ચકવા જેવો કેમ થઇ ગયો છે સાવળીંગા તારી કીમ્મત કરશે કે રાજા મુરખ જેવો છે માટે જરા શાણપણુ આણીને તેની પાસે જા સદેવંત કહે ભાઇ એનું રૂપ જોઇ ગાંડો થઇ ગયો છું, તેથી મને કંઇ સુઝતું નથી બારેટ કહે તું તારો ઘોડો બાંધી ધીરજ રાખીને જા હું તને એંધાણુ બતાવું છું તે યાદ રાખજે.

દોહરો—ઘુઘરીઆળો જેનો ગોફણો, ને વળી સાલુડે કસબી કોર; કાંઠે લાલ એક મણી ઝળકે, એના હઇડામાં ટહુકે જોને મોર.

ચોપાઇ—હઇડામાં ટહુકે જોને મોર, હાલેરે જેમ હાથણી; સાવળીંગા સમતોલ ન આવે, દુજી સાથની સઇ આંખે અંજનને મેશ, એની આંખતો વણુ શરમે ભરી; સઉને શોભીત શણુગાર, અને એક ટીલડી.

હે સદેવંત એની આંખો તો વણ્ શરમે અંજાએલી છે તે બીજી-ઓને અંજન આંજવું પડે છે ને કપાળે ટીલડી ચોહોડેલી છે અને બીજી-ઓના સોળ શણગારોની બરાબર છે એવું એનું રૂપ છે તે એધાણી લઇ સદેવંત જલદીથી નવ ડેરીએ જઇ જ્યાં સોળસેં સાહેલીઓ ગાતી હતી તેની વચ્ચે જઇને ઉભો એટલે બધી સાહેલીઓ શરમાઇને આધુ ઓઢી એકઠી થઇ ગઇ અને સાવળીંગા હતી તે પોતે આધુ ઓઢી તેના સનમુખ આવી ઉભી રહી અને સદેવંતને કહે છે.

દોહરો—સદેવંત કુંવર સુજાણ ઉભા કેમ શેરીએ, હું નકલંકી છું નાર. નેણાં કેમ ફેરીએ, દેખશે દુરીજનલોક, વિચાર કોઇ વાતમાં આપણે સરખે સરખાં દોય, જાઓ સઉ સઉના સાથમાં.

હે રાજા તમે તમારા સાથમાં જાઓ. ને હું મારા સાથમાં જઉ કોઈ આપણને દેખશે તો વાત કરશે માટે તમારે આવું કરવું ન ઘટે આ કાંઇ એકાંત જગા નથી ને પ્રીત તે કંઇ ઉઘાડી થતી હશે ? આ-વા મીઠાશના વચન સાંભળી સદેવંત મહા મોહીત થઇ ગયો ને કહે છે.

દોહરો—નગર ઠઠા મુલતાન, નાદેખી એશી કામની, ગળે મોતનકો હાર, ઝબુકે છે દામની, અત્તર ભીનો છે કેશ, અખીયાં દોવે લાલહે; જો ઘર એસી નાર, સોઇ નર ન્યાલહે.

હે સાવળીંગા તારા જેવી રૂપવંતી સ્ત્રી જે પુરૂષને મળી હશે તે પુરૂષને ધન્ય છે સાવળીંગા સદેવંતનાં મીઠાશનાં વચન સાંભળી ઘણી મોહીત થઈ ગઈ ને કહે છે.

દોહરો—કમર કટારી રાજા વાંકડીને, વળી તેને જોઇએ શીરોઈ તરવાર; જો ઘર એસી સાજતા, ને વળી ધન ધન તે નારી અવતાર.

હે રાજા તારા જેવો જે સ્રીને પુરૂષ મળ્યો હશે અને તને જે મળી હશે તેને ધન છે. અરસ પરસ મીઠાશનાં વચન સાંભળી

સદેવંત કુંવર સાવળીંગાનો છેડો ઝાલીને કહે છે મને તું તારૂં મોહોડું દેખાડ ત્યારે સાવળીગા સદેવતને કહે છે.

દોહરો—સદેવંત છેડો મારો મેલ પાલવ રૂડો ફાટશે; ચુકીને દેઈશું ગાળ, લાખેણો લાજશે.

હે રાજા તમે મારો છેડો મેલો કેમકે અમે સ્ત્રી જાત તમને ગાળ દઈશું તો તમારી લાખની આબરૂ તે કોડીની થશે તે સાંભળી પાલવ મુકી કાંડુ ઝાલ્યું.

દોહરો—સદેવંત કાંડુ મારૂ મેલ, ચુડો મારો નંદશે;
મળશે માજન કેરાં લોક, ધોકણે વાંસો ભાગશે.

હે સદેવંત મારી નાતના લોક દેખશે તો તને ને મને બંનેને મારશે માટે મારૂં કાંડુ મુક તે સાંભળી સદેવત કહે છે.

દોહરો—સુણ સાવળીંગા સદેવંત કહેને, વળી મેલુ તે મનની લાજ; શીશ પડે ને મારૂં ધડ લડે. તોએ ચોરી મેલુ ન આજ.

હે સ્ત્રી મારૂં શીશ હેઠુ પડે તોએ હું તને મુકવાનો નથી માટે તારો ઘુંઘટ દુર કરી તારૂં મોં મને દેખાડ.

દોહરો—ઘુંઘટ મુખસેં દુર કરીદે, તને ઘુંઘટ નહિરે સોય,
કીયારે કુળની છે ગોરીયાં ને વળી વાત છુપાવી ઘેર જાય.

હે રાણી મારાથી મોં છુપાવી શીદ જાય છે સાવળીંગા મોં દેખાડે પણ બાવા જેવું થાય તેથી મોં દેખાડતી નથી પણ રાજાને સમજાવીને કહે છે.

આરે ઘુંઘટડામાં કપટ ઘણુંને રાજા ઘુંઘટ ખોલ્યો નવ જાય;
જો મેં ખોલુ રાજા ઘુંઘટો તો વળી મરે કે માંદોરે થાય.

હે સદેવંત તને મારૂંમો બતાવું તો મરે અગર માંદો થાય ત્યારે સદેવંત કહે છે.

ચોપાઇ—મેને ખાયા કેવળીઆ બછ નાગ, ઘંતુરેસેં કયું મરૂં;
મેને રમાડી કાલી નાગ, બીછુડેસે કયું ડરૂં.

હે સ્ત્રી મેં કેવળીઓ વચ્છનાગ ખાધો છે તો ધંતુરાથી કેમ ડરીશ અને વળી મેં કાળા નાગ રમાડયા છે તો વાછુડાથી કેમ ડરીશ તે સાંભળી સાવલીંગા બોલી.

ચોપાઈ—ઘુંઘટડે કાળો નાગ, વીંછી ડંખ મારશે;
લાગશે નેણાં કેરાં બાણુ, તમને તે કોણ ઉગારશે.

હે સદેવંત મારા નેણનાં બાણ વાગ્યાં તો કોઇ ઉગારનાર નથી, માટે તમે મારૂં મોં જોવું મુકી દો તે સાંભળી સદેવંત કહે છે.

[illegible]—સાપના કાટયા સહુ મરેને વળી વીછુડે તનમન હોય;
નારીનાં મારયા નર મરે તો, તારા કુળમાં ન જીવે બીજુ કોય.

હે સ્ત્રી તું કહે છે કે મારી આંખો જોઇને મરી જશો તો તારા કુળમાં કોઈ જીવે નહિ માટે હે સ્ત્રી હવે રકઝક ન કરતાં મારા તપી ગયેલા આત્માને તું ઠંડો પાડ એમ કહી રાજા કહે છે.

[illegible]—મુખથી પાલવ દુર કરો, ને ગોરી મુખ મુજને બતલાવ;
રાજાને તો સ્નેહ લાગ્યોરે, ગોરી નેણસું નેણ મીલાવ,

હે સ્ત્રી મને સ્નેહ થયો છે માટે મારા નેણની સાથે તારા નેણ મીલાવ પછી સાવળીંગાએ સદેવંતનો ઘણો આગ્રહ જોઇ વીચાર્યું કે મોં જોયા વીના મુકનાર નથી માટે એને સમસ્યામાં કહી સમજાવું એમ વીચારી બોલી કે.

ચોપાઇ—દશે આંગળીએ વેઢ, અંગુઠે જાણે આરસી; ક્યા જાણે દુરીજન લોક; અપન દોનુકી પારસી. નીશાળે આવજો રાજ, ચીત મન રૂદે ધરો; ત્યાં મળશે એકાંત, વાલેરા વાતો કરો.

હે રાજા હું નિશાળે જાઉ છું, ત્યાં ભણવા આવજો એટલે એકાંતે વાતો કરીશું. સદેવંત કહે હું તો નીશાળેથી ઉઠયો છું તે હવે ફરીને કેમ અવાય સાવળીંગાએ કહ્યું ગમે તેમ કરીને આવજો ત્યારે સદેવંત કહે એ તો ખરૂં પણ હાલ મને તારૂં મોઢું બતાવ નહીતો રાત દી.

વસ તારી પાછળ ઝુરી ઝુરીને મરીશ તેવું સાંભળી સાવળીંગા બોલી એમ હોય તો લ્યો મોં બતાવું એમ કહી કહે છે.

હે રાજા મને ચાર ડગલાં આઘી જવાદો પછી તમને મોં બતાવું પણ તમે મને ફજેત ન કરશો એમ કહી ચાર ડગલાં આઘી જઈ મુખ ઉપરથી પાલવનો છેડો ખશેડયો અને જ્યાં રાજા સામુ જુવે છે એટલે જેમ આકાશમાંથી એકદમ ઝણઝણાટ કરતી વીજળી નીકળે અને એકાએક કોઈના જોવામાં આવે અને અંજાઈ જાય તેવીજ રીતે રાજા અંજાઈ મુરછા ખાઈ પૃથ્વી ઉપર પડયો ને સાવળીંગા દશેક ડગલાં ગઈ એટલે રાજા આંખ ઉઘાડી જુવે છે તો સાવલીંગા જતી દીઠી એટલે મનમાં ઝુરવા લાગ્યો ને કહ્યું કે હવે મને કયાં મળશે ને એનો મેળાપ કયાં થશે એવી શોચનામાં સદેવંત કુંવરબાડા જેવો થઇ ગયો છે અને મુખથી સાવલીંગા સાવલીંગા કહેતો જાય છે

રાજા પોતે વીચાર કરતો કરતો રસ્તે ચાલ્યો જાય છે એટલે રસ્તામાં હજામ મલ્યો તેને ગોર મહારાજની હજામત કરવા જાય ત્યારે નીશાળે જઇ સાવલીંગાની ખબર લેતો આવજે એમ કહી ઘેર ગયો ત્યાં રાણી પાંટમદે બે દીવસથી રાજા ઘેર નહી આવેલા તેથી ઉદાસ થઇ બેઠેલી છે તે કહે છે.

ચોપાઈ—વેરી જાગ્યા વિદેશ, સજન થયા શહેરમાં; રાજાજી તમારો જીવ, ફરે છે આજ લેહેરમાં. મુખશું મીઠા બોલ, કેમ નથી બોલતા; શાને કાજે શામ ફરો છો ડોલતા,

હે રાજાજી ઉદાસ કેમ જણાવ છો ? રાજા કાંઇ ઉતર આપતો નથી અને એક કોરે ચૂપ બેસી રહ્યા છે હવે પેલા વાલીઓ ઘાંચજે નીશાળમાં ગયો ને ત્યાં મહેતાજી ઉંઘી ગયા છે અને એક કોરે નીશાળીયા ભણે છે ને એક તરફ પડદે રહી છોકરીઓ ભણે છે તેથી સાવલીંગા જોવામાં આવતી નથી એટલે તાબોટા પાડી નિશાળમાં ગા-

વા મંડી ગયો (સદેવંત નામ મારા વાલાજીરે, તેનું છે કામ મારા વાલાજીરે) એવી રીતે કુદતો જાય છે ગાતો જાય છે સાવળીંગાએ સાંભળ્યું એટલે વાલીયાને પટદામાં પાસે બોલાવી કહે છે કે સદેવંતની શી ખબર છે ? ત્યારે વાલીઓ કે કાંઈ તારી ચિંતામાં મરે છે ને ઘેલો ફરે છે શાવળીંગા કહે તું જરા મારા નખ લેતો જા એમ કહી હાથ બહાર કહાડે છે એટલામાં તો વાલીયાની આંખે અંધારા આવ્યાં ને ચક્કર ખાઈને ભોંય ઉપર પડયો ને શુદ્ધિ આવી એટલે ઉઠીને સાવળીંગાનો નખ ઉતારી લઇ રાજા પાસે આવ્યો એટલે પાટમદે પડદામાં ગયા પછી વાલીયાને રાજા પુછે છે.

સોહલો—એટલામા આવીયો વાલીઓ રાત. કુંવર પુછે છે તેને વાત, સુતારે સુખ નથી ને વળી બેઠા નથી સુખ; વાલીએ આવી દેખાડયા જુવોને નખ.

વાલીયાએ હથેલી ઉઘાડીને રાજાને નખ દેખાડયા એટલે રાજા મોહીત થઇ કહે છે કે આ હીરાકણીઓ ક્યાંથી લાવ્યો અને તે એની કીમત શી આપી ? (તને એ વાત રાણી પાટમદે પડદામાં બેઠાં બધી સાંભળે છે) એટલે વાલીઓ બોલ્યો મહારાજ આ હીરાકણીઓ નથી એતો શાવળીંગાના નખ છે. રાજા કહે એના આવા રૂડા નખ ? તો હવે એ મને મળે તોજ અન્ન પાણી લેવું નહી તો મારે તેની પાછળ પ્રાણ ત્યાગ કરવો રાજા કહે છે.

ચોપાઇ—જેવી દીઠી હોય નાર. તેવી કહી બતાવજે;
કુડને કપટ કાંઇ. હઇએ નવ રાખજે,

વાલીઓ કહે છે.

સોહલો—મેં એવી દીઠી નથી નારી, એને હુંતો કરૂં નગરી સારી;
તમને કહું છું સાચી વાત; પણ જોએ વાગે મોહનાં બાણ.

દોહરો—કર ઝાલીને નખ કાપતાંરે, માંરૂં હઈયું તે ન રહ્યું ઠેર;
રાજા વીજળીને. જેમ ઈંદ્રઘટામાં ઘનઘોર.

ચોપાઈ—ઈંદ્રઘટામાં ગનઘોર ઝબુકે વીજળી;
એક રીઠી અલબેલ, મુખરે અતિ ઉજળું;
નીશાળે દીઠી જોને નાર, એવી નથી તારા રાજમાં
પછી એક બેઠી તારે પાસ, મેં તો દીઠી લાજમાં.

હે રાજા મેં તો પડદામાં દીઠી હતી પણ એના નખ લેતાં હાથ જોયા એટલે હું તો ભોંયમાંજ ગોથું ખાઇ ગયો ને બે ઘડીએ બુદ્ધિ આવી એવું સાંભળી સદેવંત કુંવર ભીતભરમ થઇ ઘોડાની ઘોડારમાં ચાલ્યા (કહેવત છે કે રાજાના કુંવર રીસાય ત્યારે ઘોડારની ઘોડારમાં જઈ સુવે) રાજા ઘોડાની ઘોડારમાં ગયા એટલે રાણી પુછે છે કે વાલીયા હું રાજાને ક્યારની બોલાવતી હતી પણ મારી સાથે બોલતા નહોતા અને તું આવ્યો એટલે તારી સાથે હશી ખુશીને વાતે વળ્યા તેનું કારણ શું ? વાલીયો કહે બાઈસાહેબ મારૂં નામ ન દો તો હું તમને કહું પેલી વાણીઅણ આપણા રાજાએ રાખી છે એ સાંભળી રાણીને પોતાના મનમાં ક્રોધ ચડયો ને નક્કી કર્યું કે રાજા એ દીવસથી ઘેર નહોતા આવ્યા તે એનાજ વાસ્તે મારે અહીંયાં રહી શું કરવું છે હું તો મારે પીયર જઇશ એમ ધારી રાણી રીસાયાં. હવે સદેવંત કુંવર ઘોડાની ઘોડારમાં છે પછી રાજા લાલાબારોટને લઇ ઘોડારમાં કુંવર પાસે આવ્યા ત્યાં કુંવર પોતે સુતા છે એટલે રાજાએ કહ્યું કે તું કેમ રીસાયો છે તને કોઇએ આંખ દેખાડી હોય તો તેના આંખ ફોડું કોઈએ ગાળ દીધી હોય તો તેની જીભ કાપું કોઇએ આંગળી દેખાડી હોય તો તેનો હાથ કાપું. મારા બેઠાં તને કહેનાર કોણ છે ! ત્યારે સદેવંત પોતે મનમાં વીચાર કરે છે.

ચોપાઈ—સદેવંત બેઠા થયા, કે મનમાં વિચારજ ધરે;
કહું જો મારી પેર, પીતા મારા શું કરે.

મારા પીતાને કહું તો ખરો એમ ધારી પીતાને કહે છે.

ચોપાઈ—મારે જવું છે જોને આજ, ભણવાને કારણે;

માનો ને મારા તાત, નિશાળીયા લાવો બારણે
હે પીતા મારે ભણવા જવું છે માટે નીશાળીયાને બોલાવો.

સોહલો—રાજા કહેછે કુંવરને વાત, રાજવળામાં બેઠા કરો તમે કાજ
વારે વારે કુંવર ભણવું ન હોય, માટે મનમાં વિચારી જોય.

હે સદેવંત કુંવર હમણાં તો, તું ભણીગણી બત્રીસ લક્ષણો થયો છે ને પાછો કહે છે મારે નીશાળે જવું છે એ તે શું? હવે તો તારે રાજકાજ કરવાનો વખત છે કે રમવાની વખતછે આવાં વચન સાભળી કુંવર કહે છે.

ચોપાઈ—સદેવંત કુંવર સુજાણ આવી ઉભા બારણે;
મનમા છે મોટી હામ. ભણવાને કારણે
ગોરને તેડાવો આંજ. પીતા માનો મારી વાતડી;
નહીં તો જોજો કાલ, કરૂં હું દેહની ઘાતડી.

હે પીતા તમે ભણવા નહિ મોકલો: તો હું મારા દેહની ઘાત કરીશ એ સાંભળી રાજા મહા ચીંતાવાન થઇ લાલાબારોટને કહે છે કે આને હું શું કરૂં આ તો કહેછે મારે ભણવું છે ને મારે એને ગાદીએ બેસાડવો છે બારોટ કહે હોય, સ્ત્રી હઠ, બાળ હઠ, રાજ હઠ જોગી હઠ એ હઠ પુરા કરવી નહી તો એ કાંઇ ઝેરબેર ખાંઇ મરશે પછી રાજા કુંવરને કહે છે.

સોહલો—રાજા કહે છે કુંવરને વાત, ના કરવી તારે દેહની ઘાત,
માની છે તારી મેં બધી વાત, નિશ્ચે ભણવા જાઓ પ્રભાત.

હે કુંવર સુખેથી નીશાળે જજો. કુંવર કહે ના હાલ તમે મહેતાને બોલાવો પછી રાજાએ તરત મહેતાને તેડવા મોકલ્યું. હવે રાજા પોતે કુંવરને જમાડી લાલાબારોટને તેડી રાજદરબારમાં ગયા એટલે ગોર રાજસભામાં આવ્યા રાજા કહે કુંવરને નીશાળે ભણવા મુકવો છે માટે તમે મહુરત જુઓ ગોરે વિચાર કર્યો કે ભણીગણીને તો

હમણાં ઉઠયા છે ફરી નિશાળે કેમ આવતો હશે મને લાગે છે કે કાલે ધાંયજો શાવળીંગાના નખ લઇ ગયો જેથી કાંઇ એમને લટપટ થઇછે ખરી માટે નીશાળમાં આવે ને સાવળીંગાનો બાપ જાણે તે, મારે જીવવાની આશા રહે નહી માટે હું એવું મહુરત આપું કે એમનો મેળાપ થાય નહિ કેમકે સાવળીંગા હવે પરણવાનીછે માટે એ સાસરે જાય ત્યારે પછી સદેવંતને મહુરત આપું તો પછી મને કાંઈ હરકત થાય નહી એમ ધારી મહેતાએ કહ્યું કે મહારાજ હમણાં પાંચ સાત દીવસ મહુરત આવતું નથી કારણકે વચ્ચે વ્યતીપાત વર્ધક ને પંચક બેસે છે માટે સાત દીવસ પછી બેસાડજો. રાજાએ કહ્યું સારૂં ત્યારે આવશે પછી ગોર પોતાને ઘેર ગયા હવે સદેવંત કુંવરને રીસ તો ચડી પણ શું કરે ત્યાં સભામાં કાંઇ કહેવાય નહિ માટે પોતાને મહેલે જઇ જમાલખાં ને કમાલખાં બે સીપાઇ હતા તેમને કહ્યું કે તુમ અબી જાકે ગોરકું જલદી બોલાવી લાવે એમ કહેતાંજ સીપાઇ ઉઠીને મહેતાને ઘેર ગયા ને કહ્યું કે કુંવર તમને બોલાવે છે માટે અબીને અબી ચાલો પછી ગોરને તેમની સ્ત્રીએ કહ્યું કે હમણાં તમે ગયા હતા ને પાછા કુંવરે કેમ તેડાવ્યા? મહેતાએ કહ્યું એતો કુંવરનુ તેડુ નથી પણ એતો જમડાનું તેડુ આવ્યું છે ગોરાણી કહે એમ કેમ બોલો છો? ગોર કહે હું મહુરત મોડું આપી આવ્યો છું તેમાં ગોરાણી કહે કે જાવને હવે તે કહે તેમ કરજો નહી તો પાછા ઘેર જીવતા આવવા દેશે નહીં. ગોર કહે એ વાત ખરી પણ ત્યાં જતાં મારો પગ ઉપડતો નથી તે શું કરૂં પછી ગોર જેમ તેમ કરી લુગડાં પહેરી કુંવરને મહેલે આવ્યા કુંવર આંખો લાલચોળ કરી ક્રોધમાં બેઠા છે તેમણે કેડમાંની કટાર ખેંચી કહયું કે મહુરત અત્યારે છે કે નહિ? નહિતો પેટમાં કટાર મારૂં છું કટારને જોઈ ગોર થરથર ધ્રુજે છે કે આ નક્કી મારશે ગોર કહે એ કટાર તમે મ્યાનમા ગાલો ને

હું તમારા પીતાને હમણાં જઇ કહું છું એમ કહી ગોર રાજા પાસે જઈ કહે છે સાહેબ મને અફીની લહેરમાં ખબર ન લહી તેથી હું ભુલમા પાછલા વરની ટીપણું લાવ્યો તેતો પણ ઘેર જઇ તપાસ્યું આજનું ચોગડીયું એવું તો ઠીક છે કે ન પુછો વાત રાજા કહે એમ હોજ તો વરઘોડો ચડાવી અત્યારે નીશાળગરણું કરીએ પછી ગોર નીશાળે ગયા અને રાજા વરઘોડો ચડાવી ધામધુમથી નીશાળે જાય છે ચઉટામાં લોકની ઠઠ જોવા મળી છે નીશાળમાં રહી સાવળીગા પણ વરઘોડો આવતો જુવે છે ને મેહેતાને કહે છે.

દોહરો:—હલકે મેદની જોવા મળીને વળી જુવે નાનેરાં બાળ
સોના શ્રીફળ હાથે ધરીને ઠાકરો ચાલ્યા આવેરે નિશાળ.
ઢોલનગારાં વાગીયાને મેતા સણાઈઓ પુરે સાદ,
માનોતેરે મેતા તમારી નીશાળે સદેવંત ભણવા આવે આજ

હે મહેતા તમારી નીશાળે કોઇ રાજાના કુંવર જેવું ભણવાને આવે છે તેના વગર આટલી ધામધુમ હોય નહી હવે સદેવંતના બાપે મહેતાને કહ્યું.

દોહરે:—ગોર તે મારા ગોરજીને તમને લળી લાગુ પાય;
સદેવંત કુંવર સુલક્ષણારે તેને ભાવે તે વિદ્યા ભણાવ

હે ગોર હવે કુંવર ભુલી ન જાય તેમ કરજો મહેતા કહે સારૂ હવે ગોર અફીણની લહેરમાં આવ્યા તેથી સદેવંતને કહે હું સુઇ રહું છું ને તુ સોટી લેઇ છોકરાઓને ભણાવ એમ કહી ગોર ઊંઘી ગયા હવે સદેવંત પોતે પડદાની પાસે જઇ તેને એસીકુ દેઇ બેઠાં છે ને છોકરાને ભણાવવ માંડયાં સાવળીગા સદેવતાનો શબ્દ સાંભળી પોતે પણ છોડીઓને ભણાવતી હતી તેજ પડદા પાસે આવી વીચાર કરે છે કે હવે સદેવંતને બોલાવાય કેમ તેથી પાટી ઉપર ભાવ લખી પડદા તળે ખસેડી મુકી એટલે સદેવંત પાટી લઇને ભાવ વાંચે છે

સરસ્વતી માત વિનવુંને વળી ગણપત લાગુ પાય;

પાટીયું લખીએ પ્રીતશુંને વળી વાંચી સંભળાવો તમે રાય.

તે વાચી સદેવંત ખુશી થયો અને પોતે પણ તે પાટીયામાં ધાવ લખી પડદા તળે પાટી ખસેડી મુકી

માતા સરસ્વતીને વીનવું ને હું તો કથન ન જાણું કેણ

પેહેલીરે પ્રીત સદેવંત શુંરે જ્યારે મળીયાંતાં નેણુરે નેણ

હે સાવળી હું તો કથન કે કેણ કાંઈ જાણતો નથી નણ નવડેરીએ જે દીવસે મળી તે દીવસથી પ્રીત જાણું છું તે ધાંવ વાંચી સાવળીંગા ગણી ખુશી થઈ હવે સદેવંતે વિચારયું કે મહેતા જાણશે તો દેખશે તેથી ઉભો થવા જાય છે એટલામાં સાવળીંગાએ પાટી લખી પાછી ખસેડી મુકી

સોહલો:—નીચે તેણ નહી મેલું કાઢી બેસો બેસો માંરી છાતી ટાઢી

જો ગોર આપણા કરશે રીશ તો સોંપીશ પહેલું વાઢી મારૂં શીશ

હે સદેવંત્ત તમે કેમ બીઓં છો જરા નીચે નેણ રાખી બેસોતો કાઢી નહી મુર ને જો આપણા ગોર રીસ કરશે તો હું મારૂં તેને પહેલું વાઢી આપીશ આવું સાંભળી સદેવંતને હીમત આવી તેથી પોતે પાછી પાટી લખી

ભણગણતર જાણું ભેદ વાચ્યું છું પણ નથી વિવેક;

ગોર આપણો રીસાળવો છે તે રખે મને કડવું વચન જ કહે

તું મને બેસારે છે તો ખરી પણ ગોર ઠપકો દેશે તે સાંભળી સાવળીંગા પાછી પાટી લખી આપે છે,

સાવળીંગાના અક્ષર ચાર ગોર વખાણે વારંવાર

મનમાં ફડક લગારે ન ધરે પાટીયું ભરી તે ઓરી મરે

તમે લગારે ફીકર રાખશો નહી ત્યારે સદેવંત કહે કે તારોને મારો મેળાપ થાય આતો જેમ સ્વપ્નામાં જોઇએ ને જાગીએ એટલે કાંઈ નહી એવું છે માટે તું આ બેઆખ મળે એવો ઉપાય કર એટલે

સાવળીંગા કહે આજનો દહાડો ગયો પણ કાલે તમે ગોરને ચંપા બાગમાં ઉજાણી આપો પછી ગોર સીધાં લેવા જશે એટલે તમે નીશાળીયાને કાઢી મુકજો અને હું છોડીઓને કાઢી મુકીશ એટલે આપણે એકઠાં થઇશું એવું સાંભળી સદેવંતે તેના કહેવા પ્રમાણે બીજે દહાડે ગોરને કહયું કે આજ ચંપા બાગમાં ઉજાણી છે માટે તમે ત્યાં જજો ગોર કહે નીશાળ મુકીને કેમ જવાય? સદેવંત કહે કોઠારી તમારા વગર સીધાં કોઇને નહી આપે. માટે તમે પંડે જશો તો સીધાં મળશે પછી ગોર સીધાં લેવા ગયા પછી સદેવંતે છોકરાને કાઢી મેલ્યા અને સાવળીંગાએ છોડીઓને મારી કાઢી અને પડદા બડદા ફાડીને ઉઘાડુ કર્યું હવે મહેતા આવશે તો શું જવાબ દઇશું? પેલો કાણીયો ગોરને તેડવા ગયો છે તે હમણાં બોલાવી લાવશે સદેવંત કહે જેમ થવાનું હશે તેમ થશે પછી સદેવંતને સાવળીંગા બે જણ બેઠા વાતો કરે છે.

દોહરો—નેણુ પદારથ નેણુ રસ, વળી નેણશું નેણુ મીલંત;
અજાણ્યા શું પ્રીતડીરે; એતો પ્રથમ નેણુરે કરંત.

હે સાવળીંગા અજાણ્યા માણસથી પહેલી પ્રીત આંખે જોવાથી થાય છે તે સાંભળી શાવળીંગા કહે છે.

નેણુ પદારથ નેણુ રસ, ને વળી જે કરી જાણે કોય;
જેવો મીઠો મેવો વેણુનોરે, વળી નેણુ તે કદીયે ન હોય,

હે સદેવંત કુંવર એકલી આંખો તે શું કરે પણ જો સારી રસ ભરેલી બોલી આવડતી હોય તો તે કરે એવું નેણુથી થાય નહી તે સાંભળી સદેવંત કહે છે.

ફટ નેણાં ફટ પાપીયા, તને હજુએ ધરપત નહિ;
નારીને મન તેડો નહિને, પછી લાલચ ત્યાં શું રહી.

સદેવંત બોલ્યો હે નેણુ પાપી ચંડાળ હજુ તને ધરપત વળતી નથી અરે મનને તો કશુંએ નથી તો તું શીદને લાલચ રાખે છે તે

સાભળી સાવળીંગા બોલી.

નેણુ અમારા લાલચુ ને, રાજા ભલી આવે ટળી ટળી જાય:
દેખી ચંપા માંડવારે, એતો ફોગટની ભીખારી થાય.

સાવળીંગા બોલી હે રાજા અમે તો અમારાં નેણને ઘણાંએ વારીએ છીએ પણ રૂડા માંડવા (જવાન માણસ)ને જોઇને ભીખારી થાય છે તે સાંભળી સદેવંત કહે છે.

અમે નેણાંને વારીએ, ને વળી રાખીએ ઠીકાઠીક;
દેખી ચંગા મોરીઆરે, જેમ માગી ન મળે ભીખ.

હે સ્ત્રી જેમ તું વારી રાખે છે તેમ હું પણ વારી રાખું છું પણ સારી સ્ત્રી જોઈ ભીખ માગે ન મળે તેવી રીતે લાલચું થાય છે તે સાંભળી શાવળીંગા કહે છે.

કાંક નેણુ તમે વારજોને, રાજા હઇડુ તે રાખો જોને હાથ;
ચંચળ નેણાં એતો શ્વાન ગતી, ને રાજા નફ્ટ ભીખારીની જાત,

હે રાજા તમારી આંખો કુતરા અને ભીખારીની માફક કેમ ભટકે છે: તે સાંભળી રાજાને રીશ ચઢી અને કહેછે કે તેં મને કુતરા ને ભીખારીની માફક ગણ્યો તે સાંભળી સાવળીંગા કહે છે.

પગ ઉપર પાટી ધારીને, રાજા ઉપર મેલ્યું જોને શીશ,
ગોર આપણો આવશે તો રાજા ઉલટી કરશે રીસ.

તમે આ ઉંધુ માથુ ઘાલી બેઠા છો ને ગોર આવશે તો ખીજશે સદેવંત બાલ્યો.

કુલ બડે કામની તણા, તે વળી ઉંચ નીચ ઘર જોને જાય;
અમે નેણાંને વારીએરે; મારી આંખો અખજ ખાય.

હુ તો ઘણાંએ મારાં નેણાંએ વારૂં છું પણ મારી આંખો અખજ ખાય છે. શાવળીંગા પછી આવાં રોજ ભરેલા સદેવંતનાં વચન સાંભળી નમી જઇ કહે છે.

સુણુ શાવળીંગા સદેવંત કહે, ને વળી મેલી તે મનમાં માન,
એ? ખાઇને હુએ મરત તો, મારો પીતા લાજત શાલીવાહન.

હે સ્ત્રી તારા મનમાં તો કશુંએ નથી પણુ હુતો તારે વાસ્તે મરત તો મારો પીતા લાજત.

નારીને માટે કીયા નર મુવા, ને રાજા તમે કરો છો પહેલ,
પ્રીત કરીને પાછા ખસેરો, એતો ખેલાડુના નહી ખેલ.

ચોપાઇ--ખેલાડુના ખેલ, નેણું રસ વોરતાં,
મુખસે મીઠાં બોલ, રહેજો તમે બોલતાં.

નારીને સારૂ એવા કેટલા મુઆ છે તે મને કહી બતાવો નહીતો તમે મરી રસ્તો કાઢવાના હતા કે શું? પણુ જે પ્રીત કરી પાછો હઠે એ માણુસ ન જાણુવો માટે તમે મારી સાથે હસી ખુશીને બોલો સદેવંત બોલ્યો.

પદમણી તારાં વેણુ રૂદેમાં પરવરે;
બાણુાવળીનાં છુટયાં બાણુ, તેતો પાછા કેમ ફરે;

ઓ સાવળીંગા તારાં જે વેણુ તે મારા હૃદયમાં સોસરાં ચાલતાં જાય, જેમ બાણુાવળીનું બાણુ પાછું ન ફરે તેમ તને હું છોડનાર નથી તે સાંભળી શાવળીંગા કહે છે.

દોહરો--પ્રીત અગોચર કાજીએરે; રાજા મારૂં કહ્યુ તું તો માન;
કોઇને નવ સંભળાવીએરે, રાજા એકથી બીજે કાન.

રાજા પ્રીત કરવી તો છાની કરવી પણુ એક કાનથી બીજે કાન જાય એમ કરવી નહી ત્યારે રાજા કહે મેં કોને સંભળાવી એ બતાવ ત્યારે સાવળીંગા કહે કે જુવા એક લાલાબારોટ, બીજી વાલીયા હજામે તથા ત્રીજી પાટમદે રાણીએ અને થોડી ઘણી મહેતા પણુ જાણે છે. માટે કાંઈ સમજણુ રાખો પછી રાજા ઉભા થાય છે કે સ્ત્રી મહા કામાતુર થઈ સદેવંતની ધોતીની પાટલી તાણી ખેંચે છે કે

હવે ક્યાં જાઓ છો એટલે સદેવંત થરથર ધ્રુજવા લાગ્યો કારણ કે એણે કોઇ દીવસ કોઈની સાથે પ્રીતી કરેલી નહિ તથા આ પહેલવહેલી થઇ તેથી દહેસત લાગી. હવે કાંણીએ ગોરને શોધી કહાડયા પછી કહ્યું કે મહારાજ સદેવંતે તો પડદા બડદા ફાડી નાખ્યા એવું સાંભળી ગોર ત્યાંથી ધસ્યા નીશાળે આવ્યા ત્યાં સદેવતને સાવળીંગા ઝાલી રહી છે તે જોઇ કહે છે.

દોહરો—પકડીયા કામનીએ છેડલારે, રાજા થર થર થર થર થર થાય,
એવે સમયે ગોરજી આવીઆરે, એતો તંબુ તણી માંય.

ચોપાઇ—તંબુ તણીરે માંય, સદેવંત શુ કરે,
લોકડીયાંની લાજ, હઇયામાં નવ ધરે.

ગોર ત્યાં આવી સદેવંતને કહે છે કે તું કોઇની શરમ રાખતો નથી મારીને પડદાબડદા ફાડી નાખ્યા છે છોકરાને મારીને કહાડી મુક્યા માટે હુંતો જઇને તમારા પિતાને કહીશ મારે હવે નિશાળ ભણાવવી નથી એવો ધમકીનો અવાજ સાંભળી શરમાઇને નીચુ જોઇ નીશાળની બહાર ચાલી નીકળ્યા પછી ગોર સાવળીંગાને કહે છે કે બધી નીશાળ બગડી તે સાંભળી સાવળીંગા કહે છે.

દોહરો—ઘરરે ઘુમ્યાંને છાપરાં વાલીયાંરે, કંઇ ખોલડાં તે ખડખડ થા;
વાને વંટોળીયો આવીયો, તે ગોર પડદા ઉડીરે ઉડીરે ઉડી જાય.

હે ગોર વા ને વંટોળીઓ ચઢયો ને મારીને છાપરાનાં નેવાં ખખડવા લાગ્યાં ને પડદા છુટીને એની મળે ઉડયા.

ચોપાઇ—શીખ દોને ગોર ઘર દીશાએ ચાલીએ;
રૂડાં વધામણાં કોય પીતાજીને આલીયે,
એમ કહીને નાર ઘર ભણી ચાલીયાં;
મળીયા સદેવંતરાય મુખે મુખ ભાળીઆ.

રજા લેઇ સાવળીંગા બહાર નીકળી એટલે સદેવતને કહે છે કે

જુઓ આખો દીવસ આપણો અકારત ગયો ને ગોરે જાણ્યું ત્યારે સદેવત કહે છે કે મારાથી તો કાલે નિશાળે નહિ અવાય આપણું કામ પેલા કાણીઆએ બગાડયું હવે કેમ કરીશું? સાવળીગા બોલી ગોરે ડાંગર વાવી છે માટે બધા છોકરાને અને છોડીઓને એક દીવસ ટોવા મોકલે છે પણ તમેનથી ગયા અને હુંએ નથી ગઇ માટે જઇને કહો કે કાલે તમારી વાડીએ અમો સુડા ટોવા જઇશું ને હું તે ભાત આપવા આવીશ તે સાંભળી સદેવત પાછો ગોર પાસે આવ્યો ને કહ્યું કે તમારી વાડીએ જવાનો વારો અમને નહી આપો? બધાને આપો છોને, ત્યારે ગોર બોલ્યા તમે રાજા છો ત્યારે સદેવંત કહે ઘેર રાજા પણ અહીં તો નિશાળીઆ ત્યારે ગોર બોલ્યા કાલે તમે જજો સદેવંત કહે મારૂં ભાત આપવા સાવળીંગાને મોકલજો ભાઇ આવશે તો મોકલીશ પછી સદેવંત ત્યાંથી ઘેર ગયો અને ગોર પોતાના ઘેર ગયા પણ ખાવું પીવું સુઝતું નથી ને ઉદાસ થઇને બેઠા છે ત્યારે ગોરાણીએ કહ્યું કે તમે આજ ઉદાસ કેમ છો? ગોર કહે રાજાનો કુંવર વાડીએ જવાનો છે ને તેને ભાત આપવા સાવળીંગા મોકલવાની છે ને એ ન જાય તો પછી જીવવાનું ઠેકાણું નથી ગોરાણી કહે એમાં તે શું છે મારી પાસે મોકલજો એટલે હું સમજાવાને મોકલીશ બીજે દીવસે સદેવંતે પાટમદેનો પાથરવાનો રત્નજડીત ઓછાડ હતો તે છાનોમાનો લેઇ બચકીમાં બાંધ્યો તે પાટમદેએ દીઠો એટલે સદેવંતને કહે છે.

દીવસ ચડયો પહોર, બચકા કયાં બાંધીઆ;
પાટમદેના ઓછાડ તે, કોને કાજે ચોરીયા.
એ વરણાગી આજ, કોને તમે દેખાડશો;
સાચું કહોને મારા શામ, પાછા કયારે ઘેર આવશો.

હે મહારાજ આ વરણાગી આજ તમે કોને દેખાડશો ને તમે

ઘેર ક્યારે આવશો પણ રાજા કાંઇ ઉત્તર આપ્યા વગર ગોરની વાડીએ ગયા ત્યાં એ ચંપાના ઝાડ નીચે રત્નજડીત ઓછાડ પાથરીને સુતા ભોંયમાં કાંકરા હતા તેથી ખુચ્યા તેથી પોતાની તલવાર વતે કાચી ડાંગર વાઢી અને તેનો ચોતરો કરી તે પર ઓછાડ પાથરીને સુતા ને સાવળીંગાની વાટ જુવે છે ઝાડ ઉપર તમામ પક્ષીઓ પોતે આમ, જામ. સીતાફળ લીંબુ, નારંગી બોર. ખજુર દ્રાક્ષ, પપનસ એ સર્વે ફળફળાદી કોચી, ખાઇને નાખે છે પણ કોઇ ઉડાડતું નથી સાવળીંગા નીશાળે ગઇ એટલે ગોરે કહ્યું કે તને ગોરાણી બોલાવે છે સાવળીંગા કહે શું કામ છે ગોર કહે કંઇ કામ હશે સાવળીંગાએ કહ્યું હું તો કાંઇ જતી નથી પછી ગોરે ઘણું કહી ગોરાણી પાસે મોકલી ત્યાં ગોરાણીએ કહ્યું કે આજ રાજાના કુંવર સદેવંત વાડીએ ગયા છે અને તું કોઈ દીવસે વાડીએ ગઇ નથી તેથી આજ ભાત લેઇને જા સાવળીંગા કહે મેં તો વાડી દીઠી નથી ને હું તો કાંઇ જતી નથી ગોરાણી કહે ગરજ હોય તો પુછતાં પુછતાં લંકામાં જઇએ સાવળીંગાના મનમાં જવાનું તો હતું ને ગોરાણીએ ઘણું કહ્યું ત્યારે કહે લાવો જઇએ પછી ગોરાણીએ બે લાડવા હતા તે રૂમાલમાં વીટીને આપ્યા તે લેઇ સાવળીંગા ચાલી તે રસ્તે જતાં વિચાર કરે છે કે મારા રાજા આ લાડવા ખાય ? એમને વાસ્તે તો બત્રીસ ભાતની રસોઇ અને તેત્રીસ ભાતનાં શાક કરી સોનાના થાળમાં મુકી રૂપાની ઝારીમાં ચોખ્ખું નીર ભરી સોળે શણગાર પહેરી જઇને જમાડીશ એમ કહી એક કુતરો આવ્યો તેને લાડવા ખવરાવી દીધા અને પોતે ત્યાંથી પોતાના રંગ મહેલમાં એકાંત વાસ ઉપર આવી અને રસોઈ કરવા સારૂ નાહી ધોઇ સાવળીંગા બેઠી પોતે નાના પ્રકારનાં પકવાન, શીરો, કંસાર. દુધપાક, આરીયાં ગલકાં, કોળુ, ગવાર. મગ, ચોળા-નીશીંગો, રતાળુ, સુરણ, ડોડી, વંતાક, વાલોળો વિગેરે નાના પ્રકા-

રનાં શાક વઘાર્યા અને વળી કેળાં, અડવી,કાળું,ઇત્યાદિ ભાતભાતનાં ભજીયાં બનાવ્યાં એ રીતે ઘણી સુંદર રસોઇ મરી મીઠું વગેરે મશાલો નાંખીને તઇયાર કરી પોતે શણગાર સજ્યા દાસીને બોલાવે છે દાસીએ એક રાવતની સાથે માયા કરી હતી પણ ચાર દીવસથી તેની પાસે ગઇ નહોતી તેથી હમણાં મારી બાઇ કામમાં છે માટે જઇ આવું એમ ધારી તેની પાસે ગઇ ત્યારે પેલા રાવતને ચાર દીવસથી આવી નહોતી તેથી ક્રોધ ચડયો ને તેને પાંચસાત ચાબખા લગાવી દીધા ને કહ્યું કે રાંડ ચાર દીવસથી કયાં ગઇ હતી દાસી કહે મહારાજ કામમાં ભરાઇ હતી તેથી અવાયું નથી તે રીસાઇને બેઠા ને દાસી પણ રીસાઇને કોરે બેઠી હવે રાવત મનાય ત્યારે સાવળીંગા પાસે દાસીથી જવાય અને સાવળીંગા રસોઇ કરી શણગાર સજે છે અને દાસીને ઘાંટા કહાડે છે પણ ત્યાં કોણ હોય તે બોલે પછી પોતાને હાથે મજુસ ઉઘાડી શણગાર સજવા માંડયા ને મનમાં દાસીને ગાળો ભાંડે છે હવે તમામ રસોઇ સોનાની થાળમાં ભરી ઉપર રૂમાલ ઢાંકી થાળ ભરી કોરે મુકયો છે અને પોતે અંગે સોળે શણગાર સજે છે એવામાં એક લાકડાનો કડકો ચુલામાં સળગતો રહી જવાથી તેની ધુણી જોઇ તેની ભોજાઇ ચોકમાં બેઠી હશે તે રંગમહેલમાં આવીને કહે છે.

શેઠ મોહોટા શાહુકાર, કીયા ઘેર પીયારે,
નરવિનાની નાર, તું આવડો બનાવ કેમ કરે.
દેખશે દુરીજન લોક, વીચારે વાતમાં;
આપણે ઉત્તમ જાત, હળવાં પડીએ નાતમાં.

હે બાઇ આપણે મોટાનાં છોરૂ થઇને આવાં તોફાન ના કરીએ સાવળીંગા મહા કોપાયમાન થઇને ભોજાઇને કહે છે.

મેં માનીતી કોઇ સદા શીવની માનતા.

સજી છું સોળ શણગાર અંગર પર શોભતા;
પ્રથમ પુછ્યું જઇને મારી માતને,
પછી કહી દઈશું અમારા ભ્રાતને.

હે રાંડ મારી માને કહી મ્હેરૂં છું હવે જો કહીશ તો તારા માંટીને કહીશ તે સાંભળી ભોજાઈ કહે નકી એના ભાઇને કહીને માર ખવરાવશે માટે સાવળીંગને સારૂ લગાડવા વાસ્તે સમજાવીને કહે છે.

બાઈ મેં મેં હસીને કીધો ખ્યાલ, એના નવ આણુશો ઓરતા;
તમે સજો સોળ શણગાર, પહેરો અંગ શોભતા.

હે બાઇ હું તો હસતાં હસતાં કહેતી હતી એટલામાં તમે આટલી બધી રીસ શું કરવા કરો છો પછી ભોજાઇને કહે છે કે હું જ્યારે નમુ છું ત્યારે ઉંચે જઇ બેસે છે એના ભાઇને કહી શું કરશો.

કહ્યા માટે શુંય, કહેશો તમારા ભ્રાસને:
પુજવાને ફૂળ હોય તો તેડાવો રૂડા સાથને.

હે બાઇ માનતા માની હોય તો સાહેલીઓને તેડી વાજતે ગાજતે જાઓ ને એકલાં શું કરવા જાઓ છો એટલું કહી પોતે નીચે જઇ બેઠી સાવળીંગાને ભાણીનાં વચનબાણ જેવાં લાગ્યાં હવે ભોજાઇ અને દાસીને ગાળો ભાંડતી જાય છે, ને શણગાર પહેરતી જાય છે.

દોહરો—કડાં સાંકળાં અણવટ વાંછવાં ને વળી ઝાંઝરનો ઝમકાર; બાજુબંધ બેરખી ચીપ ચુડલાને ફૂળી નવસરો મોતીનો હાર.

ચોપાઇ—હેમ જડયા હાર, મોતી જાણે મેડીયાં.
કેસર ચંદન લાટ, હળવે તે તાણીયાં.
સેંથો ભર્યો અનુપ, ગજ મોતનકી રાખડી.
બોલે ચંગારે વેન, ફુલા કેરી પાંખડી.
કાબીને કડલાંરે, વીંછવા વાજણે.

ઝાંઝરનો ઝમકાર, ઘુઘરા ગાજણે;
ફરતી ઘુઘરમાળ, અંગપર શોભતી;
શોભા ઇંદ્રના છોડ, અપસરારે ઉતરી.
અંગે કુમકુમકી લોલ, બત્રીસી જેની ઉજળી;
દાડમ કળીયાં દંત' બની એક પુતળી.
નાક સુડાની ચાંચ, તેણે પહેરી વેસરી;
દોવ નેણકરે બીય. ચોડી એક ટીલડી.
સજ્યા સોળ શણગાર, આપરે સમારીયાં;
કાજળ કાળી રેખ, આંખોમાં ડારીયાં,
સરવે સજી શણગાર, બની સુઘડ નારીયાં;
હાથ લીધો થાળ જળ ભરી ઝારીયાં.
જ્યારે ઉઠીરે અલબેલ, દાસીરે પધારીયાં;
બાઇરે દેતુ કી નજર, વારીવારી વારીયાં.

હવે સાવળીંગા શણગાર સજીને મેહેલાંથી ઉત્તરે છે એવામાં દાસીને આવતી જોઇ એટલે રીસ કરી થાળ હેઠો મુકી એક સામો તકતો હતો તેમાં પોતાનું મુખારવીંદ જુવે છે અને કહે છે કે આ મારો સાળુ બહુ હલકો છે તેથી હું બીજી મલકાપરીની જે સાડી છે તે પહેરૂં.

દોહરો—આછા સાળુરે મારે ઓઢણેને, હુંતો પહેરૂં ચંગારે ચંગા ચીર
જેના પાવવ રૂડા શોભતા, એવાં પહેરૂં મલકાપરીરે મલહીર.

એમ કહી હલકો સાળુ કહાડી નાંખ્યો અને ચીર કહાડી પહેર્યું હાથમાં સોટી લઇ દાસીને કહે છે.

બુધ વિનાની દાસડીને રાંડ હઇયામાં કાંઇ નજાણ;
એકતો દુરીજન મારી ભાભી થઇ તેતો હૈયામાં કરી ગઇ હાણ
એમ કહી દાસીને બે ત્રણ સોટીયો જડાવી દીધી કે રાંડ તું

જતી રહી ને મારી ભોજાઈ આવી મને મેણું મારી ગઇ તે મારે સાંખવા પડયાં.

સોબતડી બાઇ સહુને સરખીને, વળી કોઇને રાજાને કોઇને રાંક;
પદમણી મનમાં વીચારજોરે, બાઇ ગરીબના કાઢો વાંક.

હે બાઇ ગરીબ તાલેવન બધાંને પ્રીત સરખી હોય તમે તો મારો વાંક કહાડો છો પણ મનમાં વિચારો હવે સાવળીંગા મહેલમાંથી જેમ આકાશમાંથી વીજળી ઝબકે એમ તેજ મારતી નીકળી.

કવીત—માનની મૃદંગ બેઠાં કટાક્ષ માન તુજ,
નેનેનેન મોહે અંજન બનાયકે
આભુષણ લીલા બની ઠની અતી પ્યારી,
કારી ધનસારરી મતબારી લપટાય કે
અતિ હુ ગટાજયુ અંધારી કારી વીજળી,
ચમકે માનુ અટારી ચરી આયકે.
સુંદર સાવળીંગા ચલી જાય,
બજારમાં શણગાર સબી લગાય કે,
કવીતા—શીરા ફુલ શીરદાર, બેસતો ફોજદાર,
કરણું ફુલ કારકુન ગજરા તે કાજીહે,
નેન તો તમીર જાકે, ચોધરી અધુર બેન,
બાજુબંધ છડીદાર, ઉટાબટી છાજીહે,
કાનુકે કુછ જાન, કુંચકી બીરાજમાન,
નઇસદકી જોબનકી જમારી ઝાઝીહે,
સુંદરી સજે શણગાર, પ્રીતમકુ મીલનેકુ
ઝાઝરેકો ઠોર માનુ નોબત જયુ બાજીહે,
અંચુકો ઓટ માનુ, કોટ કીયો ઘુંઘટકો,
એકેલી ચીત અલી મોરચો હઠાયો હે.

મારે તો સમશેરે અતી ટટારી દીગ અંજનકો
જીનકો નગારા અગડબંબહી બજાયાહે
મોતીરાશ નેન બન કામની બંદુક માન
મન ફુકી અટક ઝઘડો મચાયો હે,
સેજ સુખડા મીલે આભુષણુ ખેતપરે,
આજ ગોરી ધરૂ પલકે મરદકુ ચઢાયો હે.

આવી તરેહથી તેના શણુગારની અને તેના બદનની અગણીત શોભા ભીાવતી શાવળીંગા બજારમાં જાય છે.

ચોપાઇ—નારી ઝાઝો નેહ. બજારમાં નીંવ્ય;,
સારા શહેરના લોક દીવાના હો રહ્યા
જેમ હાથમાં દીવો સાર, જોવાને નીસરી
કોરે આભે કોય, ઝબુકે છે વીજળી.

સોહલો—સુંદર બજારમાં જાય, લોક કહે રૂપવંતી વાએ વાય,
છેલ જુએ તેને કેમ સુહાય, હૈયુ કુટેને કહે હાય હાય.

સાવળીંગા ચાલી જાય છે એવામાં એક વાણીયો ઘી તાવતો હતો તે હાથમાં કુલ્લું લઈ તાવડામાં રેડવા જતો હતો તેવામાં તેણે શાવળીંગાને જોઇ બેભાન થઇ ભોંયમાં ઘી રેડી દીધું તે જોઇ એક જુવાન બ્રાહ્મણુ વાણીયુંાને કહે છે.

પડયો બાજશું કાજશું, ને ઝટપટ કુરંગીની બાય;
ધીરે વેચંતા વાણીયા, તારાં ઘ્રત ઢોળાઇ ઢોળાઇ જાય;

હે વાણીયા એમાં શું દીઠું કે તેં ઘી ઢોળી નાખ્યું ત્યારે વાંણીઓ બ્રાહ્મણુને કહે છે.

સાચા રીતથી સ્મરણુ કરી. વળી ચાલી જાય સુરત નીરખાર,
મેરે આપે માંગીએ, એવી નાની નાજુક નાર.

વાણીઓ કહે એના રૂપ ઉપર એક કુલ્લુ તો શું એવાં પાંચ કુલ્લાં ઉતારી ફેંકી દઉં છે કોઇના તરફ જોતી નથી બ્રાહ્મણ કહે છે હું તો નુકશાન કરી તેના સામું જુએછે પણ જો હું તેને બોલાવું એમ કહી સાવળીંગાના સામો જઇ ઉભો રહયો, પણ શાવળીંગાએ સામું જોવું ત્યારે બ્રાહ્મણે એક ધાવ કહયો.

નારી તું તો કાંઇ નથી જાણુતી, વળી જાણેરે સ્નેહ ઉપાય.
આ છેલડો તને સામો મળ્યો, તું રમની ભાગીરે કેમ જાય.

તે સાંભળી શાવળીંગાને ઘણી રીસ ચઢી એટલે આંખ કાતરી બ્રાહ્મણ ભણી જોયું એટલે ભટને ફેર આવ્યા ને મુરછા ખાઇ એક કીચડનો ભરેલો ખાળ હતો તેમાં પડયો ને આંખો તરી ગઇ.

ચોપાઇ—સજ્યા સોળ શણગાર, પીયા કેરે કારણે,
મારયાં નેણું કેરાં બ્રાહ્મણ પડયો ખાડમાં.

ભટને પડેલો જોઇ વાણીયો કહે છે ભાઇ પાસે જઇ કેવો લાભ કમાયો અમે વેગળે રહ્યાં ને નુકશાન થયું પણ આબરૂભર તો છીએ હવે શાવળીંગા ઉભી બજાર ચાલી નીકળી અને તેનું રૂપ મહા તેજસ્વી કે જેવી આકાશની વીજળી પુનમનો ચંદ્ર અને હોળીની ઝાળ માફક પ્રકાશ પામી રહ્યું છે અને જે જુએ છે તે મોહીત થાય છે. એક સોનીની દુકાન હતી તેમાં તે ઘાટ ઘડતો હતો તે એને જોઇ પોતાને હથોડો માથામાં મારવા લાગ્યો અને ચોરામાં જે ચારણ ભાટ બેઠેલા તે અને દુકાનોમાં બેઠેલા વાણીઆ તેને જોઇ મોહીત થાય.

ચોરે મોહ્યા ચારણ ભાટ, બજારે મોહ્યા વાણીઆ,
સોનીએ ફોડયાં શીશ, લવારે પણ તોડીઆં,

એવી રીતે શાવળીંગા કંઇકને છકડો મારતી ચાલી જાય છે એવામાં ખાળમાં જે ભટ પડયો છે તેની સ્ત્રી જમવાની વખત થઇ તેથી મહારાજને ખોળવા નીકળી છે એવામાં એક આહીરી કહે છે

કે આ બાયડી જાય છે તેને જોઇ મુરછા ખાઇ પેલા ખારમાં પડ્યો છે ત્યારે પેલી સ્ત્રી રીસ ચડાવી સાવળીંગા સાથે લડવા લાગી તું મારા ધણીને, મારી ક્યાં જાય છે તે વાર સાવળીંગાએ સામું જોયું એટલે તે પણ રાજી થઇ ગઈ પછી ભટાણી કહે છે.

દોહરો—ચંદ્રવદન મૃગલોચની, રાંડ બળ્યો તારોરે રંગ

તને દેખી મારો પીયુ પડી ગયો,ને, રાંડ કાદવ ભરીયો અંગ.

હે રાંડ બળ્યું તારૂં રૂપ કે મારો ધણી કાદવમાં પડ્યો તે સાંભળી સાવળીંગા કહે છે.

મુને દેખીને તરૂવર ડગેને વળી હસ્તીના તુટે જોને દંત.

જાઓ સઇઅર ઘેર સાકર વંચો, કે જીવતો રહયોછે તુજ કંથ

હે રાંડ મને જોઇને તે હાથીના દાંત ઉખડી પડે છે પણ તારો ધણી જીવતો રહ્યો માટે ઘેર જઇ સાકર વેંચ એવું સાંભળી ભટાણી ઝંખવાણી પડી ગઇ અને પોતાના ધણીને ખાળમાંથી ઉઠાડી ઘેર લઈ ગઇ હવે સાવળીંગા બજારમાં થઇ ચાલી દરવાજા આગળ આવી તારે દરવાજામાં એક જવાન અને એક ધરડો એવા બે સામ સામા સીપાઇ બેઠાછે પેલા જુવાન છોકરાએ કહ્યું કે દેખો બડેમીયાં કયા મજેકી નાજુક નાર આતીહે ત્યારે બુઢો બોલ્યો કે ચુપ રહે એતો કોઇ જીવતી ચૂડેલ હે તું નાના હોકે કયા બોલતા હે અભી બજારમેં બડા જુલમ કરકે આઇ હે એક સોનીકા ઉસકું દેખકર શીશા ફુટ ગયા એક લુહારકા પાઉં તુટ ગયા ઓર એક બનીયાકા બીકા કુલ્લા ઢોળા ગયા એક બમન તો બીચારા બુરી તરેહસેં પડા હે ને જો કુછ તુ બોલેગા તો ફીરબી તેરી એસી હાલત હોવેગી ને મેં ભાગ જાઉંગા છોકરો કહે કયા અપનેકુ કુછ કરેગી અપન તો ઉસી સાથ સીધી બાત કરેંગે એમ કહી સાવળીંગા કહે છે.

નહીરે ચોરી તેને મુદીરે કટારી, વળી નહીરે અરજી તરવાર,

દોરે નેનુસે તુને માર દીયેને, વળી ઘાયલ કોતી બજાર:

છોકરા કહે છે કે હે સ્ત્રી તેરી પાસ કુછ હથીયાર તો હે નહી ને તુને સારી બજારકું કતલ કર ડાલી એતો બડી જુલમકી બાત એ સાંભળી શાવળીંગા કહે છે.

ટીલડી ચોડું તો મીયાં ત્રીસ મરેને, વળી સેંથો પુરૂનો મરે સાઠ
કાજળ આજુંતો કેર કરૂં ને વળી નીતના મરે પંચ પચીસ.

હે મીયાં હું શણગાર સજુ તો મને દેખે તેટલા ભોંય પડે એમ કહી થાળ લઇ દરવાજા બહાર નીકળી એવામાં એની સહપણી સામી મળી તે કહે છે.

કંચન થાળ જોને કર ધર્યોને, વળી તારે હઇડે હરખ ન માય.
પગરે પડે ઉતાવળો, વળી કોને સહીઅર ક્યાં જાય.

ચોપાઈ—કોને સઈઅર ક્યા જાઓ, એકા એક નીસરી;
મુજ સહયરનો સાથ, તે તું કેમ વીસરી.
તારા દીલની વાત મારા આગળ નહી કરે,
સરવે સાહેલીઓની આણ, અહીંથી જો ડગલું ભરે.

હે સહયર ઉતાવળી ઉતાવળી ક્યાં જાય છે તે કહ્યા વગર જાય તો તને બધી સહીયરોની આણ છે.

દોહરો—મેં માનીતી શીવની માનતારે, દિવસ ચડતાં જાય,
જાવું છે ગોરની વાડીએરે, મારાં ફુલડીયાંયે કરમાય,

હે બેન શીવની માનતા માની છે ને ગોરની વાડીએ જવું છે તે સાંભળી સહયર કહે છે.

બોલીયું તો તારી લાગેને, વળી વેણનાં નથી તારાં મુલ
જાઓછો ગોરની વાડીએ. ને ત્યાં કઇ કઇ જાતના ફુલ.

હે બેન ગોરની વાડીએ કઇ કઇ જાતનાં ફુલ છે તે મને કહે

હવે સાવળીંગાએ ગોરની વાડી જોઇ નથી તો કુન શીતે, બતાવે પણ પોતે મહા ચતુર છે તેથી તે કહી બતાવે છે.

ચોપાઈ—ચંબો મરવોને સાળ, વળી કેવડો મરવો ને કેતકી
જાઇ જાવંતરીને ડોલર, ચંબેલીરે બહુ ફુળી
વરણુ અઢારે ભાત, તેની જુદી જાતડી
છે એક ચંપાનો છોડ તેમાં વળગી મારી વેલડી
કરમ સંજોગે કોય, વધી છે વેલડી
કહુ છું સાચી વાત, સાંભળ મારી સાહેલડી

બેનપણી કહે બેન તારી બોલી ઉપરથી બધી મતલબ હું સમજી ગઇ જોજે કંઇ હળવી પડતી.

સોહલો—જે સર વીતીએ સરભાર કાઇ રાખો બોલ્યાનો વીચાર
વેણુ વેણુ પાડોછો ભાત, આપણે ઉત્તમ માજન જાત.

હે બેન ગણી ગણીમે બોલતો આપોછો પણ જોજે મહીથી વાંકુ ન થાય એમ કહી ફરીને કહે છે.

દોહરો—સાંભળ મારી સાહેલડીને, વળી કાંક રાખોને વિચાર
જુગતે કરીને જમાડજો, ને વળીએ પળ રેજોને ઉગાર.

હે બેન જુગતાઇથી રાજાને જમાડજો, સાવળીંગા કહે તારા કરતાં મારામાં અકલ ઘણી છે,

સાંભળ મારી સાહેલડીને, વળી પુરણ મેંતો કીધાં કામ;
જુગતેથી રાજાને જમાડીશું, ને મારી લાજતો રાખે મારો રામ.

હે બેન લાજતો પરમેશ્વર રાખનાર છે એમ કહી પોતે વાડી ભણી ચાલી રસ્તામાં બે રસ્તા આવ્યા એટલે ખમચાઈ ઉભી અને એક ગોવાળીયાને પુછે છે.

સોના ઉઢાણી શીરપર ધરીને, વળી માથે તે મેલ્યું જોને ભા;
ભાઇ વીરા જાને ગોવાળીયા વીનવું, ને મારી કેઇ વાડીને કેઇ વાત.

હે ભાઈ ગોરની વાડીનો રસ્તો કીયો ?

ઉંચા તે આંબા જોને આંબલીને વળી નીચી છે દાડમ દ્રાક્ષ;

ઉપર સુઢા જોને સાદવેરે તારી એ છે વાડીને એરે વાટ,

હે બેન આ આંબા અને આંબલીઓ દેખાય છે અને ઉપર સુડા કલોલ કરે છે એ તમારી વાડી એ સાંભળી સાવળીંગા પોતે હરખમાં ચાલી અને જ્યાં પવનના ઝપાટાથી માથા ઉપરનું ચીર ખસીને અંબોડે આવી રહ્યું છે અને મુખારવીંદ ઉપ્રાકુ તેજ મારી રહ્યું છે અને ચોટલાની વેણુનાં પટીયાં કાળા ભમરાની માફક ઝબકી રહ્યા છે અને પોતે મહા મદમાં હંસના માફક કુદતી ચાલી જાય છે. તે જોઇને સદેવંત કહે છે.

ચોપાઈ—છુટે પટે જોને નાર એમનાં એમ આવજો,

પનઘટ કેડી અંચ, આડી નવ લાવજો,

છુટે પટે જોને નાર લાગે બહુ સારીયાં;

સાવળીંગા સમલોન નાવે બીજી નારીયાં;

એવું સાંભળતાં સાવળીંગા વીચાર કરે છે કે રાજાએ મને લાજ કઢાડવવું કહ્યું તેથી પોતે ઘુંઘટો તાણી ચાલી આવી.

અવળી ફરીરે અલબેલ, આપરે સમરીયા;

પનઘટ છેડા તાણુ. ઘુંઘટ લેઇ વાલીયા.

માથે સોનાનો થાળ, જળ ભરી ઝારીયાં

ચંપા થડ કોય, આવીને ભાત ઉતારીયાં.

ચંપા હેઠે ભાત ઉતારી પોતે અળગી ઉભી છે તે જોઇ મહા ક્રોધમાન થયા ને કહ્યું કે તું મને જમાડવા આવી છે કે ઘુંઘટો તાણવા એમ કહી રીસાઇ ત્યાંથી પોતે ઉઠી આઘા ગયા સાવળીંગાના મનમાં કે રાજ પેસાબ કરવા ગયા હવે તે હમણાં આવશે પણ રાજા તો આવ્યા નહી તેથી રાજાને મનાવવા સારૂ ચંપાના

ઝાડને કહે છે.

દોહરો—ચંપા તુજને ભમર છેડેને, વળી મુજને છેડે સાજન,
હેતેને પ્રીતે અમે આવીયાં. કેમ રીસે ભરાયા રાજન

સોહલો—રીસે ભરાયાં એ રાજન, ગોઠા ગરવા મારા સોજા સાજન.
કહ્યું નથી વાહ્લા તમને કેણ; દુભાણા જેમ દુશમનના વેણ.

હે રાજા તમને મેં કાંઇ કીહયું નથી ને તમે રીસાઇ કેમ બેઠા છો તમારા જીવની ખાતર ત્રણ ગાઉ ચાલી આવી ને પગમાં તો ફોલ્લા પડી ગયા છે તોએ તમેતો બોલતા નથી એનુ કારણ શું ? રાજાને રીસ ચડી તેથી કુડા ટોવાનો માળો હતો તે ઉપર ચડી બેઠા સાવળીંગા કહે મહારાજ પગ ધુવો અને કહો તો થાળ અહીં લાવું પછી રાજાએ એક આમલીની સોટી લઇને ઝપાટી દીધી તે સોર ઉઠયો તેથી નીચે બેસી રોવા માંડયું ને પોતે પરતાવો કરે છે કે મેં ઘરમાતો હજુ લગણ કોઇનો ટુકારો ખાધો નથી ને અહીં માર ખાવો પડે તે મારા કરમનો વાંક છે એમ કહી રાજા પાસે ગઇ અને કહે છે.

દોહરો—તુને વાપે ઝપેટીયોને, કેમ રાજા માળે ચડીગોરે સુજાણ;
ઝરઝર માથે નીર ઝરેરે, તુને કેમ ન આવેરે કમાણ.

હે રાજા તમને દયા નથી આવતી કે તમે આમ ગાંડા થઇ ગયા રાજા કહે તને કહ્યું કે તુ આવ્તીતી એમને એમ ધુટે પટે આવજેત્યારે તો ઘુમટો તાણીને મારા નામનો છેડો વાળીને આવી એમ કહી કહે છે.

ચોપાઈ—છેલ જમાડવાને કાંઇ આવી તુનો ગોરીયું;
કરોધ થાીરે કામન, પગે ઉપાડીયાં.

તે સાંભળી સાવળીંગા કહે છે કે હે રાજા અમારો સીનો ધર્મ છે કે લાજ મરજાદથી આવવું પણ પવનથી મારા અ° ૯.પર ચીરનો

છેદો ગયો તેને ખસેડતા જરા નીચે ઉતરી ગયો તેમાં મારો શો વાંક કહાડો છો.

લાગી પવનની આંચ, સનઘટ મારા ઉડીયાં;
આછા સાળુ કોય, અમર લેઈ ઓઢીયા.

એવું સાંભળતા, રાજા ખુશી થાયને મનમાં કહે છે કે બાપડીને વગર વાંકે મારી પછી થાળ આગળ આવી બેઠા.

દોહરો—નથીરે નીરાં નથી સરોવરાને, વળી નથી કુવામા જોને કોસ,
નીર ઢોળ્યા રાજા નહી મળેને, રાજા દેશો અમને કંઇ દોશ.

સોરઠો:—દેશો કાં તમો અમને દોષ, અને ચઢયો તે ઉતારો રોશ
સમજ્યા સમજી હ્યો તમે જાણી, પણ ઢોળ્યા ન મળે પાણી

હે રાજા આ પાણી તમે ઢોળી નખાવ્યું તે હું ક્યાંથી લાવીશ અહીંઆ કાંઇ સરોવરકે કુવામા કોસ નથી તે સાંભળી રાજા હસી પડયો ને સ્ત્રીને કહે છે જે જમાડસે તે પાણી નહી પાય ? વાસ્તે પાણી લઇ આવેતો જમીએ નહીતો થાળ લઇને પાછા ઘેર જાઓ સાવળીંગા કહે કયાથી લાવું ? ત્યારે રાજા કહે છે.

દોહરો:—હંસ કુવોને હંસ વાવડીને, વલી હંસલીનું સીંચનહાર
નીર ભરી આવો સુંદરી તો, આપણ ભોજન જમીએ સાર.

હે સ્ત્રી આ કગા ઉપરથી પાણી લઇ આવો હવે સાવળીંગા કુવા ઉપર સાળુ બાંધી ઝારી કુવામા હીંસી પણ કુવો ઉંડો તેથી પહોંચી નહી તેથી કુવા ઉપર ઉભી છે એટલામા ગોવાળીયો ગાયો ચરાવે છે તેને કહ્યું ભાંઇ અહીં મારુ ચીર પહોંચતુ નથી ને બીજે કાંઇ પાણી મળશે ? ગોવાળીયો કહે શહેરમાં જાવતો મળે નહીં તો અહીંથી બે ગાઉ ઉપર નદી છે ત્યાં જાવ તો મળે પછી ચીરનો કછોટો વાળી હાથમા ઝારી લઇ પોતે નદી ભણી ચાલી રસ્તામાં જતાં પગે કાંટા વાગ્યા અને ચીર પણ કાંટામા ભરાયને કાંટવા

લાગ્યા એવી રીતે ઉજડ વગડામાં ગામની નદીએ જઇ વિચાર કરવા લાગી કે અહીં આ કોઇ છે નહિ માટે નાહી લઉ પછી લુગડાં ઉતારી નદીમા નહાવા પડી નદી તીરે એક શીમળાનુ ઝાડ ઉગ્યું હતુ તેને કહે છે.

નદી કીનારે શીમળાજ, ભુંડા કાં ન ઉગ્યોને તુ દુર;
મારૂ જોબન તારા પુલડારે, તેતો જાય છે વહેતે પુર,
તે સાંભળીને શીમળાનુ ઝાડ કહે છે.
હુ નદી કીનારે વશુ શીમળાને સોટા પાંસરો દોર;
તારૂં જોબન મારા પુલડાને ભુંડી જાએ વાને વંટાળ.

પછી એક ચંપાનુ ઝાડ હતુ. તે જોઇને કહે છે મારા રાજા ચંપાની સુગંધ લે છે તેથી મને પણ અહી મળી.માટે એધાણી સારૂ બે ચારેક પુલ વીણી લઉં, નદીની સામી તીરે એક કેળનુ ઝાડ તે પેલા ચંપાને કહે છે કે મારા અમરત જેવા ફળ ને મારા પાતરામા સૌ ભોજન જમે છે તેનુ તો નામ નથી લેતી અને તારી પાસે ભમરો સરખો પણ નથી આવતો તે તારા ફુલ આ કોમળ સ્ત્રી હરખથી વીણે છે ભાઇ તુતો મહા નસીબવાન એમ કહે છે.

ચંપા તુતો સભાગીઓને, વળી શીતળ જોને તારી છાંય;
સાવલીંગા વીણે તારા પુલડારે; લંબી કરકર બાંય.
હુ સેનો સભાગીઓને સભાગીઆ રાણીના હાર, કે તે રાણીની ડોકમા હીંચે છે તે સાંભળી હાર કહે છે.
હાર કહે અમે શેના સભાગીઆને સભાગીઆ રાણીના ચીર
કેડે પડે જોને પાટલાને, વીંટાઇ વળે શરીર.

હે ભાઇ રાણીજીના ચીર આખો દહાડો શરીર ઉપર રહે છે તે સભાગીયાં છે વળતી ચીર કહે છે

ચીર કહે અમે સેના સભાગીયાને; વળી સભાગીયા નદીઓનાં નીર

ચીર ઉતારી કાંઠલે મુકયાને, નીરને સોંપ્યું શરીર.

અમે સભાગીઆં હઇએ તો ઉતારી વેગળે મુકે સભાગીઆ નીર કે જો આખુ શરીર સોપી દીધું છે.

નીર અમે શેના સભાગીઆને, વળી ઉલટો ધુવે છે જેને મેલ;
સભાગીઆ સાવલીંગા સુંદરી, એને રૂડો મળેરે કોઇ છેલ.

નીર કહે છે સાવલીંગા સભાગી, કે તેન પરણે તે સભાગી અમે શેના સભાગી: અમારામા તે મેલ ધુવે છે.

સાવલીંગા કહે હું શેની સભાગણીને, સભાગીઆ સદેવંતરાજ
રૂઠયા રાજા માનશે તો ભાઇ સુધર્યાં અમારારે કાજ.

ભાઈ હુ શેની સભાગણી પણ સભાગી મારા રાજા કે આટલું કરતાં રીસાઇ બેઠાં છે જો હવે મનાય તો સારૂ નહિ તો મારો ફેરો અફળ થશે એમ કહી વાડીમાં ચાલી.

સાવલીંગા રૂપસ્વરૂપ. વાંડી દીશા ચાલીયાં
કાજળ કાળી રેખ, નેણામા ડારીયાં;
કે વચનમાં બાંધીયાં કોય, વાડીએ પધારીયા.

સાવળીંગાને વેગળેથી ઉતાવળી શ્વાસ ભરી આવતી જોઇને મનમાં વિચાર કરે છે કે એકક ગલુ ન ભરે તે મારા સારૂં એ ગાઉ નદીએ જઇ પાણી ભરી લાવે છે. મેં તેને વગર વાંકે મારી એમ કહી પોતે કહે છે હવે આવે એટલે જટ જમવા બેસું પણ જ્યારે તે પાસે આવી એટલે વિચાર ફરી ગયા કે શુ આપણે એને પહેલા બોલાવીએ ? ગરજ હશે તો ધણીએ બોલાવતી આવશે હવે સાવળીંગા પાણી લઈ આવી પાસે ઉભી પણ રાજા બોલતા નથી. ત્યારે સાવળીંગા રાજાને બોલાવે છે.

દોહરો—રૂડી ચંપા કેરી છાંયડીને, ચંપા ચાંયરે શીયાળુ વાય;

જમી લ્યોને રાજનાને, વળી ભોજન ટહાડુ થઇ જાય.

હે મહારાજ જમીલ્યો ભોજન ટહાડા થાય છે,

પીરસ્યા વીના જોને પદમણીરે, એતો કામની કેમ ખવાય
અવર પુરૂષની ઓળમાર, એતો જુગતે જુગતેરે જમાય.

હે સાવળીંગા તું કહે છે કે જમીલ્યો જમીલ્યો પણ પીરસતી છે નહી તે સાભળી સાવળીંગા બોલી હે રાજ હવે સાંજતો પડવા આવી છે અને કોઇ જોવા આવશે તો મોટો વરઘોડો થશે પણ મને તો તેની હરકત નથી તમો જમોતો ખરા હું કોઇની બીક રાખતી નથી,
જેમ મેદ્દર્ન જેવા મળશે, વળી વીવાહમાં ફરે વરરાય.
તેમ જમશે રાજનાતો, તેમ જમાડુ મારા રાય.

હે રાજા લોકની ઠઠ જોવા મળે ને મારો વીવાહ થઇ રહ્યો હોય તેમ જો જમશો તોએ તેમ જમાડીશ.

સુણુ સાવળીંગા સદેવંત કહે ને વળી વર્તાઇ રહી બડી વાત
હેતેને પ્રીતે અમે પરણુશુને વળી નહિ વટલાવું મારા હાથ.

હે સાવળીગા હવે તો હું તારી સાથે પરણીને વર વહુ જમ છે તેમ જમીશ. તે સાભળી સાવસીગા બોલી.

સુણ સદેવંત સાવળીગા કહે ને વળી તનમા રાખુ જોને ટેક;
આજ જમાડુ રાજને, વળી વીવાહ કરતા વિશેક.

તમારી એવી મરજી તમારા વિવાહ કરતા વિશેશ રીતે જમાડીશ તે સાભળી સદેવંત કહે છે.

સુણુ સાવલીગા સદેવંત કહે ને વળી પાળો કે ન પાળો પ્રીત
હેતે ને પ્રીતે અમે આલીએરે તમને રાજવળાની રીત.

હે સાવળીગા હુ તને મારા રાજવસાની રીત આપુ તો ખરો પણ તુ પાળે કે નપાળે ત્યારે.

સુણ સદેવંત સાવળીગા કહે, ને વળી પાળીશુ અમેરે પ્રીત

હેતેને પ્રીતે અમને આલજોરે, તમારી રાણીજીની રીત.

હે રાજા અમેતે પાળશુ માટે અમને તે આપજો એ સાભ-ળી સદેવંત મનમો બહુ હરખ પામ્યો તેમ સાવળાગા પણ ખુશી થઇ પોતે કહે છે.

સોહુલો—હસી હસી કામની જોને જાલો હાથને સાભળો રાય મારી સાચી વાત,

કોડેથી આજ જમુ કંસાર મહુ મરત લોક જુએ સંસાર.

હે રાજા લોક છો જુએ સંસાર હુ આંજ કોડેથી જમી જમ ડીશ એમ કહી સદેવંતનો હાથ ઝાલે છે.

ચોપાઈ—ચંપા કેરી સાય જમાડુ રૂડા છેલને,
મેલી મરજાદ કરૂ રંગણી રેલને,
કરો કરોની વાત, ડરાવી હુંતો નહી ડરૂ
આલો મનની મોજ નહી તો વખ ખઇને મરૂ.

હે રાજા હવે હુ કોઇની લાજ મરજાદ ગણવાની નથી મારી સાથે સુખની વાતો કરો અને મનની મોજ પુરો.

કહો તો કામની તમને હીરા દઉને, વળી કહોતો આલુ ગામનેગરાસ
મોહ આવે તે માગજોરે, કામા તમને તુઠયો છુંરે આજ

હે સ્ત્રી હીરા મોતી ગામને ગરાસ જે માગે તે આપુ તારે ગમે તે માગ તને તુશમાંન થયો છું.

કુડી લાલચને શુએ કરૂને એતો ખાધેથી ખુટીખુટી જાય
પણ એક વચન આપો અલબેલડાને તે જુગજુગ ન વિસરાય
હે રાજા એવી હીરામોતીની લાલચ શુ કરવી આપો છો
ઘેર કાંઇ કમીના નથી પણહું તમારી પાસેથી એક વચન માગુ છું જે જુગજુગ વિસરીએ નહી તે સાભળી સદેવંત કહે છે

એકતો મારા ઘર કેરી ગોરીયાને એક મારા નેણા કેરી નાર

તુજ ઉપરથી બીજી સુંદરિને, વારી નાંખું સોસોર વાર.

હે સ્ત્રી કહેતો મારા ઘરની સ્ત્રીની માફક ગણું અને મારી સઘળી રાણીઓ તારા ઉપર વારી નાખુ. સાવળીંગા મનમાં કહે છે કે ઘડીમાં રીસાય અને ઘડીમાં મળી જાયે તેની સાથે પ્રીતે કરીએ તે જનમ સુધી નભે તો સારૂ નહિ તો ફજેતી એમ કહી રાજાને કહે છે.

નફટ આવો નહોતી જાણુતીરે, નીકર પગરે ઉપાડતી જોય,
બેર ઘડીને કારણેરે, રાજા ઘરના ગુલામરે ન હોય.

રાજા તમારા જેવા નફટ કોઇ નથી, ઘરના ગુલામની માફક રાત દીવસ રાખી કાઢી મુકો એમ થવાનું નથી એ સાંભળી રાજાને ક્રોધ ચઢયો કે મને તેં નફટ કહ્યો પણ તને મુકનાર નથી એમ કહી તરવાર લઇ ઉભો.

સુણ સાવળીંગા સદેવંત કહેને, વળી મેલુ તે મનની લાજ,
શીશ પડેને મારૂ ધડ લડે, તે વળી તોયે ન મેલું તને આજ.

સોહલો—તોએ ન મેલુ તને આજ, કેમ કરી રહેશે તારી લાજ,
સમયા સમજીને તું લે. અને કહેવું હોય તે અમને કહે.

એવાં વચન સાંભળી વીચાર કરે છે કે રાજા મેલનાર નથી મરશે કે મારશે પણ હું એની રીસ ઉતારૂં.

દોહરો— શીશ સલામત રાજવીને, તમે જુગ જુગ અમર રહો.
અમે ઘર દીશાએ ચાલીયાંને વળી કહેવું હોય તે કહો.

હે રાજા તમે મારવાને કેમ ઉભા થાઓ છો અમે અમારે ઘેર જઇશું સદેવંત તરવાર મ્યાન કરી કહે છે જઇશ નહી તને ગયા કેડે મને ગમશે કેમ તને વળી મારૂ પણ મારો જીવ ખોઇશ.

ચોપાઇ—શીશ સલામત રાજ, એવી રીસ નવ રાખીએ,
પ્રેમે પાળો તમારે હાથ, સમરસ ચાખીએ,
દયા હોય કીરતાર, તો તો આપણે ખાઇએ,

આલ્યાં હોય દાન ક્યીર, સોનું ક્યાંથી પાઈએ.
સોનું રૂપ સ્વરૂપ, તેમાં નહી વાસના,
ન કરતો નાગરવેલ, ભુલ્યો નવ તારના.

દોહરો—હમણાં ભય વરતશો, તો વળી વીધાતરા શું નારી વેર,
અમને એવડું શું કહોને, વળી કુળમાં કરીશ રજ કેરે.

સોહલો—વીધાતરા શું તારે વેર, કહીએ તો લાગે કડવું ઝેર,
હવે નથી તું મારે હાથ. ને તજ્યો મહારાજની નાત,
રાજા કહે તારે મને ચીડવીને અહીં લડવું છે.

ચોપાઈ—પણ આવડી શું કરો છો અલવાણ, પ્રિતો જોવા જેવડી.
હું રંકને ઘેર રત્ન, વીધાતરા થઈ વેવલી.

હે રાજા તારા જેવા રાંકને ઘેર મારા જેવું રત્ન ક્યાંથી મળે તોએ તમે રીસાઇ જાઓ છો, રાંડ વીધાત્રાજ વેવલી છે આના લેખ લખ્યા તે સાંભળી સદેવંત બોલ્યા,

દોહરો—સુણ સાવળીગા સદેવંત કહેને, તુંતો ભુલ્યો તે ભેદ બતાવ
ભોજન કરીએ આપણ બે જણાં, ને વળી એક ઓરી તુંતો આવ.

હે સ્ત્રી હવે રીસ નહી કરૂ માટે પાસે આવ આપણે એઃઠાં બેશી જમીએ, ત્યારે સાવળીંગાએ કહ્યુ કે તમારી જોડે બેશીને વટલાઇ મરવું છે.

અમે વેપારી રાજા વાણીઆ, વળી પળીએ વેચંતાં તેલ,
તમારે અમ વચ્ચે અંતર ઘણુંને, વળી ક્યાંરે ચંપાને ક્યાં કેળ,

હે રાજા અમે તો તેલના વેચનારા, જેટલો કેળ અને ચંપાનો અંતર છે એટલો તમારા ને મારા વચ્ચે છે.

નથરે વેપારી જોને વાણીયા, ને ગેઃરી નથીરે વેચતાં તમે તેલ,
તમરે અમમાં રાણી અંતર નહી, જેમ ચંપે વીંટાણી નાગરવેલ.

હે સાવળીંગા જેમ ચંપાને નાગરવેલ વીંટાણી છે તેમ હું મને વીંટાએલી છું હવે તારા મારા વચ્ચે આંતરો છે ? વહાલામાં વટાળ હોય નહી મારા ભેગી આવીને બેશ.

સોનુ જાણીને રાજા સંગ કરૂ તેને વળી નીપજે જાત કથીર;
કાયા વટાળી અને જાત ખોઇએ, તો વળી સાંસાં પડેરે શરીર;

હે રાજા તમે કહોતો તમને હું હાથ વતી જમાડું પણ તમારા ભેગી બેસીને જમવાની નથી કેમકે સોનું જાણીને સંગ કરૂ ને મહીથી કથીર નીકળે તો કાયા વટાણી પછી વીમાસવું પડે એવાં વચન સાંભળી સદેવંતના મનમાં રોશ ભરાયો તેથી થાળને ખસેડી મુકી હાથ ધોઇ વેગળો બેઠો હવે સાવળીંગા વીચાર કરે છે કે આતો વળી ઉલટી પાછી પીડા થઈ. રાજા પાછા રીસાયા તેથી રાજા પાસે જઈને કહે કે હું તો મશ્કરીમાં હસતી હતી, આપણે ભેગાં બેસીને જમીએ તેમ તેમ રાજા અવળું જોઇ બેસે છે અને કહે છે કે હવે તો મારે ખાવુંજ નથી ત્યારે સાવળીંગા મહા રૂદન કરે છે ને રાજાના મોઢા આગળ ખોળા પાથરે છે. તેઓ માનતા નથી.

સોહરો—નરની અગાડી નારીખોળા ધરે તેમતેમ અલબેલો અવળો ફરે;
નારી બેઠી રૂદનજ કરે આંસુડાંની ધારા ઝરે.

તોએ રાજા મનમાં કાંઈ દયા લાવતા નથી, સાવળીંગાએ વીચાર કર્યો કે હવે હું રીસાવું તે વગર એ મનાશે નહી એમ ધારી પોતે રીસાય છે.

ચોપાઇ—-આંખે આંસુડાંની ધાર, આંખેથી ઉડીયાં;
મરશે રાણીને રાજ, જવાબ તે દઇ ગયાં.
પદમણી કહે છે કે રાજ, પ્રાણ અમે પાડશું;

હે રાજા હવે તમે માનતા નથી તેથી હું પ્રાણ મુકીશ એમ કહી સાળુનો કછોટો વાળી કુવા ભણી ચાલી રાજા કહે છે કે

કુવે પડી મને નામોશી આપશે તેથી રાજા પોતે સાવળીગાને ઝાલવા દોડયા અને કુવા ઉપર જતાં તેનુ કાંડું ઝાલીને પાછી ખેંચે છે તોએ માનતી નથી અને કુવા ભણી તણાતી જાય છે ત્યારે સદેવંત તેને નાના પ્રકારના કાલાવાલા કરી કરેગરે છે ત્યારે સાવળીગા કહે છે.

પાલવડે મત જુમ, ભમરા તું [illegible];
આંખે હાથ ન લગાડ, આંબા છે રાવળા.
કાચી કળીયાં મત તોડ, તુટેગીરે ડાલીયાં;
છેડા હમેરા છોડ, દેઉગી તને ગાલીયાં

હે સદેવંત તું તારો પાલવ મુક, અને મારૂ કાંડુ ઝાલે છે તેમ તે જશે તેથી હું તને ગાળો દઇશ.

ગાળો દેજે જગદીશ, ગાળો તારી સાંખશું:
તુજ સરખી નાર, તે તો ઘેર લાવશું.
શેઠ મોટા શાહુકાર, લુટાવે ફુલ વાડીયાં.
તું દળી એક ગુલાબ, કાયકુ દેતી ગાલીયાં.

હે સ્ત્રી તું મને ગમે તેમ ગાળો દે, ગમે તેમ કર પણ હું તેને મુકનાર નથી હું તને કાલા વાલા કરૂં છું કોટમાં હાથ નાંખું છું. તોએ તું મને ગાળો ભાંડે છે એવી રીતે સાવળીગાને ઘણી રીતે સમજાવે છે પણ માનતી નથી ત્યારે રાજા સમ ખાય છે કેહું જો તને દગો દેઉ અને તારાથી બેમાન થઉ. તો મારા પીતા શાલીવાહનના સમ છે એમ કહી રાજા ગદગદ કંઠે જઇ રહ્યા છે. સાવળીગાએ વીચાર કર્યો કે જો હું ઘણી રકઝક કરીશ તો કોપાયમાન થઇ કાં મારૂ કે કાં એમનું માથું જુદુ કરશે માટે હવે બોલું એમ કહી કહે છે.

દોહરો—પદમણી ને તો પ્રીત ઘણીને, વળી રાજાને ઝાજેરે રીસ;
ઓરા તેડીને ચોકમાં, મારૂં વાઢી લેશે શીશ;

હે રાજા હું તો પ્રીતમાં આમ કરૂં છું પણ તમે ઘણા રીસા

ળતા છો માટે પાસે બોલાવી માંથુ કાપી લ્યો તેથી હું બીહું છું પછી બંને જણ થાળ આગળ આવી જમવા બેઠાં અને ત્યાં નાના પ્રકારના હાસ્યવીનોદ કરતાં જાય છે અને અરસપરસ એક એકનાં મોંઢામાં કોળીયા ઘાલતાં જાય છે પોતાના હેતમાં સાવળીંગાને ઘણું ખવરાવે છે ત્યારે સાવળીગા સદેવતને કહે છે.

અન્નથી એદકુ કોઇ નથી ને રાજા સજણ કે સેણુ;
જમી લ્યોને ઠાકૈરારે વળી નેહે ગોર કરે જોને નેણુ.

હે રાજા અન્નથી કોઇ મોકું નથી કાં સજન રજન કહેતાં ચાંદની રાત તે બધા અન્નથી ઓછા હેતવાળી છે આપણી આંખો નેહ કરે છે માટે એક એકના મોઢામાં ઘાલ્યા કરતા વધારે છે, માટે તમારે હાથે જમી લ્યો.

ચોપાઇ—ભોજન કરતારે જાઓ નીરખો તમે નેણશું
અરની રાખું આજ સદેવત સહેજ શું.
કસાર, પદમણી અતી પ્રેમશુ
પ્રીત અદકેરી હોય બોલાવોને વેણુવું.

હે રાજા તમે જમતા જાઓ અને આંખે જોતા જાઓ પણ ઘડીએ ઘડીએ મને કાંઈ ગોદા મારો છો કાંઇ ગળામાં હાથ તો ઘાલો છો મને ચુંટીઓ ખણો છો તે શું કરવા કરો છો હું આજ કડી કંસાર ખાનાર નથી.

જાુંગતે કરીને કોઇ રાજાને જમાડીયા,
મનગમતા મુખવાસ અલબેલા આપીયા.
કયારની કરૂં છું અરજ હાથ મેં તો જોડીઆ;
શીખ દયોને મારા શામ જીવ મારા ઉદાસ થયા.

હવે સાવળીગા હાથ જોડીને કહે છે કે જમતાં જમતાં આખો દહાડો વહી ગયા માટે મને રજા આપો—તો હું જાઉ કેમકે મને વાર

થઇ તેથી હમણે ગોર પેશ્વા હાથીયાને મોકલશે ને તે આંહી આવશે તો પછી ફજેતી થશે મન હશે તો માળવે મળી શું તે સાંભળી કહેછે

દોહરો—પદમણી આંખ્યાં શું જોઇને વળી શું જાણે ચપોને શાળ

સુડા તારી સાખ્યે પુરશે ને વળી પદમણી પાસ તું તો હાલ્ય

હે સ્ત્રી જરા વાર અહી બેશ અત્યાર સુધી તો રીસાવા મનાવામાં વખત ગઇ ત્યારે સાવળીંગા કહે છે કે હે રાજા આવી ઉત્તાવળમાં મને ખોટી કરવાનુ કરો છો પણ ગોર પુછશે તો શું કહીશ ત્યારે સદેવંત કહે છે કે તું ગમે તે જવાબ દેજે પણ જરાવાર તો બેસતો ખરી તે સંભળી સાવળીંગા કહે છે.

સુણ સદેવંત સાવળીંગા કહે ને મારા હયડામાં આવે છે વીચાર
ઓરા ન અમે આવીએને તમારાપંડનો નહી પતીઆર;

હે સદેવંત રાજા હું તમારા પાસે આવું તો ખરી પણ મારા મનમાં વીચાર આવે છે કે તમે ઘણા રીસાળવા છો તેથી તમારા પંડનો પતીયાર પડતો નથી.

સુણ સાવળી સદેવંત કહે ને મેંતો મેલી છે મનની માણ;
પદમણી ઓરા આવજો ને વળી શાંખ્ય લખું શાશીવાન,

હે સ્ત્રી મારા બાપના સોગન ખાધા તોએ તું માનતી નથી પણ જો હું તારાથી દગો કરૂં તો મારી સાત પેઢીના સમ છે એમ કહી પછી તરવાર ઉઘાડી કરીને કહે છે કે આ શક્તિ મને પુગે રાજાનો ઘણો આગહ જોઇ સવળીંગા બહુ ખુશી થઇને રાજાને કહે છે.

સમ તમારા અમે પાળીયે ને ઓ લોહ ધારા શુરંત
અમે વેહેપારી વાણીયા રાજા દેખી દેખીને ડરંત

હે રાજા હું તમારા સમને માનું છું પણ આ ધારવાળું લોહોડું શું કરવાનું છે કે તેને વારે વારે તો ઉઘાડું કરો છો અમે તો વાણીયા તે જાઇને બીહે છીએ તે સાંભળી સદેવંતે તરવાર મ્યાન કરી

આપી નાંખી દીધી અને સાવળીંગાનો હાથ ઝાલી ભોંય ઉપર બેસારી

સોહુરો;—ચંપાને થડે બેઠા જોડા જોડ, ઉપર સુડા કરે કલ્લોલ,
નરને નારી બેઠાં ઓળાઓળ, નહીરે ખાંપણુ કે ખોડ

ચોપાઈ;—ચંપા કેરી છાંય, સોલ કેરો સાથરો,
રત્ન જડીત ઓછાડ. તેતો સેજે પાથર્યો.
મુખશુ મુખ મીલાવ, ચુંબન અલબેલો કરે,
અરસપરસ વદતાં મીઠી, વાત મુખમાંથી મોતી ઝરે.

બન્ને જણાં ચંપાની છાયા તળે સાળુના સાંથરા ઉપર રત્ન જડીત ઓછાડ પાથરી બેઠાં છે અને એક એક અરસ પરસ નાના પ્રકારના હાસ્યવિનોદ કરે છે હવે નિશાળમાં ગોર છોકરાંને કહે છે સાંજ પડીને હજી સુધી વાડીએથી કોઇ આવ્યું નહિ માટે કોઇ ખબર કહાડવા જાઓ, ત્યારે કાંણીઓ કહે સાહેબ કહો તો હું જઇ આવું ગોર કહે તું એકલો જઇશ તે કુવર મહા રીસાળવો છે માટે તને મારી નાંખશે તેથી તું તારી સાથે બીજાને તેડી જા, તેથી કાંણીઆનો ભાઇબંધ બાડીઓ કરીને મહા ખંધો હતો તેને લેઇ પોતે બન્ને જણા વાડી ભણી દોડતા ચાલયા ગોરે વિચાર કર્યો કે એ છોકરાં છે માટે હું પાછળ પાછળ જાઉં નહિતો એમનો કાંઇ ઘાટ ઘડાઇ જાય એમ ધારી ગોર પોતે હાથમાં લાકડી લઇ ધીરે ધીરે પાછળ ચાલ્યા જાય છે.

દોહરો—ગોરે નિશાળીયાને સાવધ કરવાને, વળી વાડીએ મોકલવાને સોય
સદેવંત સાવળીંગા ગયાં વાડીએ, એને જઇ આવોને જોય,

ચોપાઈ—જઇ આવોને જોય, હજુ લગણુ શુ કરે;
છોકડીયાંની લાજ, હઇયામાં નવ ધરે;

હવે તો પેલા કાંણીઓ ને બાડીઓ એ વાડની બહાર ઉભા રહીને જુવે છે બંને જણા ચંપાના થડ નીચે જોડાજોડ બેઠેલાં છે તે સાંમા હાથ કરીને કાંણીઓ બાડીયાને બતાવે છે કે જો પેલાં કેવાં

નીરાંતે બેઠેલાં છે તેટલામા સાવળીંગાએ બાડીયા તરફ જોયું તો કાણીઓ દીઠા એટલે ઝડપ ઉઠતી કે લુગડા સજ કરી હાથમાં થાળ લેઇ સદેવંતને તેમની ભણી લાંબો હાથ કરી કહે છે.

બેઠાં છે જોડા જોડ, ચંપા કેરી છાંયડી
શીખ દીયો નેશાન, દહાડો રહ્યો બે ઘડી;

એટલે સદેવંતે સુરજ જોવાને વાડ ભણી નજર કરી તો છોકરા દીઠા એટલે તરવાર તાણીને તેમની પાછળ થયો એટલે છોકરા પોતે મુઠીઓ વાળીને નાઠા. નાસતાં નાસતાં ગોર સામા મળ્યા એટલે ગોરને કહે છે.

દોહરો—અમને વીતીને તમને વીતશે ને તમે સાંભળો પંડીતસે પ્રવીણ
સરખે સરખાં મોહ્યાં, ને ગોર તમે અકકલના હીણ

હે મહારાજ તમે જાઓ છો ખરા પણ અમને વીતી તે તમને વીતશે તમારી અકલ અકલ ફુટી ગઇ હતી કે આવા ડાહ્યા થઇ બે સરખે સરખાંને મોહ્યા છે તે સાંભળી ગોર કહે છે કે ભાઇ ત્યાં એવું શું છે ? ત્યારે કાણીઓ કહે છે કે સાભળો.

ચીર ઉપર ઓઢી ચુાદડી, ને વળી પીળા પાથરીયાં;
લાલકુંજના, બચોરીરે જેમ સજોડે જડીયાં;

હે મહારાજ ચીર ઉપર ચુંદડીને તેના ઉપર પીળી પામરી ઓઢીછે ને જેમ લાલ કુંજન બચોરીયાં ભેગાં લપાઇને બેસે તેમ બેઠાં છે ગોર કહે એતો ઠીક પણ આપડી વાડીની શી ખબર છે ત્યારે કાણીઓ કહે સાંભળો,

સાલ વાઢીને કીધો રાથરોને, વલી અડધ સુડા ખાય,
ગોર તમારી વાડીઓરે, તેતો ભેળાઇ ભેળાઇ જા",
ખાંડાં ભરાવ્યાં મહેતા ખીંટીએને, વળી શીરોઇ ઓકારાં ખાય;
શાલ દુશાલા પાથર્યારે, ત્યાં તો બેઠાં સદેવંત રાય,

એ સાંભળી ગોર મહા ઉદાસ થઇ વાડીના ઝાંપા આગળ આવી ને ઉભા છે હવે સાવળીંગા મહા ઉદાસ થઇ રાજાને કહે છે.

ચોપાઇ—શિલવંતીની શિલ, પ્રીતમાં પાળીયાં,
તમે રાજવંશી પુરૂષ રૂપ, અમે જાતનાં વાણીયા.
શિલવંતા રાજા જોઇ, સોજ તમારા સાંભળે,
ભવો ભવ ભરથાર, વાલમ નહી વીસરે.

દોહરો—હું પડદે રહેતી પદમણીને, વળી દીવસ ન દીઠો જોને કોય,
સાચુ માનો સદેવંતારે, મારૂ દુશ્મન કોણુજ હોય.
અતીતને લોટ આપીએને, વળી નઇએ ઉતારયા નખ;
તે દહાડેથી ચટપટ લાગીરે, મને ઘડીએ ન રહેતુ જોને સુખ.
નઇએ નખ ઉતારીયાને, વલી તે દીવસથી વરતી તમે વાત;
અદક પાંસલી આવીઓને, મારા ઘટમાં કરી ગયેલ ઘાટ.

હે રાજા તમારૂ સોજ મને ઘણું સાંભળે છે એમ કહી રૂદન કરે છે તે જોઈ સદેવંત કહે છે કે તું મને રજા આપ.

આ જીભે જાઓ નહી કહું, ને વળી કહું તો જીભ કપાય.
જાતા તમને જાણીનેરે, મુને વીમાસણ થાય.
વાડી થશી વલીયાંને વળી ચરચર દાજે મનમાંય
તમને મુકતાં સાયબારે, મુને વાડી તે ખાવા ધાય.

હવે સાવળીંગા પોતે લુગડાં સજી હાથમાં થાળ લેઈ ઘર ભણી જાય છે અને સદેવંત પણ પોતાનાં વસ્ત્ર હથીયાર સંભાળી ઘર ભણી જતાં પોતાના મનમાં કહે છે.

સોહલો:—હાયરે સુંદર મારી ચાલી જાય, ને વાડી મને ખાવા ધાય
કાણીયે બગાડી મારી સારી પેર, ઉદાસ થઇ રાજા ચાલ્યા ઘેર.

રાજા પોતે કાંણીયાને ગાળો ભાંડતા આડે રસ્તે થઇ ઘરભણી

ચાહ્યા અને મેહેલમાં જઈ બેઠા હવે સાવળીંગા વાડીના ઝાંપા આગળ ગઈ ત્યાં ગોર કહે છે બાત આપી ;પાછા આવવું કે અહી બેસી રહેવું મારીને વાડી બેદાનમેદાન કરી નાંખી તેવાં ધમકીના અવાજ સાંભળી સાવળીંગા ગોરને કહે છે.

તમો ગોર નમસ્કાર, ને વાડીમાં તો મને ન લાગીવાર
સાલ વાઢીને સાથરો કર્યો, બીજો બગાડ કાંઇ નથી કર્યો
ગોર તમારી વાડીએ ફુલ છે તેમાં વાસજ નહીં
ફોગટ ફેરો અમને થયો, રાજા તો કેઈ વારનો ગયો,

હે મહારાજ રાજા ગે ઘણીવાર થઇ ગયા છે તેમાં મેં જાણ્યું તે બાવને હું થોડીવાર હમણાં હુડા ઉડાડું તેથી મને વાંર લાગી સાંભળી ગોર કાણીયાને કહે છે કે તું કહેતો હતો કે બે જણ બેઠાં છે તે કયાં છે કાણીઓ કહે સાહેબ હમણાં હતા ત્યારે સાવળીંગા કાણીયાને કહે મુવા હમણા હતા તો કયાં ગયા શું પાંખો કરીને ઉડી ગયા તુંજ લડાઇખોરો છે કે જેને તેને જુઠું સાચું ભરાવે છે હવે ગોર સાવળીંગાનાં લુગડાંનો ડોળ ફરી ગયેલો જોઇ સાવળીંગાને કહે છે.

દોહરો:—ગુણકા કેરી થઇ છોકરીને, તેં તો માંડયો ગુણકા ઘાટ;
કોણે ચીર તારાં ભીંજાવીયાંને, વળી કોણે લગાવ્યા હાથ

હે સાવળીંગા તારાં ચીર કોણે પલાળીયાં, તે સાંભળી સાવળીંગા ગોરને કહે છે.

નથી ગુણકાની હું છોકરીને, ગોર નથી ગુણકાનો મારો ઘાટ.
ચીર કોણ ભીજવશે, ને મને કોણ લગાવેરે હાથ.
હે ગોર મારા ચીર કોણ પલાળનાર છે તે સાંભળી ગોર કહે છે.
લીલી અતલસનુ તારૂં દાપડુને માંહી જીણા ટાંકેલ મોર,
મોર તારાં કોણે ઉખેડીયાંને એવો કોણ મળ્યો તને ચોર;

તારી અતલસની કાંચળી ઉપર જે મોર હતા તે પણ ઉખેડી નાખ્યા છે ! તે સાંભળી સાવળીંગા બોલી.

સેજ અતલસનું મારૂ કાપડુને, માંહી ટાંકેલ ટંકેરે મોર,
ગોર તમારી વાડીએ જઇને, મને સદેવંતે કીધી ઝકઝોળ.

હે ગોર તમે મને ક્યારના આળ મુકો છે. તારે જાવ સદેવંતે મારા મોર ઉખેડી નાખ્યા અને ચીર પલાળ્યાં.

ચોપાઈ:—શીખ દીયોરે ગોર ઘર દીશાએ ચાલીએ;
રૂડાં વધા ણું હોય, કોય પીતાજીને આલીએ;
પછી ગોર પાસેથી શીખ લઇ ઘર ભણી જાય છે,
સાવળીંગા રૂપ સ્વરૂપ, ઘર દીશાએ ચાલીયાં;
આવે છે મેહોલો માંય, પીતાજીએ ભાળીયાં.

જેવી સાવળીંગા પોતે મોહોલમાં જાય છે તેવીજ તેના બાપે દીઠી ત્યારે વીચાર કરે છે.

સોહલો:—કંથ જોગ થઇ કુંવરી વીશાળ, ઠાલી માથે બેસે છે ગાળ;
હવે નહી રહે આપણે હ થ, માટે નોતરીએ માઝનની જાત,
મોતીએ મેલ્યા સોને સળે, ચાલતુ નીર સાગરમાં મળે;
કહ્યાનો હવે નથી કાર, વાર કરયાનો હવે નથી વહેવાર.

હવે છોડી પરણવા જોગ થઇ તેથી ઘડીયાં લગન લેઇ પરણાવી દેવી હવે સદેવંતને કાંઇ સુજ પડતી નથી. મધરાતને સમે પલંગ ઉપર ઉંઘ આવી તેથી ઉંઘી ગયા અને ઓચીંતાનું સ્વપ્નું થયું કે જાણે હું ને સાવળીંગા બંને જણ ચંપાબાગમાં બેઠાં છીએ ને હું ગળામાં હાથ નાખવા જાઉં છું એમ પોતે ઉંઘમાં લાંબો હાથ કરી નાંખ્યો એટલે જાગી ઉઠયો ને જુવે છે તો ચંપા ડાળે નથી ને સાવળીંગા એ નથી ફક્ત પોતાના હીરામણ પોપટના પાંજરા શીવાય બીજું કાંઇ દીઠું નહી તેથી મહા નિરાશ થઇ કહે છે.

દોહરોઃ—સ્વમા તું તો સુલતાના ભયોને વળી રહ્યાં મહી સારી જોને રાત,
કામણગારી વિયોગે ગઇ, ને વળી હેતેરે મેં નાખ્યો હાથ,
હે સ્વમા તું સારી રાત કેમ ના રહ્યું જો તું સારી રાત રહ્યું હોય તો મારે સાવળીંગાનો મેળાપ રહેત પણ આ તો ઉલટો વીયોગ થયો.

ચોપાઈઃ—હેતે ગળામાં નાખ્યો હાથ. ચમકીને ઉઠીયા,
ઉઠ કહેતા જીવ કલપાય, મજા ન લુટીયાં.

હે સ્વમા હેત કરીને હું ગળામાં હાથ નાખવા ગયો પણ જાગવું પડયું ને ઉલટો જીવ કલ્પાવા લાગ્યો.

હૈડામાં મોટી છે હામ, મનનીરે મનમાં રહી;
કોને કહું વાત. કામન તે વિયોગે ગઇ.

પછી પોતે પલંગ ઉપરથી ઉઠીને મહા નિરાશ થઇ ઝરખે આવી જુવે છે તો સાવળીંગાનો મેહેલ સામો દેખાય છે તે જોઇ પોતાના હીરામણ પોપટને કહે છે.

દોહરોઃ—સો સો કોસે જોને શેણુવસેને, વળી અહીયાં તે કયાંથી હોય;
કુણે શોહાગી સુડલાને, વળી તેને કોણ તે આવે જઇ જોય.

હે પોપટ આ સાવળીંગાનો મેહેલ દેખાય છે પણ મારે મન તો સો કોસ જેટલો વેગળો છે ને તેની હવે કોણ ખબર લાવે એવું તે સાંભળી પોપટ કહે છે.

ચાકર છું તમારો ઠાકરાને, વળી જયાં મોકલો ત્યાંરે જાય;
લખવું હોય ત્યાં લખજોને, તમારા મનના માન્યા કામ થાય.

હે રાજા તમારો હું ચાકર છું ને તમે એમ શું બોલ્યા કે તેની કોણ ખબર લાવે? આવી રીતે પોપટનાં વચન સાંભળી રાજા ઘણો હરખ પામ્યો ને કાગળ લખી પોપટની કોટે બાંધ્યો તે લેઇ પોપટ ચાલ્યો સાવળીંગા મેહેલમાં સુતી છે તેને પણ સદેવંતના જેવું સ્વપ્નું

આવ્યું ને તે ઓચીતી ઝબકીને જાગી તો કાંઈ દીઠું નહી પછી પોતે નીરાશ થઇ પોતાના પલંગ સામે એક મોટો તકતો બાંધ્યો છે તેમાં પોતાની છબી જોઇ કહે છે.

પાન ચાવ્યું તે મુખ લાલ છે, ને તારાં અમૃત જેવાં જોને વેણુ
સ્વપ્નામાં દુખ દેઈ ગયાને, વલી લાલ તારાં જોને નેણુ.
ચોપાઈ—જબરી લાગી નેણુકી ચોટ, તુને બરછી લીની મારને.
તેરે મારનેકી દાદ ફરીયાદ. કોસે મેં જાઉ પોકારને.

હુકમ મારે હુકમશુ, સજન છેહ દેઇ ગયા.
કેતાક જીવ કલપાય, મનના વિચાર મનમાં રહ્યા.

હે રાજા સ્વપ્નામાં તમારાં નેણ જોઇ અને તમારાં વેણુ સાંભળી મહા ખુશી થઇ હતી એવું બે ઘડી રહ્યું હોત તો મારો જીવ ખુશીમાં રહેત પણ આતો જાગીને ઉદાસ થવું પડયું એવી રીતે પોતે મનની વીષે ચિંતા ધરી ઉદાસ થઇ સાવળીંગા પોતે બારીએ આવી બેઠી છે ને સામો સદેવંતનો મેહેલ દેખાય છે તે જોઇ કહે છે.

દોહરો—સાપી મેડીએ મારા સજ્જન વસેને, વળી કોણુ લાવે સમાચાર
પ્રથમ લેઇ ચાંપુ મારા ઉરમાંરે, વળી આપુ તે માલ અપાર.

જો આ વખત કોઇ મહારાજાની મેડીએથી રાજાના સમાચાર લાવે તેને મોં માગ્યો સરપાવ આપુ એવો તુરંગ ચલાવે છે એટલામાં પેલો પોપટ રાજાની ચીઠી લઇ આવતો જોયો તેથી પોતે મનને વીશે ઘણી ખુશી થઈ રાજાની ખબર પુછે છે ત્યારે પોપટ કહે આ ચીઠી વાંચી જુઓ ચીઠી લેઇ મહા આનંદ પામીને કહે છે.

ભલે આવ્યો સભાગી સુડલા, વળી ભલા લાવ્યોરે સમાચાર;
વારી વારી લેઉ તારાં વારણુંરે, તને આપુ એકાવન હાર.

હે પોપટ તું ભલે આવ્યો. ને રાજાના સમાચાર લાવ્યો તને વધામણીમાં આ હાર આપુ છું એમ કહી પોપટની કોટમાં હાર નાખવા

જાય છે એટલે પોપટ સાવલીંગાને કહે છે.

અખંડ રહે ગોરીઆંને, વળી અખંડ તારોરે અવતાર;
લખવું હોય તો લખજોને, પંખી શું કરે તમારો કોઇ હાર,

હે સ્ત્રી તમે અખંડ રહો ને તમારો અવતાર પણ અખંડ રહો મારે હારને શું કરવો છે કાંઈ લખવું હોય તો લખી આપો તો લઇ રાજા પાસે જાઉં પછી સાવલીંગા કાગળ વાંચે છે.

તું સભાગી સુડલાને, વળી કાંઇ ઉડી ઉડી જાય;
સોને મડાવુ તારૂ પાંજરૂને, ભુડા મોતીએ લેઉંગે જડીય.
સુનાં મંદીર સુનાં માળીયાં, ને વળી સુનુંરે બધું ગામ.
જેદી રાજા વિયોગે ગયા તે દી મને નિંદ્રા હરામ.
વારી વારી લેઉ વારણાં ને વીરા એક ઓગે તુંતો આય.
સંદેશો લાવ્યો મારા શામનો, તે હું વાંચુ ને તું વંચાય.
ચોપાઈ—ચંપા કેરી છાંય, શાળ કેરો સાથરો;
કોડે આવ્યો છે કોઇ, તેતો નથી વીસરયો.
હઈડાની જે ઝાઝી હામ તે મનની મનમાં રહી,
કહેતાં જીવ કલપાય, કામની તું વિયોગે ગઈ.

હે સ્ત્રી તારી જે પ્રીત તે હું જરાએ વીસર્યો નથી અને તું વીયોગે ગઇ તેથી મારો જીવ ઘણો કલપાય છે એ વંચી સાવલીંગા કહે કે રાજાનું મારા ઉપર ઘણું હેત છે પછી પોતે કાગળ લખી પોપટની કોટે બાંધ્યો અને પોપટને કહ્યું ભાઇ રોજ એક બે વખત રાજાને ત્યાંથી સમાચાર લેઇ મારી પાસે આવજે, પોપટ કહે સારૂ એમ કહી ચાલતો થયો, હવે પોપટને તો વાર થઇ તેથી કુંવર મહા ચીંતા કરે છે.

પોપટ પંખીની જાત રાડે ભમાવીયો.

ગુણવંતો ગંગારામ, હજુ નવ આવીયો.

રાજા કહે કોણ જાણે રાંડે ભરમાવીને ત્યાં બેસાડી મુકયો એ વામાં પોપટ આવ્યો તે જોઇ કહે છે,

સોહલો—પોપટ પંખી ચતુર સુજાણ, પઢો પારવતી તમે શ્રી ભગવાન;

ગુણવંતો આવ્યા ગંગારામ, તેં કીધાં મારાં સરવે કામ.

પોપટ તું આવ્યો તે ઠીક થયુ, હવે મારૂ બધુ કામ સફળ થશે, પછી સાવળીંગાનો કાગળ રાજા વાંચે છે.

ચોપાઈ—સારા સારા સમાચાર લખીને તમે કાવજો;

અને મારે મેહેલે રાજ તમે આવજો.

એથી મળેરે એકાંત, અમનેરે તેડાવજો.

અમને મળેરે એકાંત, તો તમે વેહેલા આવજો.

રાજા વાંચીને ઘણા ખુશી થયા એમ કરતાં પ્રભાતનું પહોર થયું એટલે સાવળીંગાના બાપ પદમશા શેઠે પોતાનાં સગાં તેડાવી વીવાહની તૈયારી કરવા માંડી.

શેઠ મળી શાહુકાર' હડતાલો હાટે દીજીએ;

સાવળીંગા કેરાં લગ્ન ઘડીયાં આપણ લીજીએ.

ગોરને તેડાવ્યા આજ લગ્ન લખાવીયાં.

ઢમ ઢમ વાગ્યાં ઢોલ, ગાય છે સાહેલીયો.

સોહલો—ચોખા કંકાવટીને લગ્નજ સાર, લગ્ન વધાવે વારંવાર;

સાતમને સોમવાર, લગ્ન કહેવાય પધારજો તમે રૂપાશાય.

ચોપાઈ—શંકર તેડાવ્યા ચાર લગ્ન લખાવીયાં ગામ ગામથી કોઇ;

સગાંઓને તેડાવીયાં સાતમે સોમવાર, આઠમપલ આવજો;

કોરાવી માણેક થંભ, માંડવ રોપાવજો.

સાવળીંગાનો બાપે લગ્નનીરધારયા મે ગોરને સાવળીંગાના સાં

સરે મોકલ્યો. હવે રૂપાશાએ પોતાનાં સગાંવહાલાંને બોલાવી તૈયારી કરી પછી સવારના પહોરમાં રૂપાશા શેઠ હાથી, ઘોડા, પાલખી રથ તથા ઉંટ સાથે તમામ જાન લઇ નીકળ્યા. તે સાંજરે મુગી પર પાટણ આવ્યા અને ગામની ભાગોળે તળાવ ઉપર પડાવ નાખ્યા ને તોપો ને બંદુકોનાં અવાજ કરવા માંડયા એટલે પદમશા શેઠને ખબર થઇ કે જાન આવી માટે આપણે સામા વરઘોડો ચઢાવી સામઇયુ કરી જાનીવાસે તેડી લાવીયે પછી શેઠ પોતાનાં સગાંવહાલાંને તેડી વરઘોડો ચડાવી તેડવા ગયા હવે ઘર આગળ સાવળીંગા ને તેની સાહેલીયો છે પછી સાવળીંગા વીચાર કરે છે કે હમણાં જો હું રાજાને મળુ તો લાગ ઠીક છે તેથી સાહેલીયોને કહે છે.

સોહુલો—સાવળીંગા મનમાં કરે વિચાર, લગ્ન તો આવ્યું સાતમ સોમવાર

ન જોઇ મેં બંકી બજાર, ન જોયાં મેં ચંદનનાં ઝાડ.

ન જોઇ મેં નગરની વાટ, ન જોયાં મેં ગાંધીનાં હાટ;

નથી જોયા પનઘટના ઘાટ, સાસરે જઇ શી કરશું વાત.

હે સખીયો હવે મારૂ લગન આવ્યું ને મેં આપણી બંકી બજાર ચંદનબાગમાં ચંદનના ઝાડ જોયાં નથી ને હું સાસરે જઇશ ને મને ત્યાં કોઇ પુછશે તો હું એને શો ઉત્તર આપીશ માટે તે આપણે જોવાં જોઇએ તે સાંભળી સાહેલીયો કહે છે કે બાઇ એક ગાઉ સુધી જઇ એમાં તે શુ જાવુ સાવળીંગા કહે ત્યાં નાના પ્રકારનાં ફુલ ફળાદીક ને બીજા મેવા પણ ઘણી જાતના પાકે છે તે ખાવાની બહુ રમુજ પડે છે એવી રીતે લાલચ દેઇને સાહેલીઓને સમજાવી પણ સાવળીંગા મનમાં વીચાર કરે છે રાજાને શી રીતે તેડાવુ.

સોહુલોઃ—કરમ મારૂ એવુ અભાગીયુ, ન બન્યો રાજાને એકે લાગ.

સુડાની સાથે સંદેશો કહુ, રાજાને તેડાવી લઉ.

સાવળીંગા પોતે કહે છે કે આટઆટલા લાગ તો મારા ફોગટ ગયા ને જતાં જતાં જરા લાગ આવ્યો તો તેમને સંદેસો કોની જોડે કહાવું એવા વીચાર કરે છે એટલામાં પોપટ રાજાની ખબર લેઇ આવ્યો તે જોઇ સાવળીંગા કહે છે કે હે ભાઇ આ ચીઠી તને લખી આપુ છું ને તું તાકીદથી રાજાને આપ એમ કહી ચીઠી લખે છે.

ચંદનતલાવડી રાજા ચંદનબાગ, ઘડી બે ઘડી બેસવાના લાગ;

ત્યારે આવા મારા સુંદર સ્યામ, પુરીશુ હૈયાની હામ.

હે રાજા તમે ચંદનતલાવડી ઉપર ચંદન બાગમાં આવો તો આપણે ભેગાં થઇશું એવું લખી પોપટની કોટે બાંધી તે પોપટે રાજાને આપી રાજા ચીઠી વાંચી ખુશી થયા હવે સાવળીંગા પોતે સાહેલીઓને લેઇ બંકી બજારમાં થઇ ચાલી જાય છે.

ચોપાઇ–છુટે પટેરે નાર, આવરે અલબેલીયાં

વણુજ કરતાંરે વેપાર, વાણીયા સરવે પામીયાં.

અમીરને ઉમરાવ મુરછા સરવે પામીયાં

શેઠ મોટા શાહુકાર, ઠેરેઠેર ઠરી ગયા.

આવી રીતે બજારમાં પોતે કંઇકને મુર્છામાં પાડતી ચાલી જાય છે તે શહેર બહાર નીકળીને જ્યાં ચંદનતલાવડી છે, ને તેની પાસે નદી વહે છે તેમાં રમવા ગઇ.

દોહો–ધન ધન નદી ભર રામકીને ધન ધન લીલીરે લીલી તળીયાં;

થોકે થોકે દોહરાને, વળી પદમણી પુતળીયાં,

ચોપાઇ–પદમણી પુતળીયાં, ઝબુકે જેમ વીજળી;

એકશુ એક અલબેલ, મુખરે અતી ઉજળી.

નજરો તણુ ન્યાલ, લીએ બેહુ તાલીઓ;

કે ધનરે બગેસર બાગ, રમતી સઉ સાહેલીઓ.

નદીમા સરવે નહાય છે ને તાળીઓ લે છે ને અરસપરસ એક એક સામા દુહા કહે છે ત્યા સદેવંત આવ્યા ને સાવળીંગાએ સદેવંતના સામુ જોયું એટલે સરવે સાહેલીઓએ પણ રાજા સામું જોવા માડયું પછી સદેવંતે વીચાર્યું કે આ બધી જાણી જશે તો પછી સાવળીંગાથી મારી પાસે આવી શકાશે નહી માટે હું આઘો જાઉ એમ ધારી પોતે નદીની સામી તીર જઇ પગ ધોવા માડયા એટલે સાવળીંગાએ કહ્યું.

દોહરો—સખી સરોવર આપણેને, વળી ઘશી ઘશી પુવે કોઇ પાય;
 દુખેરે થાઓ રાજા દુબળારે, વળી લાખીરે કરકર ખાય;

સાવળીંગાએ પોતાની સાહેલીઓને જાબો હાથ કરી કહ્યું કે આ કોઇ આપણા સામો બેસી પગ ધુવે છે ને રાજાને લાબો હાથ કરી સમશામાં ચંદનબાગ બતાવ્યો કે તમે બાગમાં જાવો હું આમને રમતે વળગાડીનું આવું છું પેલી સાહેલીઓ રાજાને જોઇને કહે છે કે અમે છોડીઓ રમીએ છીએ ત્યાં આવી કેમ બેઠો છે તું તારે રસ્તે જા તે સાંભળી રાજા પોતે ચંદનબાગમાં ગયા અને આસોપાલવના ઝાડ તળે જઇ બેઠા.

એકથી એક અલબેલડી છે, વળી નાવા તે બેઠી જેને નાર;
પાવઠડેરે જોને પદમણીરે, વળી પુતળીઓની જોને હાર;
ચોપાઇ—પુતળીની જોને હાર, ઝબુકે છે દામની
 હાથી ઝોકાં ખાય, ધુવે છે કામની.

પછી સાવળીંગાએ વીચાર્યું કે મેં રાજાને બાગમા મોકલ્યા છે ને હું અહીં રમત કરૂ છું તેથી અકળાશે માટે હવે જાઉ એમ ધારી પોતે સાહેલીઓને કહે છે.

સોહલો—જોવા જેવો ચંદનબાગ છે, ને ત્યાં એક આળીગાળો માળી રહે,
 જુદી જુદી સાખ્યો ભરેને, દરબારમાં જઇ દંડજ કરે.
 હે બેન બાગ તો જોવા જેવો છે પણ માંહી એક માળી છે

તે દરબારમાં જુઠું કહી દંડ કરાવે છે. તે હમણાં બાગમાં ગયો છે તે ઘેર જશે એટલે આપણે જઇશું ત્યાં સુધી આપણે આંખ મીચામણી રમીએ પછી બીજી સંતાવા કાજે જુદી જુદી નાડી અને સાવળીંગા નાઠી તેવીજ બાગમાં ગઇ.

દોહરો:—આમારે આંબા જોને આંબલીને, વળી દીઠી છે દાડમ અને દ્રાક્ષ,

આસોપાલવને ઓળવેરે, ગોરીએ કુળામાં પાડી છે વાય.

સાવળીંગા પોતે આસોપાલવના ઝાડને ઓઠે થઇ કુળામાં રસ્તા પાડી ફુલના છોડ ખુંદતી જાય છે કેમકે એને કાંઇ બીક નથી કે મને કોઇ બીજવશે બાગના માલીક તો એને તાબે થઇ એના પહેલાં આવીને બેઠા છે.

શી પર છુટી લટીયાંને વળી છુટેરે પટે ચાલી જાય;

પદમણીને તો પ્રેમ ઘણોને, વળી લાલજ આંખો જોને થાય.

સાવળીંગાને સદેવંત મહા કામાતુર થયાં છે ને સાવળીંગાના માથાના વાળની લટો છુટી ગઇ, ને કામના કેફમાં આંખો લાલઘુમ થઇ રહી છે ને પોતાને ઠંડા પવનથી ને ફુલની સુગંધીથી ઘણો પ્રેમ ચડે છે પછી સદેવંતનો હાથ ઝાલી ચંપાની ઘટામાં ઉંજઇ બેઠી ને સદેવંતને કહે છે.

ચોપાઇ:—શા અલબેલા રાજ, ભલા તમે આવીયા;

સુડાને સંદેશ, લખીને તેડાવીઆ.

હું વારી મારા રાજ, વારી વારી વારીયાં;

વચન બાંધ્યા કોય, જન્મારો અમે હારીયાં;

અમે આવ્યા તમારી વાડીએ,

છેલ છબીલા શામ, આવોને મોજે માણીએ.

સાવળીંગાના મીઠાં અમૃત જેવાં વચન સાંભળી રાજા મહા કામાતુર થયો છે ને તેમાં નેણની અદાએ કરીને તેનું કોમળ હૃદય

ભેદાઇ ગાંડાતુર થઇ રહ્યો છે ને સાવળીંગાના મોઢાને હાથેવતી ખુબ દબાવે છે ને તેના કોમળ જે કમળાપત્ર જેવા અધર ઉપર ચુંબન કરે છે.

અલબેલ કીધાં અલવ, નાખી ગળામાં બાવડી;
ઉભા છે જોડા જોડ, ચંપા કેરી છાંયડી.

દોહરો:—મેલોને છબીલા શામ મોહું મારૂ ભાગશે;
અમો મુકી કહીશુ વેણુ, કડવા તમને લાગશે.

સાવળીંગા કહે કે મહારાજ તમે મોહોડું દબાવો છો તે દુખવા આવ્યું ને ભાગી જશે ને પછી તમને કહીશું એટલે રીસ ચડતાં વાર નહિ લાગે માટે મેં મુકી દો. એવું કહેતાંજ સદેવંતને રીસ ચડી કે રાંડને હું હેતમાં પ્યાર કરૂં છું ત્યારે એ વળી એની મોટાઇમાં જાય છે. તેથી પોતે આઘા બેઠા ને સાવળીંગા કહે છે.

ચોપાઇ:—ઓરે નારી અજાણુશું. મારે નથી પ્રીતડી;
લેવા આવીઓ કોઇ, રાણીજીની રીતડી.
પ્રિતોનાં પરિણામ છે, તે તો અમે જાણીયાં;
આલા અમારી રીત, વહાલા કરો વાણીયા.

હે સ્ત્રી ન જાણીશ કે હું તને વળગતો આવું પણ મેં તારી પ્રીત જાણી માટે મારી રાણીજીની રીત પાછી આપ અને તારા વાણીયા જે આવ્યા છે તેને વહાલા કર મારે તારો ખપ નથી આવાં રાજાના રીસના વચન સાંભળી સાવળીંગા નરમ થઇ મનમાં કહે છે કે હું તો હસતાં હસતાં કહેતી હતી અને આતો પાછા રીસાયા. હવે સમજાવું એમ કહી કહે છે.

રાજા સોળ સાહેલીઓનો સાથ, જીવન જો તેઓ રહ્યા
નાખ્યા ગળામાં હાથ, અંબાડા રેલ રહ્યાં.
હેતે દબાવ્યું । રે હાથ, મોહું મારૂં ભાગશે;

મુજથી કેમ દેવાશે જા હાથેણા રાજા લાજશે.

હે રાજા તમે તો મારૂં હસતે મોંઢુ દબાવ્યું હશે પણ મારૂં મોઢું મને દુખ્યું ત્યારે મેં તમને કહ્યુ જા તમને આડો જવાબ આપું તો આપની પાસે રીસનું તો વસાણુંજ છે તેથી મેં વિચાર કરીનેજ આ કહ્યું કાંઇ તમે મને ઓછા વહાલા છો કે તમને ગાળ દેઉ ! રાજા કહે ઘડીમાં હસાવે ને ઘડીમાં તરછોડી નાંખે છે ને ઘડી પછી તું તો પરણીને જવાની છું માટે તારી તો પ્રીત કરવી નથી ઘડી સારૂ ક્યાં પાછો તારી પાછળ સોચના કરૂં તે સાંભળી સાવળીંગા બોલી.

દોહરો—સુણ સદેવંત સાવળીંગા કહેને, વળી એવું શું બોલોછોરે આપ;

વરૂતો સદેવંત કુંવરને, બીજો મારે ભાઇને રે બાપ.

હે રાજા તમે કહો છો કે તું પરણીને સાસરે જઇશ પણ આ મારૂં વચન પરણું તો સદેવંત કુંવરને નહીતો બીજા બધા મારે ભાઇ અને બાપ બરાબર છે.

સુણ સાવળીંગા સદેવંત કહે, ને વળી હઇડામાં રાખજે વીચાર;

કોલ આપ્યા પાળજોરે, નીકર ધરતી નથી ઢાંકણ હાર,

હે સાવળીંગા, તું આ કોલ આપે છે પણ વીચાર કરજે જો નહી પાળે તો તારી ને મારી બેની લોથો રઝળશે.

જેવાં બોલ્યાં ગોરની વાડીએ ને, વળી એ વાતો તું અહીં માન;

કુટકપટ તજો સુંદરી ને, વળી તમે તમારે મેમાન.

ગોરની વાડીએ વચન આપ્યાં હતાં અને અહીંયાં આપે છે તેવાં પાળજે ને તારા મનમાંથી મશ્કરી અને કપટ કહાડી નાંખજે. આવું સાંભળી સાંભળીંગા ખુશી થઇ રાજાનો ઘણો આગ્રહ જોઇ પોતે રાજાને લેઇ ચંપાની ઘટામાં જઇ પોતાનું ચીર પાથરી બેઠા.

ચોપાઈ—ચોવડ કીધાં ચીર, પીતાંબર પાથર્યાં;

નાખી ગળામાં હાથ, સજ્જનને સારજ કરયાં.

બેઠાં જોડાજોડ, લાગે બહુ સારીયાં;
નાની સરખી સાહેલીએ, આવીને પોકારીયાં.

જ્યાં બને જણ ચંપાની ઘટામાં ચીર પાથરી બેઠાં છે એટલામાં નાની સરખી સાહેલી હતી તે બીજીઓને તેડીને ખોળતી ખોળતી બાગમાં આવી સાંવળીંગાને બોલાવી એ સાંભળી સાવળીંગા ઝટ ઉઠી અને રાજા ઝાડ ઓઠે સંતાયો હવે સાવળીંગાને સાહેલી કહે છે કે તું કોની સાથે વાતો કરતી હતી સાવલીંગા કહે તું આંધળી થઈ હઇશ તારો બાપ કોણ છે. અહીં હોય તો જો હું તો આપણે રમતાં હતાં તે વખત સંતાઇને બાગમાં દોડી તે દોડતાં મને કળ ચડી એટલે મારૂ ચીર પાથરી અહીં સુતી સુતી ઉંધ્યા કરતી હતી તેથી તેં જાણ્યું કે કોઇની સાથે બોલે છે. તે સાંભળી નાની સાહેલી બોલી.

દોહરો–સુણને મારી સાહેલડીને, તમે કોક સાથે કરતાં હતાં વાત;
તમને જોવાને અમે આવીયાંને, વળી સોલ સાહેલીઓ સાથ.

હે સાવળીંગા તું વાત કરતી હતી તે એમ નજરે જોયું ને જુઠું કેમ બોલે છે. આવા તેના બોલ સાંભળી સાવળીંગા નાની સાહેલીને કહે છે.

નાની સરખી સાહેલડીને, વળી મરજો તારો જો વીર,
વાલમ મારે વિયોગે ગયો ને, હુંતો સુખ ન પામી શરીર.

હે રાંડ તારાં મૂળ વઢાયાંને તેં મારી પેર બગાડી એમ કહી સાહેલીઓને લઇ ઘર ભણી રસ્તામાં ચાલતાં વાડીના ઝાંપા આગળ મહાદેવનું દેવળ હતું તેમાં સાવળીંગા દરશન કરવા ગઇ ત્યાં મહાદેવને કહે છે.

ચોપાઈ—દેરાં એટલે દેવ, પથરા મેતો જાણીઆ,
સાવલીંગાએ સોનાનાં છત્ર, સદાશીવને માનીયાં.
અંલબેલો મારો રાજ, મીઠી નજરે ભાળશું.

સોના કેરાં છત્ર, મહાશીવને ચડાવશું;

સાવળીંગા મહાશીવને કહે છે કે જ્યારે મારા રાજાને હું મળીશ ત્યારે તમને સોનાનું છત્ર ચડાવીશ એવી માનતા માની પોતે ઘર ભણી ચાલી સદેવંત પેલી નાનીં સાહેલીને ગાળો દેતો દેતો પોતાને મહેલ ગયો હવે સાવળીંગાના બાપ જાન તેડી લાવ્યા અને હવેલીમાં ઉતારો આપ્યો પછી શેઠે ફુલેકાંનો વરઘોડો ચડાવવાની તઇયારી કરી અને મોટા મોટા શાહુકારોને વરઘોડે આવવા તેડાં મોકલ્યાં પછી સાવલીંગાને પીઠી ચોળવા સારૂ બોલાવે છે તો સાવળીંગા નથી શેઠ કહે આ વખત ક્યાં ગઇ હશે? એમ કહી સિપાઇઓને ખોળવા મોકલ્યા સાવ-લીંગા ઘેર આવી એટલે સરવે સાહેલીઓએ પીઠી ચોળવા માંડી.

સોહલો—કંકુને કેશર ઘોળાય પદમણીને પીઠી ચોળાય;
સરખી સાહેલી મંગળ ગાય; પદમણી ઉપર રૂડા પડદા થાય.

સાવળીંગાને પીઠી ચોળી નવરાવી વસ્ત્ર શણગાર પહેરાવી તૈયાર કરી હવે પદમશા શેઠે કહ્યું કે રાજાને જઇને કહો કે પદમશા શેઠની દીકરી સાવળીંગાનું આજ લગ્ન છે માટે ફુલેકાના વરઘોડામાં આપ સ્વારી લઇ વહેલા પધારજો સીપાઇએ ત્યાંથી રાજા પાસે આવી રાજાને કહ્યું એટલે રાજાએ સદેવંત કુંવરને સાથે જાન જવા બોલાવ્યો ત્યારે સદેવંતે કહ્યું કે મારા શરીરને સુખ નથી તેથી હુંતો નહી આવું તમે એકલા જાવો (મનમાં કે રાંડ એકાંતે મળી ત્યાંથી પાછા આવ્યા તો પછી આ ઘણા લોકમાં શું વળવાનું મુઓ એ ને મુઇ એની જાત કે વગર દુઃખે માંદા થવું પડે છે) પછી રાજા પોતે હાથી ઘોડા પાલખીઓ અને રથ લેઇ શેઠને ત્યાં આવ્યાં એટલે સરવે લોકો તૈયાર થયા ને પછી કન્યાને ઘોડે બેસાડી એટલે વાજીંત્ર વાગવા માંડ્યા.

ચોપાઇ-ધીમે ધીમે વાગ્યાં જોને ઢોલ ત્રંબાળુ જોને ગડગડ્યાં
અમીર ને ઉમરાવ, સાથે સરવે પરવર્યાં.

ત્રંબક વાગે જોને તુર, શરણાઈએ સાદજ પુરીયાં.
ધીડ ધીડ વાગે નોબત, ને તાસાં વાગે સુરીયાં.
પાલખીઓને સુખપાલ હાથી ઘોડા હણુ હણે,
શહેરના સરવે લોક, કુલેકુ જોવા મળે.
શાખા બાંધી શાલીવાન, માટે માંડવ આવીયા,
માંડવ કેરી માંય, આવકાર દઈ પધરાવીયા.
સાથે સારા લોક, વેપારી વાણીઆ,
ઈંદ્રનો અવસાન એણી પેરે આણીઆ,
ઘોળાને ધવળા ચાર, ઘોરી જોને જોતરીઆ,
તાતા જે તોખર સરવે, ભેળા લઈ પાખરીયા.

એવી ધામધુમથી વરઘોડો ચડી બજારની વચ્ચે સોનેરીઆ ચોકમાં આવ્યો ને ત્યાં વાજીંત્રની ધુમ મચી રહી તથા બંદુકોને તમંચા છુટી રહ્યા છે તેનો અવાજ સદેવંત કુંવર સુતા છે ત્યાં આવ્યો તે સાંભળી રાજા કહે વરઘોડો તો જોઉ એમ ધારી પોતે અગાશીપર ચડયા ને જુવે છે તો ઈંદ્રધટા થઇ રહી છે ને તમામ રસ્તો લોકથી ભરાઇ ગયો છે તે જોઈ સદેવંત કુંવર ખુશી થઈને કહે છે કે આમાં મેળાપ તો નહી થાય પણ જોઉ તો ખરો કે તેણે કેવા શણગાર પેહેર્યા છે એવું ધારી પોતે હેમ મહેલમાં આવી અમુલ્ય શણગાર સજે છે.

દોહરો—જરકશી જામો પહેરીઓ, ને વળી માથે તે કસબી મોળ
રત્ન જડીત શીરપેચ બાંધીયો, તે દીસે છે ઝાકમઝોળ.
કલગી તોરા શોભતા, ને વળી ગળે મોતીયન કેરો હાર;
કમરે શેલાં લપેટીયાં, ને એમાં ઝુકી રહી તરવાર.

ચોપાઇ—ઝુકી રહી તરવાર, કામરૂપ સમાં જાણીયાં;
સજ્યાં શોભીતાં હથીયાર, તરકશ લેઇ તાણીયા.

તરકશ તીર કમાન, હેમ જડયા હરડા
સાજ સોનેરી ગરકાવ, કટારો છે વાંકડા,
ગડમેંડાની ઢાલ, ભાલા જોને જળહળે
એકલડા રાજકુમાર, મહેલમાંથી ઉતરે.

હવે સદેવંત પોતે બનીઠણી મહેલમાંથી ઉતર્યો ને ઘોડેસ્વાર થઇ ચાલ્યા.

એકલડા અસ્વાર. દરબારમાંથી નીસર્યાં,
સાજ સોનેરી ગરકાવ, વાગે ઘોડાને ઘુઘરા.

આવી તરેહથી ઘોડેસ્વાર થઇ વરઘોડા સાથે જાય છે તો સાજનના લોક કુંવરનું રૂપ જોઈ ઘણા ખુશી થયા.

મહાજન મોટા લોક, કુંવરને વખાણીયા,
આવ્યા સોનઈયા ચોકમાંય, તેજીને લઈ તાણીયા.

જ્યાં સદેવંતે કન્યાનો ઘોડો જોયો એટલે રેવંતને ખેંચી તેની ચડમાં જઇ ઘોડાને ધીમે ધીમે ચલાવવા માંડયો પણ સોવલીંગા સદેવંતના સામું જોતી નથી તેથી રાજા ગુસ્સે થઈ કહે છે કે રાંડ મને તો કહેતી હતી કે મારે તમારા વીના બીજા ભાઇને બાપ છે ને આતો પરણવામાં ગાડીતુર થઇ ગઇ છે. તેથી ચાલ પાછા. એમ ધારી પોતાના રેવંતને ચાબુક મારી કહે છે.

દોહરો—હે રેવંત આપણાને વળી ન કર પરાઇરે આશ
આ કાગળની વાડીઓ, ને એમાં નથી સોરંગીની વાસ.
સોહલો:—એમાં નથી સોરંગીની વાસ, અમથો જીવ મારો ફરેરે ઉદાશ
જોબન મારૂં બાળેવેશ, હવે લખ્યું છે મારે દેશ પરદેશ.

રાજા કહે છે કે ઘોડા ઘેર ચાલ. આ કાગળની વાડીમાં સોરંગીની વાસ ક્યાંથી હોય ને અમથા ઉદાસ થવું પડે છે આવા રીસનાં

વાક્ય સાંભળી સાવળીંગા વીચાર કરે છે કે રાજાના સામું ન જોયું તેથી રીસાયા પણ શું કરૂં આટલા લોકમાં કેમ બોલાવાય જો પુલેકુ પુષી એકલી રહીશ તે વખતે સ્ત્રીના રૂપે આવે તો મેળાપ થાય એમ ધારી પોતે રાજાને સાનમાં સમજાવે,

દોહરો—સુંદર શ્રીફળ હાથે ધરીને, ગોરી ચુડીઓરે ખખડાવે,
આધીરે ઓઢી ચુંદડીરે વળી સાનમેં સમજાવે.

સાવળીંગા પોતે એક હાથમાં શ્રીફળ લઈ બીજો હાથ ઉંચો કરી ચુંદડીનો ઘુંઘટો તાણી ચુડીઓ ખખડાવતી રાજાને મોં બતાવ્યું કે તમે સ્ત્રી થઇ મારે મહોલે આવો, સદેવંત પોતે ચતુર હતો તે સમજી ગયો કે મને સ્ત્રીના વેશે તેડે છે એમ ધારી પોતાને મહોલે આવ્યો હવે વરઘોડો ફરતો ફરતો ઘર આગળ આવ્યો ને ઉતર્યો એટલે સાવળીંગા ગણેશ આગળ જઇ બેઠી અને સાહેલીઓ સરવે ગાવા લાગી હવે સદેવંત કુંવરે રાણી પાટમદેની પેટીઓ ઉઘાડી તેમાંથી સોળે સણગાર લેઇ પહેર્યા અને જે રાણીની અમુલ્ય સાડી હતી તે પહેરી હીરા જડીત વાળી પણ પહેરવા જાય છે પણ વેહ વીના નાકમાં રહેતી નથી તેથી વળખા મારે છે એટલામાં રાણી પાટમદે વરઘોડો જોવા અગાશી ઉપર ચડી હતી તે નીચે રંગ મોહોલમાં આવ્યાં તો સદેવંત સ્ત્રી બનીને બેઠા છે ને નાકમાં વાળી રહેતી નથી તે દબાવે છે એટલે આવીને ઓચીંતી કહે છે કે રાજા વેહ ન હોય તો લાવો આ સોયો લાવી વેહ પાડું. સદેવંત પાટમદેને જોઈ મનમાં શરમાય છે

ચોપાઈ—કેમ કરી રહેશે મહારાજ, વેહે વીનાની વાળીયું,
નર ભાગી થયા છો નાર, તેતો મેં ભાળીયું.
પુરૂષ તણો જોને વેશ, તમારોરે લાજશે,
ઢીલી મેલતા ઢાલ, તે આ ચુંદડી કેમ છાજશે,

બાંધતા હતા તે ચુંદડી કેમ શોભશે ને આથી તમારો

મરદનો વેશ લાજશે તે સાંભળી કહે છે.

કવીત—રાજનકી નાત ગઇ, હીત્રનસે પ્રીત ગઇ
નારકી પ્રતીત ગઇ, જતાં જીવ ભાગ્યોહે.
શેખનકો ભાવ ગયો, પંચનકો નાચ ગયો.
સાચકો પ્રભાવ ગયો, જુઠ હીશો આયાહે.
મેઘનકી વૃષ્ટી ગઇ, ભુમીસે તો અમિ ગઇ,
સૃષ્ટિમેં વીપ્રીત ઉઠ ધાયો હે.
કીજી સહાય ક્યા કરત હે કવીરાજ,
કઠીણ કરાહલ કાલ. ચલો આયો હે.

હે સ્ત્રી તું મને શીખામણ દે છે પણ એમાં મોટા મોટા ગરક થઇ ગયા તે સાંભળી રાણી કહે છે તમારા જેવા નહી થયા હોય કે પરમેશ્વરે મરદનો અવતાર આપ્યો છે ને હાથે કરી સ્ત્રીનો અવતાર ભોગવવા ઇચ્છોછો કે શું માંસ ખાતા હશે તે હાડકાં કોટે બાંધી ફરતા હશે ? રાજા કહે રાંડ તું મારી જાંગ હાથેવતી ઉઘાડીને એબ ખુવે છે પછી રાણી રાજા ઘણું ચીડાય માટે છાનાં રહ્યા અને સદેવંત મહેલમાંથી ઉતરી રમઝુમ કરતા સાવળીંગા પાસે ગયા ત્યાં બાયડીઓ ગોદ મારી બહાર કહાડે છે ને રાજા ધકાપાટુ ખાતા થાક્યા પછી નીરાશ થઇ કહે છે શાંડે મારી મશ્કરી કરાવવાને સારૂ તેડાવ્યો એમ જાણી પોતે મહેલની સામે જઇ નીરાશ થઇને બેઠા ને આંખમાંથી ઝરઝર આંસુ ઝરવા માંડ્યા, સાવળીંગા રાજાને જોવા સારૂ ઝરખે આવી જુએ છે તો રાજા વેગળે બેઠા છે ને આંખમાં ઝરઝરીયા આવ્યા છે પછી ત્યાં રહી કહ્યું.

ચોપાઇ—ઉતારાની એકાન્ત, રૂદેમાં જાણીએ,
શામ, નોજ માણીએ;

ઓ અલબેલા રાજ, ભલે તમે આવીઆ,
ગોપીયું કેશ વેશ, ભલા તમે ભજાવીઆ.

આવું સાભળતાં સદેવંતે ઉચું જોયું એટલે સાવળીંગાએ ઇશારત કરી કહયું કે આ પાછળ થઇ બારીએ આવો સદેવંત ત્યાં થઇ સાવળીંગાના મેહેલમાં ગયા ત્યાં પલંગ ખુરશી કોચ અને પાટયો ઢાળી મુકી છે તેના ઉપર મુખમલના ઓશીકા વીગેરે તરેહ તરેહના ઉપર બીછાના પાથરી દીધા છે અને રાજાને માટે ખાવાના દુધ, સાકર, બદામ, પીસ્તા, ચારોલી, દ્રાક્ષ, અખોડ કીસમીસ, અંગુર અને નારંગીઓ વીગેરે નાના પ્રકારનો મેવો મુખ આગળ લાવીને મુકયો છે અને મુખવાસ સારૂ પાન સોપારી, એલાયચી, જાયફળ જાવંત્રી તજ, લવીંગ અને કસ્તુરી એવા અનેક પ્રકારના ખુશબોદાર તેજાના લાવી મુકયા છે અને તમામ રંગ મેહેલમાં અત્તરની ખુશબો ઉડી રહી છે તે જોઇ સદેવંત ઘણો ખુશી થયો કે આવું સુખ મેં મારી રાણી સાથે નથી ભોગવ્યું પછી સાવળીંગા સદેવંતને કહે છે.

જેમ તેમ કરી બેઠા જોડાજોડ, કહે એક વાતડી;
સાવળીંગા તુજ વીણુ કેમ, જશે મારી રાતડી.
નાનાં થાજો નાર, પુરી તમારી પીતડી;
હેતે ને પ્રીતે કોય, આલો રાણીજીની રીતડી.
મુખ દીઠે દુખ થાય, જ્યારે નેણાં ભાળીએ.
ચડયો કસુંબી રંગ, તે ધોઇને ટાળીએ.
સઉથી ઉત્તમ જાત, તમારી નાતડી,
સુણ સાવળીંગા નાર, માનો અમારી વાતડી.

હે સાવળીંગા કાલે તો તું પરણીને ઘેર જઇશ માટે તું મારી રાણીની રીત પાછી આપ એટલે હું મારે ઘેર જાઉ તે સાંભળી સાવળીંગા બોલી.

દોહરો—આ જીભેથી જાઓ નહી કહું, ને વળી રહોને આજની રાત,
આવી એકાંતો નહી મળે, ને રાજા કરોને વાલેશરી વાત.

ચોપાઈ—સારાં સારાં સુદરીરે, આપ્યાં બેસવા બીછાવણાં
જાજમને ગાલેચ, પાથરણાં પાથરયાં.
અલબેલા રાજા, અળવું તારી જાણીએ,
છેલ છબીલા શ્યામ, આવોને મોજે માણીએ,

હે રાજા હું તો આ જીભથી જાઓ નહી કહું ને આવી તમને એકાંત નહિ મળે માટે બેસો પછી બંને પલંગપર બેઠાં હવે સદેવંત કહે છે.

દોય કરજોડી કાંય, કાંમની તને કરગરૂ,
આપુ માલ અપાર, સાસરવાસો હું કરૂં.
સમજુ થાજો નાર; પુગી તમારી પ્રીતડી,
હેતેને પ્રીતે આલ, મુને રાણીજીની રીતડી.

હે સ્ત્રી હજુ સુધી તારે ને મારે કંઇ છે નહિ માટે મને મુકી દે તે સાંભળી સાવળીંગા કહે છે.

નહી ચાલુ રાણીજીની રીત, સાંભળો વાતડી;
નથી ગમતી જરાય, માજનીઆની નાતડી.
કડવા લાગે છે કોય, વેપારી મને વાણીયા:
પહેરાવો પાટમદેના શણગાર, કરી લેજો રાણીયાં.
હે મહારાજ હું તે તમારી રાણી થઈ ચુકી છું,
નાના કહેતાં નાર, પરાણે ના હોય પ્રીતડી;
મહાજનને ઘેર, ના આલુ મારા રાજવળાની રીતડી.
રાજવળાની મનલબ, તે જાણે અમારી રાણીયાં;
મોજ ક્યાંથી માણો, વેપારી તમે વાણીઆ,

હે સ્ત્રી તું પરાણે પ્રીત કરીશ એમાં શું, તે સાંભળી સાવળીંગા

પોતે રૂદન કરે છે ને કહે છે.

છળ કરીને કોય, રાજા તમે મને છેતરી;
આવા નમેરા નાથ, માથે તમે ઝાઝી કરી.
આતમ પ્રાણ આધાર, જીવું નહિં તે જાણીએ.
સાચું માનજો સ્યામ, પ્રાણ અમે તો પાડીએ.

હે રાજા તમે જ્યારે એમ કહેશો ત્યારે હું મારા પ્રાણ મુકીશ
તે સાંભળી સદેવંત કહે છે.

સધ્યયામાં ચેરો તારો થાય, તેતો અમે જાણીએ;
લડથડતી ચાલનો વર, ગમતો નથી વાણીઓ.

રાજા દયા લાવી સાવળીંગાનો આગ્રહ જોઇ મહા કામાતુર થઇ રહ્યા ને સાવળીંગાની કોટમાં હાથ નાંખી પલંગ પર જઇ બેઠાં પછી રાજી થઇ સદેવંતને કહે છે.

મુગીપરના રાજ, પધાર્યા મારે ઢોલીએ;
ધંન ધન મારો અવતાર, લાખેણો લાવો લીજીએ.
હઇયાં કેરાં હેત, ભેદરે બતાવીયાં;
લીલાવતી નણદે, આવી આવીને પોકારીયાં.

જ્યાં ઘણા પ્રેમમાં એક એકાના ગળામાં હાથ નાખી બેઠા છે એટલામાં લીલાવતી નણંદ તેની બીજી સાહેલીઓ અને દેવજી વ્યાસ આવ્યા તેણે હાંક મારી તે સાંભળી સાવળીંગા કહે છે કે કેમ કરાશું? રાજા કહે ભોગ તારા તને કહ્યું હતું કે તું મને અહીંથી જવા દે પણ તને વાતોનો રસ ઘણો રહી ગયો હતો હવે તારી નજરમાં આવે તેમ કર તે સાંભળી કહે છે.

કંથ તમે દેવળ જાજ્યા, ત્યાં અમે આવીશું;
વળી સધળા બોલ ત્યાં અમે પાળશું.
રમશું સારી રાત, મોજ આપણ માણશું.

અમે ભણતાંતાં એક નિશાળ, એ છે રાજાની કુવરી,
આવી હતી મુજ પાસ; મળવા હરખે ભરી;
જમતાં એકજ થાળ, સુતાં એકજ સેજડી;
નણંદ સાચુ માન, એ સરખી સાહેલડી.

હે લીલાવતી રાજાની કુંવરીને ને મારે બાળપણનાં બેનપણાં છે તે મળવા આવી હતી એટલામાં ગોર ચુડો લેઈને પહેરાવવા આવ્યા સાવળીંગા કહે છે હુતાં ચુડો પાનેતર પહેરવાની નથી ને એને પરણવાની નથી માટે તમે મને કાંઈ ઉપાય બતાવો. વળી તેણે ગોરને રાજી કરવાની લાલચ બતાવી એટલે ગોર જાણ્યું કે આ રાંડે જે ધાર્યું હશે તે અંતે કરશે ને હું મેલીશ એટલું મારૂં જશે માટે વર મરો કે કન્યા મરો એમાં મારે શું એવું ધારી ગોર કહે છે.

કોઈ સરસ ઉપાય શોધો, શું અમારૂં જાય;
કહેશો તે કરશું અમા કારજ તમારૂ થાય.

આવું સાંભળી સાવળીંગા ખુશી થઈને ગોરને હજાર રૂપીયાની વીંટી પહેરાવી દીધી ને ગોરને કહ્યું કે હું મારી લવીંગીયા દાસીને મારો શણગાર પહેરાવીને બેસારૂ છું તેને પરણાવી ઘુંઘટો તણાવી જાનીવાસે લેઇ જજો, આવુ સાંભળી ગોરે પહેલાં તો લપકારા લીધા પણ વીંટી ભણી નજર કરી એટલે હીંમન આવી ને બોલ્યા, બેહેન કશી ફીકર નહી હું કાંઇ ઓછો ચતુર નથી એમતો મારી બુદ્ધિ મોભાગ્ર જેવી છે આવું સાંભળી સાવળીંગાએ દાશીને ભણાવીને પોતાના શણગાર પહેરાવી દીધા, ગોરે પણ લાલચને માર્ યે લાકડે માકડુ જડી દીધું ને વીધી પ્રમાણે પરણાવ્યા.

હવે સાવળીંગા દાસીના શણગાર પહેરીને જાનીવાસે ગઇ ને પેશાબનું નામ દઇ ઓરડામાં એકાંત ખાળે દાસીને લઇ ગઇ ત્યાં પોતાનો પોશાક અદલ બદલ કરી દીધો ને દાસીને કહાડી મુકીને

પોતે શેઠની પાસે ગઇ જતાંજ શેઠની આંખો અંજાઇ ગઇને તેજ સ્થંભ ત્યાંથી પ્રગટયો દીવસે વીજળી તો હોયજ નહી એમ ધારી ભયભીત થયા પછી તો ધીરે ધીરે જોયું તો સાવળીંગા ઓળખાઇ એટલે રાત્રે આશ્ચર્યથી પોતાના પલંગમાં બેસાડી વાતચીત કરતાં શેઠનું મન વીહ્વળ થઇ ગયું તેથી કહે છે કે સ્ત્રી હવે આપણે સુઇ જઇએ કારણ રાત ગઈ ત્યારે સાવળીંગા બોલી.

દોહરો—મેંરે માનીતી માનતારે, મને મળશે રૂપાશા કંથ;
પ્રથમ પુજીશ મહાદેવનેરે, વળી આવી સ્થળ એકાન્ત.

આવું સાંભળી રૂપાશા શેઠ તો બહુ ખુશી થયા ને બોલ્યા કે તેં બહું માથાકુટ કરી દેખાય છે પણ બજ્યું આવી તે બાધા રાખતાં હઈ શું આટલી રાતે એકલાં કેમ જવાય બીક ન લાગે સાવળીંગા મહાદેવના મંદીરમાં જઇને ઉભી, રાત અંધારી ઘોર છે નાના વીધવીધનાં પ્રાણીઓથી ચોપાસ ભય ઉત્પન્ન થાય છે જાણે આમથી આવશે કે આમથી તેમાં વળી દેરોંનાં કમાડ વાસેલાં છે માટે સાવળીંગા કહે છે.

રેન અંધારી હું એકલીરે, ખાવા ધાય છે પરવત પહાડ.
બાર ઉઘાડો માગ સાહેબારે, મારાં વેરી થયા છેર ઝાડ.

હે રાજા આ ઝાડનાં પાંદડાં ખડખડ થાય છે ને મને બીક લાગે છે હમણે મારૂં કાળજું ફાડી જશે માટે ઝટપટ કમાડ ઉઘાડો તોય સદેવંત બોલતો નથી ત્યારે ફરી બોલી.

ચારે દીશાએ હું જોઇ વળી, ને થાકી કરી શોર બકોરે;
કાંતો સદેવંત સુઇ ગયોને, કાંતો મારી ગયા છે ચોર.

સાવળીંગાએ જાણ્યું કે રાજા જો હોય તો મારો સાદ સાંભળી બોલ્યા વીના રહેજ નહી તેમ રાજા વચન આપીને આવ્યા સિવાય પણ રહે નહી માટે કછોટો વાળી દહેરા ઉપર ચડી શીખર ઉતારી માંહી પેઠી ને જુવે છે તો દીવા બળે છે ને રાજા ભરઉંઘમાં સુતા

છે ને પોપટ પણ પાંજરામાં છે. સાવળીંગાએ ઘણા સાદ દીધા તથા બાઝી બાઝીને તેને ઘણો હલાવ્યો પણ કોઇ બોલતું નથી ત્યારે માથુ કુટીને કલ્પાંત કરતી હાથ વડે માથાના વાળ ઉખાડે છે ને છેવટ મરવાનો વીચાર કર્યો. આટલું જોયું ત્યારે પોપટની ખાત્રી થઇ કે એનો પ્યાર સંપુરણ છે ત્યારે પોપટ સાંવળીંગાને કહે છે.

માં કુટ માં કુટ કામની, તારે ઘેને ઘેરાયો ભરથાર;
રાજા ઉઠશે પ્રભાતમાં, માનો સાચેસાચુ સાવળીંગા નાર.

અરે સાવળીંગા તું શીદ મરે છે સદેવંતને કેફ ચડી છે તેથી બોલતો નથી તે સાંભળી સાવળીંગા કહે છે.

સુણરે સુભાગી પોપટા, તું તો પરભવનો મારો વીર;
સુતા સદેવંત જાગશે ત્યારે, કહેજે સઘળું તું ધીર.

હે પોપટ સદેવંત જાગે તો કહેજે કે એતો આવીને ગઇ ત્યારે પોપટ કહે કે તું સદેવંતને હાથે ઘાવ લખી જા એટલે તેમને પાકી પ્રતીત થશે પછી સાવળીંગાએ સદેવંતના હાથમાં ઘાવ લખવા માંડયા.

નાકવેસરની કીધી લેખણી, ને વળી શાહી તંબોળની સાર;
ઘાવ હથેલીમાં લખીયાને વળી શાહી તંબોળની સાર;
પુરૂષ લટકતી પાઘડી, વળી કેને થાણો થાય;
એની સમજણ લ્યો સદેવંતારે, તો પગ ના ધરશો બહાર.
ડોશી મળે દરબારમાંને, વળી બેહારો મળશેરે બજાર;
એવી સમજણ લ્યો સદેવંતારે, તો પગ ના ધરશો બહાર.
આટો કુટોને ઘી ઘડો રે, રાજા છુટે કેશે જોને નાર;
વણ ટીલે વીપ્ર મળે તો, રાજા પગ ન દઇએ બાર.
ઘરડો ભરડો સાંઢીઓને, વળી ટપલાકુટ કુંભાર;
એની સમજણ લ્યો સદેવંતારે, તો પગ ન દેશો બાર.
કુંભ ઘડાને કાબરારે, વળી આશારે બાંધી નાર;

એની સમજણ લ્યો સદેવંતારે તો પગ ભરજો બહાર.
વાંકડી મુછોને માંજરોને, જેને હઇડે ન હોય વાળ;
એવે શુકને રાજા આવશો તો રાજા નીશ્ચે ખુટશે કાળ.
ડાબા જમણી તેતર બોલેને, વળી આડી ઉતરે મંજાર;
એવે સુકને શુવ આવજોરે, રાજા પગ ન ધરશો બહાર.
છાણે પહાણેને ટેકરેને, વળી સુને રાજા દરબાર;
સુકે લાકડે, સરોવરે, તમને ઘાતક લોહ નીરધાર.

હે રાજા એવા શુકન જોઇને ન આવશો પછી પોપટ કહે એ કરતાં સારા શુકન લખ કે તે જોઇને આવે પછી સારા શુકન લખે છે.

કોરે ઘડે કુંવારકા, જેને ખોળે અખીયાણું જવ જાર,
એવા શુકને તમે આવશો તોરે, મળસે સાવળીંગા નાર,
કુંભ કરેણાં ચીબરાં, ને વળી હનમંતને હરણાં,
જાતાં તો જમણાં ભલાં તે વળી વળતાં ડાબી ભણી,
છીંક ડાબી ધા જમણાંને વળી મંડુક ફાદુરે જાય,
એવે શુકને જોને ચાલીયે, તો સેજે મેળાવો જોને થાય,
તરૂવર ઉપર તેતર લવે વળી તરૂણ શબ્દ કરે,
રેવંત ઘોડો હાંકજોરે, તો સમુદ્ર પાર ઉતરે.

ચોપાઈ—સારા સારાએ શુકન જોઈ, વાલમ વેહેલા આવજો.
નાના મોટા સંગાથ, ભેળા નવ લાવજો,

મહારાજ આવો તો એકલા આવજો પોપટ કહે લખી રહી સાવળીંગા કહે હજુ લખવું છે. ને હથેળીઓ તો ભરાઈ ગઈ હવે કયાં લખું પોપટ કહે આ કમાડે લખ, પછી કમાડે લખે છે.

સોહલો—આંખે આંસુડાની ધાર, કામની ધાવ લખે કમાડ,
જોબન મારૂ બાળેવેશ, કયાં મેલી જાઓ પેઉ પરદેશ.

ચોપાઈ—આંખે આંસુડાની ધાર, અલબેલી ઉઠીયાં,

સુણો સદેવંતરાય, મંઝનવ લુટીયાં.
પ્રીતોનાં પરીયાણ, તેતો અમે જાણીયાં.
આલી છે રાણીજીની રીત તે કેમ વેઢાળે વાણીયા.
સુણ સદેવંત રાય, મલ્લ કરીયા આકરે,
હું છું બાળ કુમાર જાઉં છું સાસરે.

હે મહારાજ તમે બોલતા નથી તો હવે હું કુંવારીને કુંવારી સાસરે જાઉછુ આવી તરેહથી સાવળીંગા બોલી એટલે મંડપની બતરી પુતળીઓએ દાંત કહાડયા ને સાવળીંગા પુતળીઓને કહે છે.

દોહરો:—સુણ થંભાંને સુણ થાંભલી, સુણ બત્રીશ પુતળીયાં.
સદેવંત જાગે શાખ પુરજેરે, મારી સગીરે બેનડીયાં.

પુતળીઓ કહે તારી બેન થઇને સદેવંતની સાળી થઇ શાખ કોણ પુરે ત્યારે સાવળીંગા ગરજની મારી કહે છે;

સુણ થંભાને સુણ થાભલીને, સુણ બત્રીસ પુતળીયાં.
સદેવંત જાગે શાખ પુરજે, મારી સગીરે નણંદલીયાં.

સાવળીંગા ધાવ લખી રહીને જતી વખત મનને કહે છે.

ધાવ લખીને ઉડીઆં, વળી મનમાં કરેરે વિચાર
સુતો મેલીને અમે ચાલીયાં, મને ઘડીએ ન લાગીરે વાર.
પીઉ તમને સત કહું. તે વાત માનો નીરધાર.
સારા શુકન જોઇ આવજેરે, નીકર પગ ન ધરવો બહાર.

એવી રીતના ધાવ લખીને પોતે ઘેર આવીને સુઇ રહી સવારમાં જાન વીદાય કરવા માંડી તે વખત સાવળીંગા વીચાર કરે છે કે હું મારી સાહેલીઓને મળુતો ખરી એમ કરતાં વાર થાય તો રાજા આવી પોંચે એમ ધારી સાહેલીઓને મળવા જાય છે એટલે તેની લીલાવતી નણંદ બોલી કે હવે સાહેલીઓની માયા મુકાદો ને હવે ઘેર જઇને મારો ભાઈ તમારી બધી હોંશ પુરી કરશે હવે રાજા તો હજુએ આવ્યો નહિ

માટે સાવળીંગાએ રથમાં બેસતી વખતે પોતાનો મોતીનો હાર હતો તે તોડી નાંખીને વીણવા બેઠી તો પણ રાજા આવ્યા નહિ પછી નિરાશ થઇને પોતે રથમાં બેઠી એટલે ચાલતે ચાલતે પાંચ ગાઉ આવીને ભાતુ ખાવા બેઠા એટલામાં એક ગોવાળીઓ ત્યાં થઇને જતો હતો તેને સાવળીંગાએ છાને માને એક દાગીનો આપીને કહ્યું કે તું અહીં બેસજે ને સદેવંત રાજા આવે તો કહેજે કે સાવળીંગા તો ગઇ પણ તમને ઘડી વીસરતી નથી માટે તમે તેને મળી આવો પછી સરવે ખાઇને ચાલતાં થયાં ને ઘડી દહાડો રહ્યો તે વખત જાન પારાનગરમાં વાજતે ગાજતે આવી આ વખત માલણ સાવળીંગાને ફુલ આપવા ગઇ ત્યાં સાવળીંગાને ઉદાસ જોઇ પુછવા માંડયું કે તમે ઉદાસ કેમ થયાં છો જે વાત હોય તે મને કહો હું તમારી વેચાણ છું મારી સાથે પડદો રાખશો નહિ સાવળીંગા કહે બેન મને વચન આપ એટલે હું તને બધી વાત કહું એવું સાંભળી માલણે સોગન ખાધા

નગરમાંથી જોને આવતાંને, મેં તો કીધાં ઘણાંરે ચરીત્ર
તોએના આવ્યો મારો સાહેબોરે માલણ મારે નથી બીજાશું પ્રીત

હે માલણ સદેવંત રાજાને મળવા મેં ઘણી કળા કરી પણ તેતો મળ્યા નથી તેના વીના આ જગતમાં બીજાનું મારે કામ નથી એવું સાંભળીને માલણ કહે છે બાઇ તું કાંઇ તે વીશે ફીકર રાખીશ નહી હું તને મેળવી આપીશ એમ કહી ઘેર ગઈ હવે સદેવંત સુતો છે. તે ઉઠયો ને જુએ તો કાંઇ માલમ પડયુ નહી.

કાંતો વણીકે ભોળવીને, વળી કાંતો ગઇ તે સોય,
પરનારીશું પ્રીતડી તમે કદીયે ન કરશો કોય.
ચોપાઈ—ભુલ ન કરશો કોય, પરનારીશુ પ્રીતડી;
લઇ ગઈ જોને તેહ, રાણીજીની રીતડી
પ્રીતના પરમાણુ, તેતો મેં જાણીયા.

કડવા કીધા રાજન, વહાલા કીધા વાણીયા.

એવી રીતે ક્રોધ કરીને રાજા બોલ્યો તેવામાં પોપટ કહે છે કે હે રાજા તમને કાંઇ ખબર છે નહી ને ખાલી કરોધ શીદ કરો છો એતો તમારી પાસે આવીને તમને જગાડવા માંડયા પણ તમો જાગ્યા નહી ત્યારે કાવ્ય લખીને ગઈ ત્યારે રાજા પોપટને કહે જે તેં મને કેમ ન જગાયો ? માટે તને મારી નાખીશ એવું સાંભળી પોપટ કહે છે હે રાજા નાહક શીદ મારો છો ને મને છુટો મુકો હું મારે ગમે ત્યાં જઇશ એમ કહેવાથી પોપટને રાજાએ છુટો મુકયો તેથી તે ઉડીને જતો રહ્યો પછી ઉદાસ થઇને પોતાને ઘેર આવીને એક ઘોડો લેવા સારૂ ઘોડારમાં ગયા તે વેળા રાણીએ દીઠા એટલે તે કહેવા લાગી કે હે રાજા સાવળીંગાએ તમને ગાંડાતુર બનાવી દીધા છે તે હું જાણું છું પણ વીચાર તો કરો કે મારા જેવી રાણી છતાં તમો એ એક વાણીયાની છોકરીમાં શું વધારે દીઠું ? તે ભુત જેવા બની ગયા છો ત્યારે કહે છે.

વાહ નારી કેરાં વેણ, ભમર કેરી પાંખડી
સુંદર ચોલ મજીઠ, આંજી જેની આંખડી.
બોલે ચંગાચંગા વેણ, લાગે બહુ પ્યારીયાં
સાવળીંગા સમરૂપ, રસાળ નાવે બીજી નારીનાં.

હે સ્ત્રી સાવળીંગા બરાબર બીજી કોઈ દુનીયામાં નથી ને તું તો એક એની દાસી બરાબર છુ એવુ સાંભળીને રાણીને રીસ ચઢી,તે કહે છે કે સાવળીંગા ઉપર આટલો બધો મોહ છે તો કેમ પેલા વાણીયાને લેઈ જવા દીધી.

અવર પુરૂષ લેઈ જાય, જાતાંરે તેને રોકીએ,
શું મોહોડું લેઇને શામ, ઝપાટો ઠોકીએ.

તમે કહેતા હતા નથી, તેતો છે વાણીયા.
લેઇ ગયા રૂપાશા શેઠ તમારી રાણીયાં.

હે રાજા ધીક્ક છે કે તમારી સાવળીંગા ઘણી વાહાલી હતી તેમ છતાં તેને લેઇ જવા દીધી માટે તમને નાનમ છે એવી રીતનાં રાણીના મરમના બોલ સાંભળીને સદેવંતને ઘણો ક્રોધ ચડયો તેથી રાણીને કહ્યું કે તું શું કરવા બડબડાટ કરે છે જોતો ખરી એને લાવીને પટરાણી કરૂં તોજ મારૂં નામ સદેવંત એટલું જ કહીને પોતે તેજ વખતે એકલો ઘોડાપર સ્વાર થઇને ચાલી નિકળ્યો ને દરવાજે આવ્યો એટલે બારોટ સાવળીંગાને વળાવી પાછો આવતો હતો તે સામો મળ્યો તેને સદેવંતે કહ્યું કે સાવળીંગાની શી ખબર છે બારોટ કહે કે એણે તો તમને મળવાની ઘણીવાર કરી પણ તમે આવ્યા નહી ને હવે તો દશ ગાઉ પોંચી હશે એવું સાંભળીને તેણે ઘોડો તાકીદથી ચલાવ્યો અને પાંચ ગઉ ગયા એટલે ત્યાં ગોવાળીઓ રાજાને દેખી કહે છે.

દોહરો—સાજ સોનેરી ઘોડા જરકશી, ને વળી અલબેલારે અસ્વાર.

ઉભા રહોરે મારા ઠાકરા, તો કહું સાવલીંગાના સમાચાર

હે રાજા ઘોડો ઉભો રાખો હું તમને સાવળીંગાના સમાચાર કહું. તે અહીં મને બેસારીને ગઇ છે ને કીધુ છે કે રાજા આવે તો કહેજે કે સાવળીંગા તમારી વાટ જોઇ જોઇ હમણાં જ ગઇ એવું સાંભળીને રાજા ચાલતો થયો એવામાં રાત પડી તેથી રસ્તામાં એક દેવળમાં જઇને ઘોડો બાંધીને ભુખ્યો તરસ્યો સુઇ રહ્યો હવે સાવળીંગા પાસેથી માલણ ગઇ ને સાવળીંગા એકલી બેઠી છે એવામાં શેઠ દુકાનેથી આવ્યા ને કહે છે કે ચાલો રંગમહેલમાં સુઇ રહીએ સાવળીંગા કહે હાલ મારે નીમ છે મેં પીયરથી આવતાં માનતા માની છે કે ખેમકુશળ સાસરે પહોંચીશ તો સાત દીવસ સુધી એકાંત સુઇ રહીશ એવું સાંભ-

ળીને શેઠ તો ખુશી થયા કે મારી સ્ત્રી મહા ચતુર છે એમ વીચા-
રીને પોતે તો ઓરડાના બહાર છુટા હોલમાં ભોંય સુતી છે એવામાં
મધરાતે સાવળીંગા ઉદાસ થઇ કહે છે.

ચોપાઈ—ઉંચારે મેહેલ આકાશ, તોરણુ જાને જળહળે.
વરસે રૂતુએ મેઘ, નદી જળ ખળભળે,
રાત અંધારી ઘોર, નથી કોઇ જોડીયાં;
કંથ તમારે કાજ તજી છું ઢોલીઆ.

એવી રીતે સોચ કરતાં સવાર થયું એટલે સાવળીંગાની દાસી
અને ગામના રાજાની કુંવરીની દાસી બંનેને દોસ્તી હતી તેથી તે રોજ
નદીએ નહાવા જાય છે હવે એક દીવસે તે નહાવા ગઇ છે. અહીંઆં
સદેવંત પણુ તેજ નદી ઉપર આવી પાણી પીવા બેઠો પણુ પોતાની
પાસે વાસણ નથી અને ખોબેથી પીએ તો હાથેળીના લખેલા ઘાવ
ધોવાઉ જાય માટે જાનવરની પેઠે મોહોડેથી પાણી પીધું તે જોઇને
સાવળીંગાની દાસી કંકાવતી કુંવરીની દાસીને કહે કે હે બેહેન આ કોક
મોહોડેથી પાણી પીએ છે તે ગાંડા જેવો હશે કે શું? તે સાંભળીને
કુંવરીની દાસી હોંશીયાર છે તે કહેકે એ કોઇ કામી પુરૂષ છે એના
હાથે ઘાવ લખેલો છે અને કોઇ મોટા માણુસ છે જેવો તેવો નથી
એમ કહીને બંને જણીઓ ઘર ભણી ચાલી ને કંકાવતીની દાસી તો
ઘેર જઈને બાઇને કહયું કે તમે ઇચ્છાવર વરવા ધારો છોં માટે
મનખો સફળ કરવો હોય તો તમારા લાયક વર નદી કીનારે આવ્યો
છે હવે સાવળીંગાની દાસીએ પણુ બધી વાત સાવળીંગાને કહી તે સાંભ-
ળીને સાવળીંગા વીચાર કરવા લાગી કે નકી સદેવંત કુંવર આવ્યા હશે
માટે માલણુ આવે તો ખબર કઢાવું એવો વીચાર કરે છે અને કનકાવતી
જ પોતાની દાસીને તથા કેટલીક સખીઓને લેઇને તે નદી ઉપર ગઇ
ત્યાં સદેવંતને બોલાવવાને ખુબ ચાળા કરે છે પણુ સદેવંત તેના ઉપર

કાંઇ ધ્યાન રાખતો નથી તો પણ કનકાવતીએ બોલાવવા સારૂ પોતાનો મોતીનો હાર તોડીને મોતી લઈને કાગડા ઉડાડવા લાગી ને ચીરમાં કાંકરા ભરીને પછાડે છે વળી નખવતે ટીંપે ટીંપે ઘડો ભરવા લાગી પણ સદેસંત તેના સામું જોતો નથી ત્યારે કનકાવતી બોલી.

દોહરો—કખવતે ઘડો મેં ભર્યો, ને મોતીએ ઉડાડયા જોયે કાગ,
કાંકરે ચીર કુટીકુટીયુ, ને વળી તોએ ન બોલે ઠગ.

એ રીતનું તેનું બોલવું સાંભળીને કુંવરે વિચારચું કે મને ઠગ કહ્યો માટે હું ઉત્તર આપું

નથીરે શેહેર ગોરી માહરૂ ને, કાંઈ નથીરે બોલ્યાનો લાગ;
એવી વીમાસણ ના કરૂ તો, કદી નાવે વિજોગને તાગ.

હે સ્ત્રી હમણાં મારે બોલાવાનો લાગ નથી ને અહીં મારૂ શહેર નથી ને વળી ઝાલવા જાઉ તો મારા વિજોગનો તાગ કદી ના આવે એ રીતનું સદેવંતનું બોલાતું સાંભળીને કનકાવતી મોહીત થઇને ખુબ કામાતુર થઇ તે વખતે નીમ લીધેો કે વરૂતો આને બીજા ભાઇ બાપ સદેવંત કહે કે હે સ્ત્રી એ વાત કરીશ નહી કેમકે તું રાજાની કુંવરી છે તે તને કોઇ નહી કહે પણ મારૂં તો માથુ જાય, એવું સદેવંતનુ વચન સાંભળીને કનકાવતી કહે તમારા સામી કોઇ આંખ ઉંચી કરેતો તેની આંખ ફોડાવું ને તમે મરો તો હું પણ જોડે મરૂ તે વારે કુંવર કહે છે તું કોણ ને હું કોણ ને તારી સાથે મારે કાંઇ કામ નથી ત્યારે કનકાવતી કહે રાજા મારા જેવી નહીં મળે માટે હાથમાં આવેલો હીરો ખોશો નહી એવું સાંભળી સદેવંત કહે છે તારા જેવી તો મારે ઘેર લુંડીઓ છે એવી રીતે રાજા કહે છે પણ કનકાવતી વારે છે કે એતો ગમે તેમ બોલે પણ મારે તો સારૂ લગાડવું જોઈએ એમ ધારીને કહે છે.

હું છું તમારી નારીયાંને, તમે પ્રીતમ મારા સુજાણ,
વરવું તો તમને વરવું, નીકર મુકીશ મારા પ્રાણ.

હે રાજા તમારી સ્ત્રી થઇ ચુકી છું માટે તમે વરશો તો ઠીક છે નીકર હું મરીશ એ રીતે કહીને કનકાવતી પોને પોતાના મહેલમાં ગઇ હવે સાવળીંગા માલણની વાટ જુંએ છે એવામાં માણ આવી તેને સાવળીં કહે કે મારા પ્રાણપ્રીય સદેવત રાજા નદી ઉપર આવ્યા છે માટે તેમની પાસે ઘોડો છે તે તારે ઘેર ઉતારજે પછી બાવાનો વેશ લેવરાવી મારા મોહોલે મોકલજે જ્યારે હું તેમને જોઇશું ત્યારે અન્ન પાણી લેઇશ સવારે માલણ પણ વખતે જાઇને બોલી વાત તો ખરી પણ મને ખરચી પાણી તે સાંભળી સાવળીગાએ શેઠની પેટીમાંથી પચાસ મોહોરો કડાડીને આપી તે લેઈ ખુશી થઇને માલણ કનકાવતીને મહેલ ફુલ આપવા ગઇ તેને કનકાવતી કહે છે મારા લાયક જેવો જોઇએ તેવો વર નદીને કિનારે આવ્યો છે તેન તેડી લાવીને મારી સાથે પરણાવીશ તેતો તારો ગુણ નહિ ભુલુ એમ કહી એક હજાર રૂપિયાનો દાગીનો માલણને આપ્યો તે લેઇ કહે કે બાઇ કાંઇ ફીકર રાખશો નહી આજ હું તે જ કામ કરવાની છુ એમ કહી માલણ ઘેર આવી તેનો ધણી કહે રાંડ આટલી બધી વાર કેમ થઇ તે વારે માલણે પેલો અવેજ દેખાડયો એટલે માળીભાઇ તો રાજી થઇ કહે છે કે હવે હું કદી કંઈ નહી કહું ને હવે તારી નજરમાં અવે તો કોઇ હૈયાનો ફુટલો અ ખીસ્સાનો તર હોય તેની દોસ્તી કરીશ આપણે ઘેર તેડી લાવજે પછી તેને ખાઇને બોખું કરીશું માળીની એવી રજા મળી તેથી માલણ તો તે જ વખતે બેડું લઇને નદી ઉપર આવીને સદેવંતને જોઇ ચાળા કરવા લાગી સદેવંત વીચારે છે આ બધું ગામ આવું છે કે શું પણ જેના સારૂ આપણે અહીયાં અવ્યા છીએ તેને મેળાપ કેમ થાય જો ઘોડા ના હોત તો હું એકલો ગામમાં ત્યાં ફરીને ખબર કહાડત એવી રીતે વિચાર કરે છે એટલામાં માલણ પાસે આવીને પુછે છે . કીયારે દેશના તમે રાજવીને બળા કીયાંરે તમારા ગામ

શ્યારે કારણુ તમે આવીયારે વળીશું કામ

હે મહારાજ તમે ક્યા દેશના રાજા છો ને અહીંઆં શા કામે આવવું પડયું છે માલણના વચન સાંભળી સદેવંત કહે છે.

નથી અમે રાજવીને વળી છેટે અમારાંરે ગામ
આવ્યા છીએ પરદેશમાંને ભુંડી ચાકરી રહયદનુરે કામ

હે સ્ત્રી અમે રજા નથી પણ પરદેશમાં ચાકરી કરવા આવ્યા છીએ તે સાંભળી માલણ કહે છે

ચાકર જોગ નથી સાહીબાને વળી સોસો નોકર તમ ઘર હો,
આવ્યા છો કુળવંતીને કારણે વળી અસત્ય વચનાં શું કહો

હે મહારાજ તમે ચાકર જોગ નથી ને તમે જે કારણે આવ્યા છો તે હું જાણું આવાં માલણનાં વચન સાભળી સદેવંતને ખાત્રી થઇ કે નહી એણે મોકલેલી પણ એનું નામ એની પાસે દેવરાવુ પ-હેલું કહીશ તો પછી એ નહી હોય ત્યારે ફજેતી થશે માટે તેને જ પુછું એમ કહી કહે છે.

સોહલો:—કોણે નગરમાં રાજ કરે અને કોની કોની દવાઇ ફરે
તારા શેહેરમાં સુખીયાં કોણ કોણ છે તે વાત મુજ આગળ કહે
હે સ્ત્રી નગરમાં કોણ રાજા રાજ્ય કરે છે ને કોની દવા
ઇઓ ફરે છે તારા શહેરમાં સુખીયા દુખીયા કોણ છે તે મને કહે
માલણ સદેવંતનું કહેવું સાંભળીને કહે છે.

રાજા વીરમદે રાજ કરે, પૃથુરાજની દવાઇ ફરે;
એક દુખીયારી રૂપાશાની નાર, તેના તમો લાગો છો અણુસાર,

હે મહારાજ આ ગામમાં વીરમદ રાજા રાજ્ય કરે છે ને પૃથુરાજની દુવાઇ ફરે છે દુખીઆરામાં એક રૂપાશા શેઠની સ્ત્રી સા-વળીંગા છે તેના તમે પરમ પ્રીય છો આવાં માલણનાં વચન સાંભળી સદેવંત હશી પડયો ને કહે છે હવે તું મને તારે ઘેર લઇ જા પ્રથમ

તો મારા મનમાં એવું આવ્યું હતું કે હમણાં એક આવીતી તેવીજ તું હઇશ પણ હવેથી તને મારી બેન ગણીશ.

તુને આજથી મારી બેન ગણુ, ને તારા સાસરીયામાં વડાઇજ કરૂ;
નવું પહેરાવું દક્ષણનુ ચીર, કરી લે મને વાલેસરી વીર.

માલણ સદેવંતને કહે છે મારે તો ચીર જોઇતું નથી પણ એક વચન આપો ત્યારે સદેવંતે વચન આપ્યું માલણ કહે એ વાત કરવી નહી. માલણ કહે ત્યારે તમે સાચા બોલા નથી સદેવંત કહે એક વખત મને સાવળીંગા મળે તે પછી એને પરણીશ માલણ કહે તમે ગમે ત્યારે પરણજો પણ એને પરણશો તો તમારૂ કામ થશે કેમકે એ રાજાની કુંવરી છે ને તમે તેની ઓથે જશો તોજ સાવળીંગાની વલે કરશો પછી માલણ સદેવંતને લેઇ પોતે અગાડી ને રાજા પછાડી એવી રીતે ઘેર આવે છે ત્યારે પોળના લોકો સદેવંતને પુછે છે કે ભાઈ તમે કોણ છો ત્યારે સદેવંત તેમને જવાબ દે છે

અમે જાતના સોદાગર છીએ, આ બાઇના પીયરમાં રહીએ;
મારે એને ફળીઆ ઢાળજ છે, ને તે માટે મને ભાઇ ભાઇ કહે.

સદેવંત આવી રીતે તે લોકોને જવાબ આપતો માલણની પાછળ પાછળ તેને ઘેર ગયો માલણે નહાવા સારૂ ઉનુ પાણી કરી નવરાવ્યો ને રસોઇ તઈયાર કરાવી કહયું કે મહારાજ જમવા ચાલો ત્યારે સદેવંત કહે કે હું તો તેને નજરે જોઇશ ત્યારે અનપાણી લેઇશ નહી તો લેનાર નથી માલણ કહે કે મહારાજ તમે જમો તો ખરા એને તો જોગી થશો ત્યારે દેખશો પછી સદેવંત કહે જોગી થઇ એને જોઇ આવું પછી જમીશ માલણ કહે એમ કરો પછી સદેવંતે પોતાના શરીર ઉપર ભભુત ચડાવી દીધી ને માથાના વાળ છુટા મુકી હાથમાં ઝોળી ઝંડો લેઇ પોતે અબધુત બની તઇયાર થયા

પછી માલણ કહે છે કે તમે તેના મહેલ આગળ બેરીકરથી જજો કોઇ તમને રોકશે નહી કેમકે તમારે સારૂ, તો એ સદાવૃત્ત આપવાનું માંડી બેઠી છે માલણનું વચન સાંભળી પોતે શેહેર ભણી ચાલ્યા

ચોપાઈ—છુટે કેશે કોઇ, નગરમાં ચાલીયા;
ભભુત ગોળા હાથ બાજે નાથે ઝાલીયા.
અછત વાળા અતિત, નગરમાં ચાલીયા;
સારા શેહેરના લોક, ચાકરે ચડાવીઆ.

જ્યારે સદેવંત આવા ડોળથી સાવળીંગાના મેહેલ આગળ સોનેરીયા ચોકમાં જઈ અલેખ જગાવ્યો ત્યારે સદેવંતનો અવાજ સાંભળી સાવળીંગા વિચાર કરે છે.

જોતો મારો શ્યામ તે તો નિશ્ચે કદી જાણીએ;
આવો હવે કરીએ એકાંત, સાકરો વેંચીએ.

જ્યાં સાવળીંગા ઝરૂખે આવી જુએ છે તો સદેવંતને દીઠો પછી ખુશી થઇ રાજાને કહે છે.

પગરે પ્રમાણે પેહેરી ચાખડીને, રાજા છુટારે મેલ્યા જોને કેશ,
સુણ રાય સદેવંતરે, તેં તો ભલો ભજાંવ્યો વેશ.

હે મહારાજ તમે માસ કળા પ્રમાણે બરોબર જોગીનો વેશ ભજવ્યો છે પછી સદેવંતસાવળીંગાને શણગાર સજેલાં જોઇ કહે છે

ભારે રૂપ જોને આગળીરે. તારા મનમાં નથી જોને ટેક;
સુણ રાણી સાવળીંગારે, તેં તો ભલો બગાડયો મારો ભેખ.
ચોપાઈ—સજ્યા છે સોળ શણગાર; વળી પાડયાં છે પટીયાં
જોયાં પ્રીતોનાં પરિયાણ છુટી હોય લટીયાં.

હે સ્ત્રી તેં તો મારા ભેખને એબ લગાડી કેમકે જો મેં જોગીનો વેશ લીધો તો તારે મારી માફક દીલગીરીમાં રહેવું જોઇતું હતું પણ તેં તો શણગાર સજીને વળી પટીયાં પાડયાં છે માટે જો સાચી પ્રીત

હોય તો છુટાં રાખવાં જોઇએ આવાં સદેવંતનાં વચન સાંભળીને સાવળીંગા કહે છે.

સજ્યા છે મેં લોક લાજને કાજ, પાડયાં છે પટીયાં,
હઇયામાં ઝાઝી છે હામ, છુટા છે લટીયાં.

હે મહારાજ મેં તો ઉપરથી લોકોને દેખાડવા સારૂ શણગાર સજ્યો છે ને પટીયાં પાડયાં છે પણ મારા હઇયામાં તો છુટેલાંજ છે એવી વાત કરે છે એટલામાં એની નણંદ લીલાવતી આવીને કહે છે કે જમવાની વખત થઇ છે ને તમે કેમ બેશી રહ્યાં છો સાવળીંગા લીલાવતીને જોઇ મનમાં (વળી આ પાપ કયાંથી આવ્યું) હવે રાજા સાથે વાત થશે નહી ને વરસાદ આવવા માંડયો માટે તેને કોટ આ-પવાનું કહી હેઠે જઇ વાત કરી આવું એવું ધારી નણંદને કહે છે.

મેહુલો વરશે કાળીધાર, બાળો જોગી ઉભો છે દ્વાર;
બાળો જોગી બહાર ભીંજે, ને કહો તો બા અમે ભીક્ષા દીજે

હે બાઇ આ જોગી બહાર પલળે છે તેને કહો ભીક્ષા આપી આવું લીલાવતી જોગીનું નામ સાંભળી ઝરૂખે જુવે છે, તો કોઇ મહા તેજસ્વી રાજ્યહંસ જેવો દીઠો.

કવીત—તારકી જાતમાં ચંદ્ર છુપે નહી રવી છુપે નહી બાદલ છાયા;
રાડ રડે રજપુત છુપે નહી, દાતા છુપે ન ઘર મંગન આયા,
ચંચલ નારીકો નેન છુપે નહિ પ્રીત છુપે નહી પીઠ દેખાયા;
કવી ગંગ કહે સુણ શાહ અકબ્બર કર્મ છુપે નહી ભભુત લગાયા.

પછી લીલાવતીએ મનમાં ઓળખ્યો કે મને એના પીયરમાં ધક્કો માર્યો હતો એવો છે એવું ધારી ગેશ કરી સાવળીંગા કહે છે.

સોહલો:—બાળો નથી એ બાવનવીર, ને ઉતારો વહુ એ તમારાં ચીર
જોને બન્યો છે દીલે લાંઠ, ને એવા તો લંગોટા ફરે સોને સાઠ

હે ભાભી તમે તો જાણતાં હશો કે કોક જોગી છે પણ એતો

કોક ઠગ છે છે સાવળીંગા કહે આપણે શું ગમે તે હોય આપણે તો
તેને અભ્યાગત જાણીને આપવું છે આવું સાંભળી લીલાવતીને રીસ
ચઢીને શિપાઈને બોલાવીને કહયું કે આ જોગીને મારી કહાડોને હવેથી
કોઈ પણ ભીખારીને અંદર આવવા દેશો નહી પછી સિપાઈએ સદે.
વંતને ધક્કા મારીને કહાડયો હવે સદેવંત સાવળીંગા ઉપર ક્રોધ કરીને
કહે છે. કે રાંડે મને ધક્કા મરાવ્યા પછી માલણની પાસે જઈ બધી
હકીકત કહીં માલણ કહે તું જમી લે ને હું એની પાસે જઈ તને
કાલે મળે એવો બંદોબસ્ત કરી આપીશ પછી સદેવંતે ખાધુ હવે
માલણ ફુલ લેઈ સાવળીંગાના મહેલે ગઈ સાવળીંગાએ માલણને જોઈ
એટલે તેના ખોળામાં માથું મુકી ધુશકે રોવા બેઠી અને કહ્યું કે
મારી નણંદે એમને કહાડી મુકાવ્યા અને સીપાઈને હુકમ કર્યો કે
હવેથી કોઈ ભીખારીને પેસવા દેશો નહીં માલણ કહે તું શીદ ચીંતા
કરે છે એવા તો સો ઉપાય કરી તારા મોહોલે મોકલશું સાવળીંગા
કહે એ વાત ખરી પણ મેં શેઠને સાત દીવસનો વાયદો કર્યો હતો
તે સાત દીવસ આજ પુરા થશે માટે કેમ કરવું હવે તો કાંઈ ઉપાય
ખોળ નહી તો મરવું પડશે તે સાંભળી માલણ કહે તું એમ કરજે કે
શેઠ તારી પાસે આવે તે વારે કહે જે કે મેં સાત દીવસના નીયમ
લીધો હતો પણ હવે મારી આટલી હુંશ પુરી કરો કે આપણે
બાગમાં ઉજાણી જઈએ ત્યાં સોગટાં બાજી રમી જમીને ઘેર આવ્યા
પછી તમે કહેશો તેમ કરીશું પછી શેઠને કેફ ખવરાવીને બાગમાં
સુતો મુકીને હું અને સદેવંત બાગની પાછળ બેસીશું તે પછી તું
મારી પાસે આવજે એટલે સરવે ઉપાય કરીશ હવે માલણના કહ્યા
પ્રમાણે સાવળીંગાએ શેઠને કહયું પછી શેઠે પણ મોહને લીધે હા
કીધી બીજે દીવસે એક શેઠ એક બે ચાકર અને સાવળીંગાને સાથે
લેઈને બાગમાં ગયા છે હવે રસોઈયો રસોઈ કરે છે ને શેઠ તથા

સાવળીંગા બાજી એસે છે. તેમાં સાવળીંગા દોહરા બોલતી જાય છે ને સદેવંત બાગની પાછળ બેઠા છે તે સાંભળે છે.

દોહરો—સાવધાન થઈ સાંભળોને, વળી બેઠા બેઠા જોને અહાર;
તમ કારણ અમે આદર્યું, ને વળી પડ પાસા પોબાર,

ચોપાઈ—સાંભળ મારૂ વેણુ, તું મનમાં સાચુ ધાર;
જેમ બને તેમ જલદી કરો, પડ પાસા પોબાર.

તે સાંભળી સાવળીંગા કહે છે.

દોહરો—હવે ઉતાવળ મત કરો, ને વળી ઝાઝી નથી કાંઇ વાર;
દવાઇ જોગે મેળો થશે, ને વળી પડ પાસા પોબાર.

તે સાંભળી સદેવંત કહે છે.

દેહરૂ દીઠું જોને દેવનું, ને વળી દરશન કરવારે જાય;
દરશન તો પરસન નહી, ને વળી પડ પાસા પોબાર.
હંસ ગયો સરોવર તીરે, ને વળી અમરીત દીઠું સાર;
દીઠું પણ ચાખ્યું નહી, ને વળી પડ પાસા પોબાર.

એવી રીતનું બંનેનુ સામસામુ બોલવું સાંભળીને શેઠ કહે છે એ કોણ બોલે છે? એટલે સાવળીંગા કહે છે કે આ બાગનો દેવ છે તે અદ્રષ્ટ થઈને બોલે છે પણ તે આપણને વીઘ્ન કરશે પણ તમે કાંઇ ડરશો નહી લ્યો આ ગોળી મારી પાસે છે તે ખાઓ એટલે કાંઇ બીક લાગશે નહી આ ગોળી મારા બાપને ઘેરથી વિદ્યાના બળવાન પાસેથી મંગાવીને લાવી છું તે ખાય તો કોઇ ભુત પલીતથી બીહે નહી એમ કહીને માલણની આપેલી કેફની ગોળી આપી તે શેઠે ખાધી એટલે થોડી વારમાં બેભાન થઇને ઉંઘવા લાગ્યો પછી સાવળીંગા દીશાએ જવાનું બાનુ કરીને સદેવંત. પાસે ગઇ ને શેઠ તો પડી રહ્યો પછી સદેવંતને સાવળીંગા બેને માલણ તે રાજાની કુંવરી કનકાવતી પાસે તેડી ગઇ રાજાને આવતો જોઇને સાવળીંગાને અને

રાજાને પલંગ ઉપર બેસાર્યા પછી ત્રણે જણુ વાતો કરવા લાગ્યા હવે સદેવંતની હુંશીયારી જોવાને કનકાવતી સમશ્યાઓ પુછે છે.

સોંઘામાં સોઘુ કયું, ને રાજા વહાલામાં વહાલું શું હોય;
દેખતામાં દેખતો કીયોને, રાજા અંધમાં અંધ જોને કોય.
વૃદ્ધમાં શું હસવાપણું, ને રાજા કીયા ગાયનમાં ગુણુ;
અતી સુખ શેમાં રહયું, ને વળી સુખે સુવેરે નહી કુણુ;

તે સાંભળી સદેવંત કનકાવતીને ઉત્તર આપે છે.

રાજા કહે રાણી સાંભળોને, વળી પુછયો તેનોરે પાર,
અકલ નથીરે કાંઇ એવડીરે, રાણી રાખજો તમે મારો ભાર;
સોંઘુ જે મફત મળેને, વળી જીવથી વહાલુ નહી કોઇ;
જ્ઞાની આખે દેખતો ને, વળી અજ્ઞાની અંધજ હોય;
હસવી વૃદ્ધની વરણાગી, ને વળી ગુણુ હરીગાયન માંય;
સુખ અતિ સંતોષમાં, ને વળી કંજુસથી સુખે કેમ સુવાય.

હે રાણી તમે પુછયું તેનો આ જવાબ તે સાંભળી કનકાવતી ફરી પુછે છે ને સદેવંત ઉત્તર આપે છે.

ગાય વીયાણી ગાંદરે, ને રાજા વાછડુ વાડારે માંય;
દોનારી ઝુલે પારણે, ને તેનાં છોરૂડાં લશ્કર માંય.
શુરો રણુ સંગ્રામે ચડે ને, વળી શસ્ત્ર તે બાંધે સાર;
બંધુક ગોળી જામગીરીરે, રાણી પુછયાનો તે તો પાર.
પડી પડી પણ ભાગી નથી ને કકડા થયા બે ચાર;
વગર પાંખે ઉડી ગયા, ને રાજા તેનો કરોને વિચાર.
ભોગી પુરૂષને ભાવતી, ને ભુંડી જગત વિશ્રામ જેહ;
સુર્ય પછા ચંદ્ર ભોગવેરે, રાણી રાત કહી તમે તહ.
લંક લપેટણુ સીતાહરણુ, રાજા નહીરે લંકાપતી રાય;
જીસ કારણુ કઉરવ હણ્યાને, તમે મુજરી મંગાવો માચી નાવ.

સઉથી સરવ વખણાય છે, રાણી મલકાપર માલ હીર;
રાની પુછો પ્રેમથીરે, એતો કામની ઓઢણ ચીર.
અંગ કાળું ને દાંત ઉજળા. ને વળી ચાલે ધીમેરે ચાલ,
સાસુ વહુ ને દીકરીરે એમાં ત્રણેનો એક ભરથાર.
સોળ સજે કામનીને, તેમાં રૂડોરે એ શણગાર;
ગજદંત ચુડો દીપતોરે, કામની કરે શોભે સાર.
સોપારી જેવડું સારંગડુ, વળી તલનો ત્રીજો ભાગ;
એ સારંગડે બે રત્ન જડયાં; એક ધરતી ને બીજું આભ,

આંખની કીકી.

નગરમાં જોને નાગી ફરે, ને વળી વનમાં પેહેરે જોને ચીર;
તે માંહેનાં ફળ લાવજો, મારી સગીરે નણંદલના વીર.

સોપારી.

હે રાણી પુછવાની ઇચ્છા હોય તો પુછો કનકાવતી રાજાનું વચન સાંભળી ખુશી થઇ અને વહાણાનું પહોર થયું એટલે પોતાના પીતાની પાસે જઇ કહે કે હે પીતા જે હું જળદેવતીને ઇચ્છાવર વરવાને રોજ ગાગર બેડીયાં પુજતી હતી તેથી મને મારી મરજી પ્રમાણે વર મળ્યો છે. વીરભદ્ર રાજા કહે છે કે કોણ છે ? કનકાવતી કહે રાજા શાલીવાહનનો કુંવર સદેવંત આપણા નગરમાં આવ્યો છે રાજા કહે અહીયાં તેને એકલો આવવાનું શું કારણ છે ? તેના શહેરના નગર શેઠની કુંવરી સાવળીંગા કરીને આપણા ગામમાં રૂપાશા શેઠ પરણીને લાવ્યા કહે છે પણ તે પરણી નથી કેમકે તે કુંવારી હતી તે વખતથી સદેવંતને વરી ચુકી હતી તેથી કપટથી એક દાસી સાથે પરણાવ્યો હતો તો પણ ત્યાર પછી સદેવંતને તેને મેળાપ થયો નહી તેથી તેને રૂપાશા અહીં લાવ્યા હતા પણ હાલમાં તે સદેવંત

પાસે આવી છે ને આપણા મહેલમાં તેમને મેં બેસાર્યાં છે માટે મને પણ તેમની સાથે પરણાવો હું પણ મનની સાથે સદેવંતને વરી ચુકી છું પછી રાજાએ તે વાત કબુલ કરી પણ સાવળીંગા પરણી નથી તે વાતની ખાતરી કરવાને રૂપાશા શેઠને બોલવીને પુછયું ત્યારે તો કહે જે હું પરણયો છું સાવળીંગા કહે દાસીને ના પરણયો હોય તો દેવજી ગોરને બોલાવો ને પુછો તે બધુ કહેશે પછી રાજાએ શેઠને કહ્યું કે કેમ કરવું કે શેઠે વિચારયું કે જેનું દીલ મારા ઉપર બીલકુલ નથી તેમ છતાં ઘેર આવવાની નથી ને જબર જસ્તીથી તેડી જઇશ તો આખર મોતની નીશાની છે જોને એક વારતો કેફ ખવરાવીને ગઇ તે બીજે દહાડે માલુમ પડી માટે જવાદે વળી બીજી પરણીશું એમ ધારી શેઠ કહે એની ખુશીમાં આવે તેમ કરો તેમાં મારી કાંઇ અડચણ નથી એમ કહેવાથી રાજાએ જાણ્યું કે આ કુંવારીજ છે પછી રાજાએ પોતાની કનકાવતી કુંવરીને તથા સાવળીગા બંનેને મોટો ઓછવ કરીને પરણાવી પછી રાજાએ એક મહેલ તેમને રહેવા સારૂ જુદો આપ્યો તે માંહે બંને સ્ત્રીઓની સાથે સદેવંત ખુબ રંગભોગ કરતાં કેટલાએક દીવસ થયા પછી સાવળીંગા કહે હે સ્વામી હવે આપણે આપણા શેહેરમાં જઇએ તો ઠીક એવું સાંભળી સદેવંત રાજા વીરમદેની પાસે રજા માગી કે હવે અમને અમારે દેશ વીદાય કરો પછી રાજાએ તેમને ઘોડા હાથી ગાડીઓ વીગેરે આપ્યાં ને લોકો દાન લેવાને સદેવંતની પાસે આવ્યા છે તે તરેહ તરેહના સવઇયા તથા છપા અને નકતા બોલીને સદેવંતને ખુશી કરે છે તે નીચે મુજબ.

કુંડળીઆ.

કહે દીન દરવેશ, હુકમ બીન પાંહ ન અસંદા
કરણહાર કીરતાર, તુહી કાયા કરેહી બંદા.
બંદા જુઠ હે, મત સચ્ચી કર માન;

કહાં અકબરખાન ભલુકી રહે ભલાઇ;
રૂતે ગંગત દે, કઢી ઉઠ ચલના ભાઇ;
બંદા બહોત ન ફુલીએ ખુદા ખમેગા નહી:
જોર જુલમ ન કીજીએ, મરત લોકકે માંહી,
મરત લાકકે માંહી, તુજરબા તુરત બતાવે;
જે નર કરે ગુમાન, તેહી નરે ખતા ખાવે;
કહે દીન દરવેશ, સમજ લે ગાફલ ગંદા;
ખુદા ખમેગા નહી બહોત મત ફુલીએ બંદા;
કલજુલ અંધે રાજ્યમેં, આયો અંધારો ઘોર;
ચીર કરે કોટવાલકુ, ઉલટા દંડે ચોર.
ઉલટા દંડે ચોર, જોર કોટવાલ ન ચાલે:
શાખા જીર વજીર, લાંચ લઇ અન્યા બોલે,
કહે દીન દરવેશ, ધરમકો રહે ન પઇચો,
ગરીબ મારયો જાય: રાજ્ય કલજુગકો આયે.
પવધએકે શહેરમેં, પાતરે કરી દુકાન,
તેલ જલાંયા ગાંડકા, કછુ ન પામી માન,
કછુ ન પામી માત, પાતર દીલમેં ખુબ રોઇ.
એ ભડવેકે શહેરમાં. નીરત અપની ખોઇ.
કહે દીન દરવેશ, ભેખ ભવાઇયાકા;
તું ના સમજી નાર, શહેર હે પવઇયાકા.
દોહરો—પુરૂષ સુખ કારણુ સાયર તજો, અગર બંબકો હેત.
ભટકત પણ પહોંચત નહી, પલક પલક જીવ હેત.
સાી—રહો રહો મોતી છીપકે તું કયું ડરતા હીર;
જીસકે દરપત જો રખે જીસકે સાતસો મનકા તીર.
હાથીને કહે છે.

દધીશર તેરે ગીર બસે, રણું કહાફન શુરે;
તીન લોક થાન કરે, તું કયું ડારત ધુર.

જવાબ—દધીશર તો સરપણ ભયા, દંત બાજ કીયો મુંડ;
ગજ ચાલ લે ગઈ પદમણી શીરપદ ડારત ધુર.
દુર પટકું મેરી આંખકું, કરમ કચ હો જાય,
કયા કરૂ વેરી નેણકું, મન પહેલા મીલ જાય.
નેણ તું દીસે પાપીઆ, થાય રૂદનકો વાસ;
જેતી દેખત સગીયાં, તે શું બોધત આજ.
નેણ પદારથ નેણુ રસ, નેણ નેણ મીલંત;
અજાણ્યાકી પ્રીતડી, પહેલાં ને કરંત,
નેણ મારે તો નેણુ કરો, નીતો તારાં નેણુ નીવાર.
મેં ભરખ તું પારધી. મત બોત બાણ મત માર.

કવીત—કાજલકી કાલી રેખ, દાંતુએ બીરાજે મેખ;
કરમકા એસા લખ્ય દેનારકુ ધાઇએ.
ચલતી ધજકી ચાલ મૃગાનેની ઝાલમાલ;
કેસર ગુલાલ ફુલ, પુજાકુ આઇ હે.
ચંદ્રજળ પહેરે ચીર, નીલજાતો દીસે નીર;
એસી તો સ્વરૂપ રૂપ રંભા હેલી આઈ હે,
કેત હેં કનકસેન કોકીલાસે બોલી બોલ;
હમસે નહી બોલે તોબી રામકી દુવાઈ હે.
કુપાત્રકી પ્રિત કેસી ખાત બીન ખેત જેસી;
મહોબત માન કેશી વાંકું ચીન્હ જાણીએ.
મુછ બીન મરદ કેસે, શુદ્ધ બીન નાર જેસે;
ફોજ બીન તોપ કેસે, શુદ્ધ બીન હુસન જેસે.
દોલત બીન દાન દે, વાલેકુ દેવ કરી માનીએ;

કેત હે ફકીરહીન મનુષકો તોલ ઃ
ઈંદ્રાવજય-સવઈયા-

કેશ દીયે શીર શોખકે કારણુ, નેણુ દીયે જુગ દેખનકુ;
દાન દીયે કુછ બાત સુનાવત, નાક દીયા કુછ બાસનકુ;
હાથ દીયે કુછ દાન કે કારણુ, પાઉ દીયે પંગ ચાલનકુ,
કવી ગંગ કહે સુણુ શાહ અકબર પેટ દીયા પત ખોવનકુ. ૧
ભુખ કુલીન કરે અકુલી નર ભુખ ધરો ધર ભીખ મંગાવે
નીચકી ચાકરી ભુખ કરાવે નીરમલ વંશકુ મેલ લગાવે,
ભુખ ભમાવે વિદેશ વિપદમાં દિન દુખ સમ તુલ્ય કહાવે.
કવી ગંગ કહે ભુખસમ નહી દુખ પાપીણી ભુખ અભક્ષ કરાવે. ૨
જોગીયા સીધી કલંદર તાપસ એહી ડાંગ રેખ મારે કછોટી,
ાપર મુદર મુસાફર જંગમ શેખવહિ મગ માટતી ગાટી.
જોગી જાપ જપે નિરંતર થાકી કિરત હે જગમે માટી
સોકો હે ઉસ દાસ નિરંતર રોટી બીના સબ બાત હે ખોટી, ૩

હવે જે જાચક તથા ભાટ વિગેરે જે લોકો દાન લેવા આવ્યા હતા તે લોકોએ ઉપર લખેલા દોહરાને છપ્પા વગેરે ગાઇ સંભળાવી સદેવંતને ખુશી કયા તેથી સદેવંતે તેમને ખુબ રૂપીઆ વગેરે દાન આપ્યું પછી પોતાને ઘેર જવાને તેણે રથ ચાલતો કર્યો તેમાં બે સ્રીઓ કનકાવતી ને સાવળીંગા તથા સદેવંત એ ત્રણે એક રથમાં બેઠાં અને બીજા સ્વારો હાથી તથા ઘોડા તથા ગાડીઓમાં બેસીને ત્રીજે દીવસે સદેવંત પોતાના બાપના ગામની ભાગોળે આવીને પોતાના બાપને સરવે હકીકત સાથે ખબર કહાવી પછી થોડો ગુસ્સે થઇ વીચાર કર્યો કે મારે એકજ કુંવર છે માટે તેની મરજી પ્રમાણે ચાલવું એમ ધારી પોતે સદેવંતના સામા ગયા ને પોતાને મહેલે તેડી

આવી સદેવંતની માતાએ બે સ્ત્રીઓને તથા સદેવંતને હરખ ભેર પોંખી લીધાં.

ચોપાઈ—ધીધી વાગ્યાં ઢોલ. શહેર પોતાને આવીયાં,
આવ્યા મેહેલના માંય, મોતીડે વધાવીયાં,
આવ્યા ગરબાના કોય, દુખ સરવેનાં કાપીયાં,
સરવે રાણી શીર મોડ, સાવળીંગા પાટોધર થાપીયાં;
થડ થડ થડકે કોય, ઇશ્વર એમ કહી ગયાં

દોહરો—અષ્ટ જન્મની વાત આ, વાંચો સ્નેહ સહિત,
પણ સુનિતિને વશ રહે, તે પુરો પંડત.

ઈતિશ્રી સદેવંત સાવળીંગાની વાર્તા

સમાપ્ત.

ધર્મ વિજય પ્રેસ, **અમદાવાદ.**